અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૦૨ સપ્ટેમ્બર ૨૦૨૩, શનિવાર
વિક્રમ સંવત ૨૦૭૯, નિ.શ્રાવણ વદ ત્રીજ

વર્ષ : ૧૫
અંક : ૩૮

તંત્રી : પટેલ સુરેશ રમણલાલ
અમદાવાદ

કિંમત : રૂા. ૨.૦૦
પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. ટેલિફોન : ૦૭૯-૨૬૭૬૫૭૩૩ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886

## તહેવારોની સિઝનમાં સ્થાનિક પુરવઠો વધારવાનો સરકારનો પ્રયાસ

## વરસાદની અછતના કારણે ઘઉંના પાકોમાં અછત : ભારત ઓક્ટોબરથી ૧૧ મહિના સુધી ખાંડ નિકાસ પ્રતિબંધિત કરી શકે છે, અરબ દેશોમાં ચિંતા

# ૭ વર્ષમાં પહેલીવાર ભારત ખાંડની નિકાસ ઉપર પ્રતિબંધ લગાવશે

। નવી દિલ્હી, તા.૧ ।

વરસાદની અછતના કારણે ઘઉંના પાકોમાં અછત આવી અને આગામી તહેવારોની સીઝનમાં ઘરેલુ પુરવઠો વધારવા માટે સરકાર ખાંડના નિકાસ પર પ્રતિબંધ લગાવી શકે છે. સમાચાર એજન્સી રૉયટર્સના એક રિપોર્ટ મુજબ, સરકારના સૂત્રોએ માહિતી આપી છે કે, ભારત ઓક્ટોબરથી આગામી ૧૧ મહિના સુધી ખાંડ નિકાસ પ્રતિબંધિત કરી શકે છે. ૭ વર્ષમાં આ પહેલીવાર હશે જ્યારે ભારત ખાંડ નિકાસ પર પ્રતિબંધ લગાવશે.

જ્યારથી આ માહિતી સામે આવી છે કે ભારત આગામી મહિનાથી ખાંડ નિકાસ પર પ્રતિબંધ લગાવી શકે છે, ત્યારથી અરબ દેશોની ચિંતા વધી ગઈ છે. કારણ કે ભારત પહેલાથી જ ચોખા અને ઘઉંની નિકાસ પર પ્રતિબંધ અને ડુંગળીના નિકાસ પર મોટા ચાર્જ લગાવ્યા છે, જેનાથી અરબ દેશોમાં આ વસ્તુઓની મોંઘવારી ચરમ પર છે. ખાંડ નિકાસ પર પ્રતિબંધના નિર્ણયથી અરબ દેશોમાં ખાંડનો મીઠો સ્વાદ પણ કડવો થઈ શકે છે.

સાઉદી અરબની ન્યૂઝ વેબસાઈટ અનુસાર, ભારત દ્વારા ખાંડ નિકાસ પર પ્રતિબંધ અરબ દેશો માટે એટલા માટે પણ એક ચિંતાનો વિષય છે, કારણ કે ભારતના કુલ ખાંડ ઉત્પાદનની અડધી નિકાસ અરબ દેશોમાં થાય છે. ખાંડ પહેલાથી જ કેટલાક વર્ષોના ઉચ્ચતમ સ્તરે છે. તેવામાં ભારતમાં શેરડીના ઉત્પાદનમાં અછત વૈશ્વિક બજારમાં ખાંડના ભાવમાં વધારાનું કારણ બનશે. જેનાથી વૈશ્વિક બજારો ખાસ કરીને અરબ દુનિયામાં મોંઘવારી વધવાની પૂર્ણ



સંભાવના છે, કારણ કે અરબ દેશ સૌથી વધુ ખાંડ ભારતથી આયાત કરે છે. જૉર્ડનમાં સંયુક્ત રાષ્ટ્ર ખાદ્ય અને કૃષિ સંગઠનના પ્રમુખ સલાહકાર ફાદેલ અલ-જુબીનું કહેવું છે કે, 'કેટલાક અરબ દેશ એવા છે જે ખાંડના ભાવમાં વધારાના ઝટકાને સહન નથી કરી શકે અને તેનાથી આ દેશોના આયાત, સ્ટોક અને સામાન્ય લોકો સુધી અસર પહોંચશે. તેવા સમયમાં તેમનો સ્થાનિક ચલણ પણ નબળું છે. તેનાથી અરબ દેશોમાં મોંઘવારી હજુ વધશે. એટલા માટે આ દેશોએ પહેલા જ જરૂરી પગલા ભરવાની જરૂર છે.' ઈન્ટરનેશનલ ટ્રેડ સેન્ટરના આંકડા અનુસાર, ગત વર્ષ કતારે ૯૦ ટકા, યુએઈએ ૪૩ ટકા, બહરીને ૩૪ ટકા અને સાઉદી અરબ અને કુવૈતે ૨૮-૨૮ ટકા ખાંડ ભારત પાસેથી ખરીદી હતી. તેનાથી સ્પષ્ટ થાય છે કે, ગલ્ફ કોઓપરેશન કાઉન્સિલ (જીસીસી)ના તમામ દેશ ભારતીય ખાંડ પર વધુ નિર્ભર છે. તેવામાં ભારત દ્વારા નિકાસ પર પ્રતિબંધ લગાવવાથી અરબ દેશોની મુશ્કેલીઓ વધી જશે કારણ કે આ વચ્ચે આ દેશોને ખાંડ માટે નવો વિકલ્પ શોધવા સરળ નહીં હોય. બેંગલુરુ સ્થિત તક્ષશિલા ઈન્સ્ટીટ્યૂશનના સહાયક પ્રોફેસર અનુપમ મનુરનું કહેવું છે કે, 'ભારત તરફથી લગાવવામાં આવેલા પ્રતિબંધ અરબ દુનિયાને પોતાની જરૂરિયાતો પૂર્ણ કરનારા દેશોમાં વિવિધતા લાવવા માટે મજબૂર કરશે. પરંતુ વિકલ્પ બદલવામાં સમય લાગશે. તેવામાં સંભાવના છે કે, કેટલાક દિવસો માટે અરબ દેશોમાં ઉચ્ચ ખાદ્ય ફુગાવો જોવા મળશે.' હાલના વર્ષોમાં ભારત સૌથી ઝડપી વધતા ખાંડ નિકાસ દેશોમાંથી એક સાબિત થયો છે. ગત વર્ષ ભારત દુનિયાભરમાં ખાંડનો બીજો સૌથી મોટો નિકાસ કરતો દેશ હતો. ભારતે નાણાકીય વર્ષ ૨૦૨૨માં ૫૭૦ કરોડ ડોલરની ખાંડની નિકાસ કરી, જ્યારે ૨૦૧૭માં ભારતે માત્ર ૮૧ કરોડ ડોલર ખાંડની નિકાસ કરી હતી.

## ન્યૂઝ બ્રિફ

### બીગ બોસ-કપિલ શર્માના શો માટે ઓફર મળી હતી : સીમા હૈદર

। નવી દિલ્હી, તા.૧ ।

પાકિસ્તાની ભાભી નામથી દેશભરમાં મશહુર થયેલી સીમા હેદર શું હવે ટીવી પર જોવા મળશે? બિગ બોસ અને કપિલ શર્મા શોમાં આવવાની અટકળો બાદ આજે ખુદ સીમા હેદરે તેના વિશે કંફર્મ કર્યુ હતું. સીમાના એક વીડિયોમાં જાહેર કરીને કહ્યુ હતું કે તેને બીગ બોસ અને કપિલ શર્મા શો માટે ઓફર મળી હતી. આ પહેલા એક પ્રોડ્યુસરે સીમા પર ફિલ્મ બનાવવાની જાહેરાત કરી હતી. સીમાએ એક વીડિયો જાહેર કરીને એક વાત પરથી પડદો ઉતારી લીધો હતો તેણે કહ્યુ કે, આ બન્ને શો માટે ઓફર મળી હતી પરંતુ તેનો સ્વીકાર કર્યો નહોતો.

### મલયાલમ અભિનેત્રી અપર્ણા નાયર ઘરમાં મૃત હાલતમાં મળી

। નવી દિલ્હી, તા.૧ ।

મલયાલમ અભિનેત્રી અપર્ણા નાયર તેમના ઘરમાં મૃત હાલતમાં મળી આવ્યા છે. મળતી માહિતી પ્રમાણે ૩૧ વર્ષની અભિનેત્રીના મૃત્યુનું કારણ જાણી શકાયું નથી.એક્ટ્રેસે મૃત્યુના થોડા કલાકો પહેલા, પોતાની છેલ્લી પોસ્ટ ઈન્સ્ટાગ્રામ પર શેર કરી હતી. અપર્ણાના નિધનથી પરિવાર સહિત તમામ ફેન્સ અને સેલેબ્સ આઘાતમાં છે. અપર્ણાના પરિવારમાં તેમના પતિ અને બે બાળકો છે. એક્ટ્રેસે ઈન્સ્ટાગ્રામમાં પુત્રીની લાસ્ટ પોસ્ટ કરી હતી.

### વિવાહિત હોવા છતાં લગ્ન કરનારાની FIR રદ ન થઈ

## વિવાહિત હોવા છતાં બીજા લગ્ન દુષ્કર્મ જેવો ગુનો : બોમ્બે હાઈકોર્ટ

। મુંબઈ, તા.૧ ।

બોમ્બે હાઈ કોર્ટે પહેલેથી જ વિવાહિત હોવા છતાં લગ્ન કરનાર એક વ્યક્તિ સામે થયેલી એફઆઈઆરરદ કરવાનો અસ્વીકાર કરતા કહ્યું કે આ ફકત દ્વિવિવાહની શ્રેણીમાં જ નહીં પણ તેનુ આચરણ પણ બળાત્કાર જેવા ગુનાના દાયરામાં આવે છે. એક રિપોર્ટ મુજબ જસ્ટીસ નીતિન સામ્બ્રે અને રાજેશ પાટિલે ૨૪ ઓગસ્ટના રોજ એ વ્યક્તિની અરજીને ફગાવી દીધી હતી જેના પર પૂણે પોલીસે આઈપીએસની ધારા ૩૭૬ અને ૪૯૪ હેઠળ ફરિયાદ દાખલ કરી હતી. એફઆઈઆરમાં જણાવવામાં આવ્યું છે કે ફેબ્રુઆરી ૨૦૦૬માં મહિલાના પતિના મૃત્યુ થયા બાદ આ અરજદાર વ્યક્તિ મોરલ સપોર્ટના નામે તેની પાસે જવા લાગ્યો. બંને વ્યક્તિ વ્યવસાયે શિક્ષક છે. અરજદારે મહિલાને કહ્યું હતું કે પોતાની પત્ની સાથે બનતું નથી અને બાદમાં મહિલાને વિશ્વાસ અપાવ્યો કે તેમને પત્નીને છુટાછેડા આપી દીધા છે. આ પછી મહિલા અને તે વ્યક્તિએ ૨૦૧૪ની જૂનમાં લગ્ન કરી લીધા હતા અને ૩૧ જાન્યુઆરી ૨૦૧૬ સુધી સાથે રહ્યા હતા. બે વર્ષ સુધી એકસાથે રહ્યા બાદ અરજદાર વ્યક્તિએ તે મહિલાને છોડી દીધી હતી જેની સાથે તેના બીજા લગ્ન થયા હતા.

### મોદી સરકારને ઘેરવા વિપક્ષી મહાગઠબંધનની બેઠક

# ઈન્ડિયાની કોઓર્ડિનેશન સમિતિના ૧૩ સભ્યની જાહેરાત કરવામાં આવી

### સમિતિમાં સંજય રાઉત, સ્ટાલિન, ઓમર અબ્દુલ્લાહ, શરદ પવાર, તેજસ્વી યાદવને પણ આ સમિતિમાં સ્થાન

। મુંબઈ, તા.૧ ।

મોદી સરકારને ઘેરવા માટે આજે મુંબઈ ખાતે વિપક્ષી મહાગઠબંધનની ત્રીજી બેઠક મળી છે. આ બેઠકમાં કહેવામાં આવી રહ્યું કે, વિપક્ષી મહાગઠબંધનના સંયોજક અને લોગો અંગેનો પણ નિર્ણય લેવાય શકે છે. ઈન્ડિયાગઠબંધનના સાથી પક્ષોની મુંબઈમાં બેઠક ચાલી રહી છે. સતત બીજા દિવસે આ બેઠકમાં ઘણા મહત્ત્વના નિર્ણયો લેવાયા હતા. તેમાં ૧૩ સભ્યો સાથેની કોઓર્ડિનેશન સમિતિ બનાવવાની જાહેરાત કરવામાં આવી છે. જોકે હજુ સુધી સંયોજક અંગે કોઈ નિર્ણય લેવાયો નથી.

મુંબઈમાં ચાલી રહેલી બેઠકમાં ઈન્ડિયાગઠબંધને કોઓર્ડિનેશન સમિતિની જાહેરાત કરી દીધી છે. આ



૧૩ સભ્યોની કોઓર્ડિનેશન સમિતિમાં સંજય રાઉત, સ્ટાલિન, લલન સિંહ, મહેબુબા મુફતી, ડી.રાજા, ઓમર અબ્દુલ્લાહ, શરદ પવાર, કે.સી.વેણુગોપલ, તેજસ્વી યાદવને પણ આ સમિતિમાં સ્થાન આપવામાં આવ્યું છે. અભિષેક બેનરજી, રાઘવ ચઢ્ઢા, હેમંત સોરેનને પણ આ સમિતિના સભ્યો બનાવાયા છે. ઈન્ડિયાગઠબંધનના સાથી દળોએ બેઠક પૂર્ણ કર્યા બાદ સંયુક્ત પત્રકાર પરિષદને સંબોધી હતી. તેમાં વિવિધ નેતાઓએ તેમના મંતવ્યો રજૂ કરીને બેઠકમાં થયેલી ચર્ચા વિશે થોડી ઘણી માહિતીઓ આપતાં મોદી સરકાર સામે પણ નિશાન તાક્યું હતું. આ દરમિયાન કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાઅર્જુન ખડગેએ કહ્યું હતું કે મોદી સરકાર કોઈપણ વસ્તુના ભાવમાં એક સાથે ૧૦૦ રુપિયાનો વધારો કરે છે અને પછી લોકોને રાહત આપવાના નામે માત્ર રૂપિયા ૨નો જ ઘટાડો કરે છે. તેમણે કહ્યું કે મોદી સરકાર ઉદ્યોગપતિઓ સાથે જ ચાલે છે. બંધારણીય સંસ્થાનોનો સત્યાનાશ કરી રહ્યા છે.




### ૧૯૮૬ બેચની આઈઆરએમએસના ઓફિસર

## જયા વર્મા સિન્હાને રેલ્વેના અધ્યક્ષ-સીઈઓ બનાવાયા

। નવી દિલ્હી, તા.૧ ।

આજના આ યુગમાં દેશમાં મહિલાઓ દરેક ક્ષેત્રમાં પુરુષને ટક્કર આપી રહી છે. ભારતમાં તમામ ક્ષેત્રે મહિલા ભાગીદારી વધી છે ઉપરાંત મહિલાઓ દેશના સર્વોચ્ચ સ્થાને પહોંચી છે. તાજેતરમાં મહિલાએ વધુ એક શિખરસર કરી ઈતિહાસ રચ્યો છે. રેલવેના ઈતિહાસમાં પ્રથમ વખત કોઈ મહિલાને રેલવેના ચેરમેન અને સીઈઓપદ પર નિયુક્ત કરવામાં આવી છે. જયા વર્મા સિન્હાને ભારતીય રેલ્વેના અધ્યક્ષ અને સીઈઓબનાવવામાં આવ્યા છે. જયા વર્મા સિન્હા આજ રોજથી ચાર્જ સંભાળશે. જયા વર્મા સિન્હાએ અલ્હાબાદ યુનિવર્સિટીમાંથી અભ્યાસ કર્યો હતો. તેઓ ૧૯૮૬ બેચની ઈન્ડિયન રેલ્વે મેનેજમેન્ટ સર્વિસ (આઈઆરએમએસ) ની બેચના ઓફિસર છે.



### ગેઝેટ નોટિફિકેશન પણ બહાર પાડવામાં આવ્યું

## નેહરૂ મ્યુઝિમનું નામ પ્રધાનમંત્રી મ્યુઝિયમ રાખવાને રાષ્ટ્રપતિની મંજૂરી

। નવી દિલ્હી, તા.૧ ।

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ નેહરુ મેમોરિયલ મ્યુઝિયમ એન્ડ લાઈબ્રેરી (એનએમએમએલ)નું નામબદલીનેપ્રધાનમંત્રીમ્યુઝિયમરાખવાનીમંજૂરી આપી દીધી છે. આ અંગે આજે ગેઝેટ નોટિફિકેશન પણ બહાર પાડવામાં આવ્યું છે. નેહરુ મેમોરિયલ મ્યુઝિયમનું સત્તાવાર રીતે ૧૪ ઓગસ્ટના રોજ પ્રાઈમ મિનિસ્ટર્સ મ્યુઝિયમ એન્ડ લાઈબ્રેરી (પીએમએમએલ) સોસાયટી તરીકે નામકરણ કરવામાં આવ્યું હતું. આ પહેલા જૂનમાં રક્ષા મંત્રી રાજનાથ સિંહની અધ્યક્ષતામાં યોજાયેલી બેઠકમાં નેહરુ મેમોરિયલ મ્યુઝિયમ બનાવવાના પ્રસ્તાવને મંજૂરી આપવામાં આવી હતી. આખરે રાષ્ટ્રપતિ મુર્મુએ પણ તેને મંજૂરી આપી દીધી છે. કેન્દ્ર સરકારે પીએમએમએલ સોસાયટીનું પુનર્ગઠન કર્યું છે. હવે આ સોસાયટીના પ્રમુખ વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ઉપપ્રમુખ રક્ષા મંત્રી રાજનાથ સિંહ હશે. આ સાથે ગૃહમંત્રી અમિત શાહ, નાણામંત્રી નિર્મલા સીતારમણ, પર્યાવરણ મંત્રી પ્રકાશ જાવડેકર, માનવ સંસાધન વિકાસમંત્રી રમેશ પોખરિયાલ સોસાયટીના સભ્યો હશે. તેમની સાથે કેન્દ્રીય મંત્રી વી મુરલીધરન, પ્રહલાદ પટેલ, આઈસીસીઆર પ્રમુખ વિનય સહસ્ત્રબુદ્ધે વગેરે પણ તેના સભ્યો હશે.



# રીલ્સના શોખીન પોલીસ કર્મચારીઓ પર તવાઈ, ચાર પીએસઆઇ અને ૧૩ પોલીસ કર્મચારીઓ સામે ભરાશે પગલાં

| અમદાવાદ, તા.૧ |

ગુજરાત રાજ્યના પોલીસ વડા દ્વારા સોશિયલ મીડિયાની આચારસંહિતાને લગતી ગાઈડલાઈન જાહેર કરાઈ છે. પોલીસ કર્મીઓને સોશિયલ મીડિયા આચારસંહિતાનું પાલન કરવા આદેશ કરવામાં આવ્યો છે. આમ છતાં ઘણા પોલીસ અધિકારીઓ સહિતના પોલીસકર્મી સોશિયલ મીડિયામાં રિલ્સ બનાવી રહ્યા છે. ત્યારે આવા જ રિલ્સના શોખીનો સામે પોલીસ તંત્ર દ્વારા સપાટો બોલાવાયો છે.

આજકાલ સોશિયલ મીડિયાના જમાનામાં લોકોને શોર્ટ વીડિયો કે રીલ્સ બનાવવા બહુ ગમતા હોય છે. પણ પોલીસ કર્મચારીઓએ આ મામલે સાવધ રહેવું પડે છે. ગુજરાત રાજ્યના પોલીસ વડા દ્વારા સોશિયલ મીડિયાની આચારસંહિતાને લગતી ગાઈડલાઈન જાહેર કરાઈ છે. પોલીસ કર્મીઓને સોશિયલ મીડિયા આચારસંહિતાનું પાલન કરવા આદેશ કરવામાં આવ્યો છે. આમ છતાં ઘણા પોલીસ અધિકારીઓ સહિતના પોલીસકર્મી સોશિયલ મીડિયામાં રિલ્સ બનાવી રહ્યા છે. ત્યારે આવા જ રિલ્સના શોખીનો સામે પોલીસ તંત્ર દ્વારા સપાટો બોલાવાયો છે. જેમાં ચાર પીએસઆઈ અને ૧૩ પોલીસ કર્મચારીઓ સામે પગલા ભરવા માટે આદેશ કરાયો છે. રાજ્યમાં પોલીસ તંત્ર દ્વારા સોશિયલ મીડિયા પર એક્ટિવ પોલીસ કર્મચારીઓ સામે બોલાવ્યો સપાટો બોલાવવામાં આવ્યો છે. પોલીસ વડા દ્વારા સોશિયલ મીડિયાની આચારસંહિતા જાહેર કર્યા બાદ પણ પોલીસની વર્ધીમાં સોશિયલ મીડિયામાં રીલ બનાવનાર સામે પગલા ભરવા આદેશ કરાયો છે. સૂત્રોના જણાવ્યા પ્રમાણે કુલ ૧૭ પોલીસ અધિકારી કર્મચારી સામે પગલાં ભરવા આદેશ કરવામાં આવ્યો છે. ચાર પીએસઆઈ અને ૧૩ પોલીસ કર્મચારીઓ સામે પગલાં ભરવામાં આવશે. પોલીસ વડાના આદેશમાં સ્પષ્ટપણે કહેવામાં આવ્યું છે કે ગુજરાત પોલીસના સભ્યો માટે સોશિયલ મીડિયા ઉપયોગ બાબતની આચારસંહિતા ૨૦૨૩ બહાર પાડવામાં આવેલી હતી. જેમાં પોલીસ વિભાગમાં ફરજ બજાવતા પોલીસ અધિકારી કે કર્મચારીઓ દ્વારા સોશિયલ મીડિયા ઉપયોગ બાબતની આચારસંહિતાનો અમલ કરવાનું જણાવવામાં આવ્યું હતું. આમ છતાં સોશિયલ મીડિયાના ઉપયોગ બાબત આચારસંહિતાનો ચુસ્તપણે અમલ થતો નહતો.

એ પણ કહેવામાં આવ્યું છે કે આચારસંહિતા બહાર પાડી હોવા છતાં પોલીસ અધિકારી/ કર્મચારીઓ દ્વારા ઉપરોક્ત ગાઈડલાઈન્સ વિરુદ્ધ ફરજ પર તથા ફરજ સિવાયના સમયે પોલીસ યુનિફોર્મમાં સોશિયલ મીડિયા પર રીલ્સ/વીડિયો બનાવીને તેને અલગ અલગ સોશિયલ મીડિયાની એપ્લિકેશન પર પોસ્ટ કરવામાં આવે છે. તેમજ પોતાના ખાનગી વાહનોમાં પોલીસ લખેલી નેમપ્લેટ સાથેનો વીડિયો/રીલ્સ પોસ્ટ કરે છે.

ગુજરાતના પોલીસકર્મીઓ માટે સોશિયલ મીડિયા પોલિસી જાહેર કરવામાં આવી છે. પોલીસ કર્મીઓને સોશિયલ મીડિયા આચારસંહિતાનું પાલન કરવા આદેશ કરવામાં આવ્યો છે. કેટલાક જવાનો નિયમોનું પાલન કરતાં હોવાનું સામે આવ્યું છે. કેટલાક જવાનો રીલ્સ બનાવીને સોશિયલ મીડિયામાં વીડિયો અપલોડ કરે છે. ફરજ પર અથવા ફરજ પછી વીડિયો બનાવીને અપલોડ કરે છે. જેના કારણે પોલીસકર્મીઓ માટે પોલિસી જાહેર કરાઈ છે.

## ન્યૂઝ બ્રિફ

### મિતુલ ત્રિવેદીએ કેમ્બ્રિજ યુનિ.નું સર્ટિફિકેટ બોગસ બનાવ્યાનો ખુલાસો

| સુરત, તા.૧ |

ચંદ્રયાન-૩ની ડિઝાઈન પોતે બનાવી હોવાનો દાવો કરનારા ઈસરોના કથિત વૈજ્ઞાનિક મિતુલ ત્રિવેદીની ધરપકડ બાદ વધુ ખુલાસા થઈ રહ્યાં છે. સુરત ક્રાઈમ બ્રાંચ દ્વારા મિતુલ ત્રિવેદીની ધરપકડ કરાયા બાદ હવે તેણે કેમ્બ્રિજ યુનિ.નું સર્ટિફિકેટ પણ બોગસ બનાવ્યાનો ખુલાસો થયો છે. પ્રાપ્ત વિગતો પ્રમાણે પોલીસની તપાસમાં સામે આવ્યું છે કે, મિતુલ ત્રિવેદીએ યુકેની કેમ્બ્રિજ યુનિ.ના નામે બોગસ ડિગ્રી બનાવી હતી. તેણે ઈસરોના ૨ બોગસ એપોઈન્મેન્ટ લેટર બનાવ્યા હતા.ડૉક્ટર ઓફ ડિવિનીટી ઈન ક્વૉન્ટમ ફિઝીક્સનું બોગસ સર્ટી બનાવ્યું હતું. મિતુલના મોબાઈલમાં બોગસ ડિગ્રી બનાવવાનું સામે આવતાં તેનો ફોન એફએસએલમાં મોકલવામાં આવ્યો હતો. તેણે સાયન્ટિસ્ટ બનીને નર્મદા યુનિવર્સિટીમાં ૨૦૨૧માં એક સેમિનાર પણ કર્યો હતો. તેણે જેટલી શાળા કોલેજોમાં સેમિનાર કર્યાં છે ત્યાં પોલીસે નોટીસ પાઠવી છે. સુરતના મિતુલ ત્રિવેદી નામના વ્યક્તિએ એવો દાવો કર્યો કે તેઓ ઈસરોના વૈજ્ઞાનિક છે અને તેમના કારણે જ ભારતનું મૂન મિશન સફળ રહ્યું છે.

### રામોલમાંથી લાખોના એમ.ડી ડ્રગ્સ સાથે પકડાયેલ આરોપી મુંબઈ બોમ્બ બ્લાસ્ટમાં મદદગાર

| અમદાવાદ, તા.૧ |

અમદાવાદની રામોલ પોલીસે મુંબઈના ત્રણ લોકોની સીટીએમ એક્સપ્રેસહાઈવે પરથી ૭ ઓગસ્ટના રોજ એમ.ડી.ડ્રગ્સ સાથે ઝડપી પાડ્યા હતા. બાતમી અનુસાર પોલીસે સીટીએમ એક્સપ્રેસ હાઈવે પર નાકાબંધી કરી હતી. આ દરમિયાન મુંબઈ તરફથી આવતા ત્રણ લોકોને રામોલ પોલીસે ઝડપી પાડ્યા હતા. આ લોકો પાસેથી ૩૭૬ ગ્રામ, ૬૦૦ મિલિગ્રામનો એમ.ડી.ડ્રગ્સનો જથ્થો મળી આવ્યો હતો જેની બજારમાં કિંમત ૩૭.૬૬ લાખ રૂપિયા જેટલી હતી. ઉલ્લેખનીય છે કે આ બાદ એક નવો ખુલાસો સામે આવ્યો છે. જેમાં આરોપી અયુબ કુરેશી મુંબઈમાં વર્ષ ૧૯૯૩માં થયેલા બોમ્બ બ્લાસ્ટમાં મદદગારીમાં સંડોવાયેલો હોવાનું સામે આવ્યું છે. ઉલ્લેખનીય છે કે આ ત્રણેય આરોપીઓ હાલ સાબરમતી સેન્ટ્રલ જેલમાં સજા કાપી રહ્યા છે. આગામી સમયમાં જેલમાં જઈને ગુજરાત એટીએસ પૂછ પરછ હાથ ધરશે.

## કરજણમાં ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો

# વડોદરામાં યુવાને પોતાની જ બાઇકને લગાડી દીધી આગ

### માતાએ દારુ પીવા માટે રૂપિયા આપવાની ના પાડી હતી, જેના કારણે પુત્ર ગુસ્સે ભરાયો હતો

| વડોદરા, તા.૧ |

કરજણમાં ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે. જેમા માતાએ દારૂ પીવાના રુપિયા ન આપ્યા તો પુત્રએ ગુસ્સામાં જાતે પોતાની બાઈક સળગાવી દીધી. શહેરના મહમંદ નગરી કેનાલ પાસે સળગતી બાઈકનો વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થઈ રહ્યો છે. હાલ આ અંગે પોલીસે વધુ તપાસ હાથ ધરી છે. રાજ્યમાં દારૂબંધી છે પરંતુ યુવાધન દારૂના રવાડે ચડ્યું હોય તેવા અનેક કિસ્સા અવારનવાર સામે આવી રહ્યા છે. ત્યારે કરજણમાંથી પણ આવો જ એક કિસ્સો સામે આવ્યો છે. કરજણનાં જુના બજાર વિસ્તારના આવાસમાં આ ઘટના બની છે. મહમંદ નગરી કેનાલ પાસે યુવાન પુત્રએ પોતાની જ બાઈક સળગાવી દીધી છે. માતાએ દારુ પીવા માટે રૂપિયા આપવાની ના પાડી હતી. જેના કારણે પુત્ર ગુસ્સે ભરાયો હતો અને તેણે આવું પગલું ભરી લીધુ હતુ. યુવાનના બાઈકના હજી હપ્તા જ ભર્યા હતા. આ નવી બાઈકના હજી હપ્તા પણ પૂરા થયા ન હતા. આ સળગતા બાઈકમાં લાગેલી આગનો વીડિયો ઘણો જ વાયરલ થઈ રહ્યો છે. વડોદરામાં થોડા દિવસ પહેલા નાશામાં ધૂત યુવતીએ પોલીસ પર હાથ ઉપાડ્યો હતો અને ગંદા ઈશારા પણ કર્યા હતા. મોના હિંગુ નામની યુવતી નશામાં વાહન હંકાર્યા બાદ પોલીસકર્મીની સામે થઈ હતી અને બેફામ ભાષાનો પ્રયોગ કર્યો હતો. યુવતી નશામાં એટલી ધૂત હતી કે, તેણે પોલીસ સાથે પણ હાથાપાઈ કરી હતી. યુવતીએ નશામાં વાહન હંકારીને શનિવારે રાત્રે અકસ્માત સર્જાયા બાદ લોકો રોડ પર એકઠા થઈ ગયા હતા.

## ચોમાસાની શરૂઆતમાં ખેડૂતોએ સારું વાવેતર કરી દીધું

# વરસાદ ખેંચાતા સ્થિતિ બદતર, ખેડૂતો દ્વારા પ્રભુને પ્રાર્થના કરાઈ

### વરસાદ ખેંચાતા ખેડૂતોના પાકને ભારે નુકસાન થવાની ભીતી, વરસાદ ન પડતા ફુવારા ચાલુ કરાયા, પાકમાં પણ વિવિધ પ્રકારની જીવાતનો પણ ઉપદ્રવ

| સાબરકાંઠા, તા.૧ |

સાબરકાંઠા જીલ્લામાં આ વર્ષે ચોમાસાની શરૂઆતમાં ખેડૂતોએ સારું વાવેતર કરી દીધું પરંતુ ગત વર્ષની સરખામણીએ આ વર્ષે પાણીની અછતને લઈ ખેડૂતોના પાકને ભારે નુકસાન થવાની ભીતી સેવાઈ રહી છે. વરસાદ ન પડતા ફુવારા ચાલુ કરાયા છે તો પાકમાં પણ વિવિધ પ્રકારની જીવાત જોવા મળી છે. સાબરકાંઠા જીલ્લામાં આ વર્ષે શરૂઆતમાં સારો એવો વરસાદ પડ્યો પરંતુ છેલ્લા એક મહિના કરતા વધુ સમયથી વરસાદ ન પડતા ખેડૂતોમાં ચિંતાનો માહોલ જોવા મળ્યો છે. આમ તો ખેડૂતોએ મહામહેનતે ખેતી કરી છે પરંતુ આ વર્ષે ખેડૂતો ને કંઈ વળતર મળી શકે તેમ નથી.

મોઘીંદાટ દવાઓ બિયારણ, ખાતરનો છંટકાવ કર્યા બાદ પણ જો વરસાદ ન પડે તો જે વાવેતર કરેલો છે એ પણ બચાવવું મુશ્કેલ બને તેમ છે. એટલે જ તો ખેડૂતો પણ હાલ તો વરસાદની રાહ જોઈ રહ્યા છે. સાથે ઈયડ અને ડોડનો પણ ઉપ દ્રવ થતા એક સમસ્યા વધુ ઉભી થઈ છે. કૂવામાં થોડા સમય ચાલે તેવું પાણી છે. હવે ખેડૂતોને માત્ર કુદરતનો આશરો છે. ચોમાસું ખેતીનું વાવેતર બચાવી શકે તેમ છે. વરસાદ થાય તેવી ખેડૂતો પ્રભુને પ્રાર્થના કરી રહ્યા છે. સાબરકાંઠા જીલ્લામાં ચાલુ વર્ષે ૨૧૭૧૧૯ હેક્ટરમાં તમામ પાકનું વાવેતર કર્યું છે, જેમાં મુખ્ય પાકની વાત કરીએ તો મગફળીનું ૬૬૪૪૫, કપાસનું ૫૮૯૬૩, સોયાબીનનું ૧૭૮૮૯ સહિત શાકભાજીનું ૧૪૬૫૮ હેક્ટર વિસ્તારમાં વાવેતર કરવામાં આવ્યું છે.

# આબુ-અંબાજી રોડ ખાતે બસ પર પથ્થરમારો : ડ્રાઈવરની સમય સૂચકતાના કારણે દુર્ઘટના ટળી

| અંબાજી, તા.૧ |

કરોડો લોકોની આસ્થાના અખૂટ સાગર સમાન મા અંબાના દર્શન કરવા માટે ભક્તો દૂર-દૂરથી આવતા હોય છે. અમુક ખાનગી વાહન લઈને તો ઘણા સાર્વજનિક વાહનોમાં મુસાફરી કરીને અંબાજી પહોંચે છે. ત્યારે ગઈકાલે મોડી રાત્રે પથ્થરમારાની ચકચારી ઘટના સામે આવી હતી. આબુ રોડ પર રાજસ્થાન તરફથી આવતી ગુજરાત ટ્રાવલેસની ખાનગી બસ અમદાવાદ તરફ જઈ રહી હતી તે દરમિયાન અસામાજિક તત્વોએ પથ્થરમારો કર્યો હતો. મુસાફર ભરેલી બસ અંબાજી આબુરોડ હાઈવે માર્ગ પરથી પસાર થઈ રહી હતી. જેને નિશાન બનાવી પથ્થરમારો કરતા બસના આગળના કાચનો કડુસલો બોલી ગયો હતો. જોકે ડ્રાઈવરની સૂઝબૂજના લીધે તમામ મુસાફરોને સહી સલામત અંબાજી લવાયા હતા.ત્યાર બાદ બસ આગળના સફર માટે પ્રસ્થાન કરી હતી. જોકે આ પથ્થરમારા દરમિયાન ઘા લાગતા ડ્રાઈવરને નાનીમોટી ઈજા પહોંચી હતી. આ ઘટનાને લઈને બસમાં સવાર મોટી સંખ્યામાં મુસાફરોમાં દેકારો બોલી ગયો હતો.

# વિજ્ઞાન લેખક દીપક જગતાપનું સૂર્યયાન આદિત્ય : એલ ૧ ઉપર વ્યાખ્યાન યોજાશે



| રાજપીપળા, તા.૧ |

૨જી સપ્ટેમ્બરે ઈસરો દ્વારા સૂર્યની નજીક જનાર સૂર્યયાન આદિત્ય:એલ ૧નુ લોન્ચિંગ થનાર છે ત્યારે ચન્દ્રયાન -૩ની સફળતા પછી ભારતની નજર સૂર્ય તરફ ખોડાઈ છે. ત્યારેઈસરો દ્વારા ૨જીએ આદિત્ય:એલ ૧નુ લોન્ચિંગ થનાર છે ત્યારે આદિત્ય:એલ ૧ની કામગીરી વિશેવિદ્યાર્થીઓ વૈજ્ઞાનિક માહિતીથી પરિચિત થાય એ માટે જાણીતા વિજ્ઞાન લેખક અને મોટીવેશનલ સ્પીકર દીપક જગતાપ શ્રી અંબુભાઈ પુરાણી હાઈસ્કૂલ ખાતે સવારે ૯ કલાકે માર્ગદર્શન આપશે.

શ્રી અંબુભાઈ પુરાણી હાઈસ્કૂલ માંગુજરાત સરકારના ગુજકોષ્ટ સંચાલિત લોકવિજ્ઞાન મંથનનર્મદા દ્વારા આ વ્યાખ્યાન સેમિનારનુ આયોજન કરવામાં આવ્યું છે.

જેમાં મંથન લોક વિજ્ઞાનના ભરતભાઈ ડોડીયા, કલ્પનાબેનરજવાડી તથા શાળાના પ્રિન્સિપાલ તથા શિક્ષકો ઉપસ્થિત રહેશે.

## વિશેષ લેખ

### ચંદ્ર ઉપર પડછાયા જેવા દેખાતા ભૂવાઓમાં બરફના ટુકડાઓ પડેલા છે

# ચંદ્ર ઉપર હજારો ચોરસ માઈલના વિસ્તારમાં પાણીનો અસીમ જથ્થો બરફ સ્વરૂપે છુપાયેલો પડ્યો છે : નાસા



સાંપ્રત પ્રવાહો


લેખક : દીપક જગતાપ

નંદનવન સમી આપણી પૃથ્વીથી ૧૨,૭૦૦ કિલોમીટર દૂરરહીને ભ્રમણ કરતો ૩૪૭૫ કિ.મી. વ્યાસવાળો પૃથ્વીનો ઉપગ્રહ ચંદ્રની ધરતી ઉપર સેંકડો વર્ષ ચાલે એટલો પાણીનો જથ્થો છે. એવા સંશોધકોના અહેવાલે તમામ વૈજ્ઞાનિકોની નજર ફરી ચંદ્ર ભણી ખોડાઈ ગઈ છે. અમેરિકાની અવકાશ સંશોધન સંસ્થા નાસાએ અવકાશી અભિયાન દ્વારા જણાવ્યું હતું કે ચંદ્ર ઉપર હજારો ચોરસ માઈલનાવિસ્તારમાં પાણીનો અસીમ જથ્થો બરફ સ્વરૂપે છુપાયેલો પડ્યો છે. નાસાના લ્યુનર પ્રોસ્પેક્ટર રોબોટ દ્વારા મોકલવામાં આવેલીમાહિતી અનુસાર ચંદ્ર ઉપર પડછાયા જેવા દેખાતા ભૂવાઓમાં બરફના ટુકડાઓ પડેલા છે.

ચંદ્રના સર્વેક્ષણ માટે મોકલેલા એક રોબોટ અવકાશ યાને એક મહિના સુધી ચંદ્રનો નકશો નોંધી તેણે મોકલેલા સંકેતો દ્વારા જાણવા મળ્યું હતું કે ત્યાં નાનાં નાનાં સેંકડો ખાબોચિયાંઓમાં પાણીનો બરફ બની ગયેલો જોવા મળ્યો છે. અવકાશયાને મોકલેલી માહિતી દર્શાવે છે કે ચંદ્રના બે ધ્રુવો ઉપર હજારો ચોરસ માઈલમાંનાના નાના જથ્થામાં વહેંચાઈ ગયેલો છે. આ પ્રોજેક્ટમાં ભાગ લેતા ઊર્જા સંશોધક વિલિયમ ફેલ્ડમેને જણાવ્યું હતું કે ત્યાં બરફહોવાના ઘણા મજબૂત પુરાવા છે.પણ પાણીના સંકેતો પ્રમાણમાં નબળા છે. એમને મળેલી માહિતી અનુસાર નોંધપાત્ર સંખ્યામાં તિરાડોમાં પાણીના બરફની ઘણા નીચા સંઘટનમાં ઉપસ્થિતિ દર્શાવે છે. તે એમ પણ સચૂવે છે કે પાણી માત્ર ધ્રુવ પ્રદેશોમાં છે. એક અંદાજ મુજબ ચંદ્રના ઉં. ધ્રુવ ઉપર ૧૭,૩૦૦૦કિમી તથા દક્ષિણ ધ્રુવ ઉપર ૭૦,૦૦૦ કિ.મી. ૧.૧ અબજથી૩.૩૦ અબજ ટન બરફ જામેલો હોઈ શકે છે.

આ મિશનના મુખ્ય સંશોધક અને કેલિફોર્નિયાના ગીલોરી ખાતેની લ્યુનાર રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટના વિજ્ઞાની ડૉ. એલનબિન્ડરના જણાવ્યા અનુસાર અમે ચંદ્ર ઉપર પાણી શોધી કાઢ્યું છે. ચંદ્ર જન્મ્યો ત્યારે સૂકો હતો પરંતુ પાછળથી પાણી આવ્યું હશે. ચંદ્ર ઉપર પાણી હોવાનુ સંભવ છે. જ્યારે ન્યૂટ્રોન સ્પેક્ટ્રોમીટરનાં ચિત્રોનું વિશ્લેષણ કરનાર ડૉ. વિલિયમ ફેલ્ડમેનની મળતી પ્રાથમિક માહિતીએ પુરવાર કર્યું હતું કે ચંદ્રની ધરતી પર એટલો બધો પાણીનો જથ્થો છે કે તેપેઢીઓની પેઢીઓ સુધી માનવવસાહતને ચાલી શકે. આ શુભ સંકેત છે જેથી ચંદ્ર ઉપર સદીઓ સુધી માનવ વસાહતને જરૂરી પાણી મળી રહેશે. તેથી હવે પાણીના બરફની શોધ ચંદ્ર પર કાયમી થાણું બનાવવાની પ્રયોગાત્મક યોજના માટે ઘણી પ્રોત્સાહિત કરે તેવીછે જો ચંદ્ર ઉપર પાણી હોય તો પૃથ્વી પરથી સપ્લાય પૂરો પાડવાની જરૂરિયાત હળવી બનશે. ચંદ્ર પર એક કાયમી સંકુલબનાવીને જાળવી રાખવા માટે હજારો લીટર મેળવી શકાશે.

અવકાશયાત્રીઓને તેમના પોતાના શ્વાસોચ્છ્વાસ માટે ઑક્સિજન તો જોઈએ જ. ચંદ્ર ઉપર પાણી હોય તો તેનું વિઘટનકરી હાઈડ્રોજન અને ઑક્સિજન




મેળવી શકાશે. જેમાંનોહાઈડ્રોજન યાન માટે બળતણનું કામ કરશે અને ઑક્સિજનઅવકાશયાત્રીઓને શ્વસન માટે કામ લાગે. ઉપરાંત જીવનના એક પરિબળ તરીકે પણ ઉપયોગી બની શકે. ૩૩૦ લાખ ટન પાણીના જથ્થાથી પણ પાણીનો ફરીથી ઉપયોગ કર્યા વિના ચંદ્રની સપાટી ઉપર ૧૦૦૦ વ્યક્તિઓનીસોસાયટીને એક સદી સુધી પાણી પૂરું પાડી શકશે. જો આટલું જ પાણી પૃથ્વી ઉપરથી ચંદ્ર સુધી પહોંચાડવાનું હોય તો ૬૦,૦૦૦ અબજ ડૉલર જેટલો પરિવહન ખર્ચ થાય. નાસાએ જાન્યુઆરી ૯૮માં ચંદ્રની પાછળના ભાગમાં પાણીછે કે કેમ તેની તપાસ કરવા રોબોટયાન પ્રોજેક્ટ દ્વારા મોકલવામાંઆવ્યો હતો. ચંદ્રના પ્રોસ્પેક્ટર સાથે માનવરહિત એક રૉકેટછોડવામાં આવ્યું હતું. ૧૦૦ કિ.મી.ની ચંદ્રની ભ્રમણકક્ષામાં તરતું મુકાયું ત્યારે તેનું વજન ૩૦ કિ.ગ્રામ હતું. ૧૯૭૨માં ઍપોલો ૧૭ દ્વારા ચંદ્ર ઉપર માનવીએ પ્રથમ વખત પગ મૂક્યોત્યાર બાદ બીજી વાર નાસાએ ચંદ્ર માટેનો પ્રોજેક્ટ હાથ ધર્યો હતો. આ પ્રોસ્પેક્ટર સાડા ચાર દિવસમાં ૩૮,૪૦૦૦ કિ.મી.નુંઅંતર કાપીને ચંદ્ર ઉપર પાછું ફર્યું હતું. બે દિવસ પછી૯૬ કિ.મી. ઊંચી ભ્રમણ કક્ષાઓથી ભરેલ પાણી તેમજ ખનિજોઅને વાયુઓના પુરાવાઓની શોધખોળ આરંભી દીધી હતી. આ અંતરિક્ષયાનમાં એક ન્યૂટ્રોન સ્પેક્ટ્રોમીટર સહિત પાંચ વૈજ્ઞાનિક સાધનો હતાં . ન્યૂટ્રોન સ્પેક્ટ્રોમીટરે પાણીનો નિર્દેશ કર્યો ત્યારે ચંદ્ર પર પાણીના પુરાવા હાઈડ્રોજનની તપાસ આદરી હતી. પાંચમી જાન્યુઆરી ૯૮થી શરૂ થયેલી આ યાત્રામાં પ્રોસ્પેક્ટર એક વર્ષ સુધી ચંદ્રનો નકશોતૈયાર કરવાની અને અન્ય કામગીરી બજાવી હતી. અને એકવર્ષ સુધી ૧૦૦ કિ.મી. ઊંચે રહી ધ્રુવીય ભ્રમણ કક્ષામાં રહીચંદ્રનું ભ્રમણ કર્યુ હતું. આટલું કામકાજ કર્યા બાદ પણ પ્રોસ્પેક્ટરમાં બળતણનો જથ્થો બચતા બીજા છ મહિના સુધી પ્રોસ્પેક્ટર ચંદ્ર ભૂમિથી માત્ર ૧૦ કિ.મી. ઊંચું રહી ભ્રમણ કરીચંદ્ર અંગે માહિતી મોકલતું રહ્યું. રૂ. ૬.૫ અબજ કિંમતનું અવકાશયાન વર્ષો સુધી ચંદ્ર ઉપર સંશોધન કરતું રહ્યું અને તેનું બળતણ ખૂટી પડશે ત્યારે ચંદ્ર પર જ તે ભાંગી પડશે જેથીઅવકાશમાં નકામો કચરો બની ઘૂમતું ન રહે. તેવી યોજના ઘડાઈ હતી.

નવાઈની વાત તો એ છે કે જ્યારે ચંદ્ર ઉપર જીવનના કોઈ પુરાવા નથી એવું ફલિત થયા પછી વૈજ્ઞાનિકોએ ચંદ્ર ઉપરનાંસંશોધનો અંગે લગભગ ચોકડી જ મારી દીધી હતી. ચંદ્ર ઉપર વસાહત સ્થાપવાની યોજના પણ પડતી મૂકવી પડી હતી. રશિયા અને અમેરિકા બંને દેશોએ ચંદ્ર ઉપર નજર માંડ્યા પછી અનેક અવકાશયાનો રવાના કરી ચંદ્ર વિશેની જાણકારી મેળવવા કરોડોનો ધુમાડો કર્યો. રશિયાએ ૧૯૬૮માં યુરીગાગારિનને અવકાશમાં મોકલી સૌ પ્રથમ અવકાશયાત્રી બનાવવાની સિદ્ધિ મેળવ્યા પછી ૬૯માં અમેરિકાએ ઈગલનેચંદ્રની ધરતી ઉપર ઉતાર્યું. તેમાંથી નીલ આર્મસ્ટ્રોંગે ચંદ્રની ધરતી પર સૌથી પહેલો પગ મૂક્યો. એ પછી ત્રણેક વર્ષ સુધી ચંદ્રયાત્રાઓ યોજાઈ અને સંશોધનો થયાં. ૧૯૭૨માં ઍપોલો૧૭ના અવકાશયાત્રીઓએ ચંદ્રને ગુડબાય કર્યું ત્યારથી ચંદ્રયાત્રાઓ યોજાતી લગભગ બંધ પડી ગઈ. એ દરમ્યાન રશિયા અને અમેરિકા મળીને કુલ નવ યાનો અને ૧૨ અવકાશયાત્રીઓને ઉતાર્યાં. ત્યાર પછી ૬ જાન્યુઆરી, ૯૮ના રોજ અમેરિકા ફરીથી ભારતીય સમય પ્રમાણે સવારે આઠ કલાકે ફ્લોરિડાના કેપ કેનારવલ ખાતેથી એથેના ટુ નામનું માનવરહિત રૉકેટ ચંદ્ર તરફ છોડાયું.

અંદાજે ૨૫ વર્ષ પછી લગભગ ભુલાઈ ગયેલો ચંદ્ર હવે ફરી એક વાર ૨૦૦૮માં વૈજ્ઞાનિકો માટે રસનો વિષય બનીગયો હતો ચંદ્ર ઉપર પાણીના અણસાર મળતાં વિશ્વના વધુ દેશોની નજર હવે ચંદ્ર તરફ ખોડાઈ છે. ચન્દ્રયાન -૩ ના દક્ષિણ ધ્રુવ પર સોફ્ટ લેન્ડિંગ પછી દક્ષિણ ધ્રુવના અંધકાર ભર્યા થન્ડા વિસ્તારમાં બરફ હોવાની સંભાવના છે. આ બરફ માંથી પાણીનો વિપુલ જથ્થો મળવાની સંભાવના છે. જો પાણી મળી જાય તો તેમાંથી હાઈડ્રોજન અને ઓક્સિજન પણ મળી શકશે. વિજ્ઞાનીઓને વધુ રસ ચંદ્રના પેટાળમાં રહેલા ખનિજોમાં છે.

# આતંકવાદ કોઈ પણ ધર્મ સાથે જોડાયેલો નથી : અજીત ડોભાલ

। નવી દિલ્હી, તા.૧ ।

મુસ્લિમ વર્લ્ડ લીગના મહાસચિવ અને સાઉદી અરબના પૂર્વ ન્યાય મંત્રી મોહમ્મદ બિન અબ્દુલકરીમ અલ-ઈસા ભારતના પ્રવાસ પર છે. ઈસ્લામિક કલ્ચર સેન્ટરની એક ઈવેન્ટમાં અલ-ઈસા સાથે ભારતના રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અજીત ડોભાલ પણ ઉપસ્થિત હતા. તેમણે આ કાર્યક્રમમાં કહ્યું કે, આતંકવાદ કોઈ પણ ધર્મ સાથે જોડાયેલો નથી. એવામાં આધ્યાત્મિક અને ધાર્મિક નેતાઓનું કર્તવ્ય છે કે હિંસાનો માર્ગ અપનાવનારા લોકોનું કાઉન્ટર કરે. ઈવેન્ટ દરમિયાન ધાર્મિક નેતાઓ, સ્કૉલર્સ અને રાજનાયિકોને સંબોધિત કરતા અજીત ડોભાલે કહ્યું કે, આતંકવાદ કોઈ પણ ધર્મ સાથે જોડાયેલો નથી. તેઓ એ લોકો હોય છે જેમને ભરમાવી દેવામાં આવે છે. એવામાં સંભવતઃ આધ્યાત્મિક અને ધાર્મિક નેતાઓનું એ કર્તવ્ય છે કે તેઓ એ લોકોનો પ્રભાવી રીતે સામનો કરે, જેમણે હિંસાનો માર્ગ અપનાવ્યો છે. એ વ્યક્તિ કોઈ પણ ધર્મ, વિશ્વાસ કે રાજનીતિક વિચારધારા સાથે સંબંધિત હોય શકે છે. વૈશ્વિક આતંકવાદના પડકારોનો ઉલ્લેખ કરતા અજીત ડોભાલે કહ્યું કે, દેશની સીમાઓની અંદર અને બહાર સુરક્ષા અને સ્થિરતાને બનાવી રાખવા માટે ભારત એ વ્યક્તિઓ અને સંગઠનો વિરુદ્ધ લડાઈનું નેતૃત્વ કરી રહ્યું છે. જે ઉગ્રવાદ, નશીલા પદાર્થો અને આતંકવાદને પ્રોત્સાહન આપે છે. ભારતમાં કોઈ પણ ધર્મ જોખમમાં નથી. ભારત એક સમાવેશી લોકતંત્રના રૂપમાં પોતાના બધા નાગરિકોને તેમની ધાર્મિક, જાતીય કે સાંસ્કૃતિક પૃષ્ઠભૂમિની ચિંતા કર્યા વિના તેમનું સન્માન કરવામાં સફળ રહ્યું છે.

ઈવેન્ટ દરમિયાન તેમણે એમ પણ કહ્યું કે, એક ગૌરવશાળી દેશના રૂપમાં ભારત સમયના પડકારોને પહોંચીવળવા માટે સહિષ્ણુતા, સંવાદ અને સહયોગને પ્રોત્સાહન આપવામાં વિશ્વાસ કરે છે. એ કોઈ સંયોગ નથી કે લગભગ ૨૦ કરોડ મુસ્લિમ વસ્તી છતા વૈશ્વિક આતંકવાદમાં ભારતીય નાગરિકોની ભાગીદારી અવિશ્વસનીય રૂપે ઓછી રહી છે. ભારતમાં ઉપસ્થિત ઘણા ધર્મો વચ્ચે ઈસ્લામ પણ એક અદ્વિતીય અને મહત્ત્વપૂર્ણ સ્થાન રાખે છે. ભારતમાં દુનિયાની બીજી સૌથી મોટી મુસ્લિમ વસ્તી રહે છે. ભારતમાં મુસ્લિમોની વસ્તી ઈસ્લામિક સહયોગ સંગઠનના લગભગ ૩૩ દેશોની કુલ વસ્તી બરાબર છે.

### ન્યુઝ બોક્ષ

## મણિપુરમાં ૭૨ કલાકમાં ૫ લોકોના મોત અને ૧૮ ઘાયલ



। નવી દિલ્હી, તા.૧ ।

મણિપુરમાં હિંસા અટકી રહી નથી. તાજેતરના ગોળીબારમાં અત્યાર સુધીમાં પાંચ લોકોના મોત થયા છે. અધિકારીઓએ જણાવ્યું હતું કે બે સમુદાયો વચ્ચે સતત ગોળીબાર બાદ છેલ્લા ૭૨ કલાકમાં મણિપુરના બિષ્ણુપુર અને ચુરાચંદપુર જિલ્લામાં ઓછામાં ઓછા પાંચ લોકો માર્યા ગયા હતા. આ દરમિયાન ૧૮ ઘાયલ થયા છે. અધિકારીએ જણાવ્યું કે, બિષ્ણુપુર જિલ્લાના ખોઈરંતકની તળેટીમાં અને ચુરાચંદપુર જિલ્લાના ચિંગફેઈ અને ખૌસાબુંગ વિસ્તારોમાં ગોળીબાર ચાલી રહ્યો હતો. સમાચાર એજન્સી પીટીઆઈના જણાવ્યા અનુસાર, અધિકારીએ જણાવ્યું કે હિંસા મંગળવારે (૨૯ ઓગસ્ટ) ના રોજ શરૂ થઈ હતી જ્યારે ખોઈરેંટક વિસ્તારમાં ભારે ગોળીબાર બાદ આશરે ૩૦ વર્ષની વયના એક ગામ સ્વયંસેવકનું મોત થયું હતું. તેમણે જણાવ્યું કે બુધવાર સાંજથી થોડા કલાકોની શાંતિ બાદ ગુરુવારે સવારે ફરીથી બે જૂથો વચ્ચે ગોળીબાર શરૂ થયો. અધિકારીઓએ જણાવ્યું હતું કે બુધવારની હિંસામાં ઘાયલ એક વ્યક્તિનું મિઝોરમ થઈને ગુવાહાટી જતી વખતે મૃત્યુ થયું હતું. અન્ય એક ઘાયલ વ્યક્તિનું પણ ગુરુવારે સવારે ૯ વાગ્યે ચુરાચંદપુર જિલ્લા હોસ્પિટલમાં મૃત્યુ થયું હતું, જ્યાં તેની સારવાર ચાલી રહી હતી. અધિકારીઓએ જણાવ્યું કે મંગળવારે બિષ્ણુપુરના નારાયણસેના ગામ પાસે હિંસાની અલગ-અલગ ઘટનાઓમાં બે લોકો માર્યા ગયા અને છ ઘાયલ થયા.

### પાકિસ્તાનમાં ફૂટ્યો મોંઘવારીનો બોમ્બ

# પાકિસ્તાનમાં પ્રથમ વખત પેટ્રોલ અને ડીઝલની કિંમતો ૩૦૦ રૂપિયાને પાર

**કાર્યકારી સરકારે પેટ્રોલના ભાવમાં ૧૪.૯૧ રૂપિયા પ્રતિ લીટરનો વધારો કર્યો છે ત્યારબાદ પેટ્રોલની કિંમત ૩૦૫.૩૬ રૂપિયા થઈ ગઈ છે**






। નવી દિલ્હી, તા.૧ ।

પાકિસ્તાનના ઈતિહાસમાં પહેલીવાર પેટ્રોલ અને ડીઝલની કિંમત ૩૦૦ રૂપિયા પ્રતિ લીટરને વટાવી ગઈ છે. કાર્યકારી સરકારે પેટ્રોલના ભાવમાં ૧૪.૯૧ રૂપિયા પ્રતિ લીટરનો વધારો કર્યો છે ત્યારબાદ પેટ્રોલની કિંમત ૩૦૫.૩૬ રૂપિયા થઈ ગઈ છે. જ્યારે ડીઝલની કિંમતમાં ૧૮.૪૪ રૂપિયાનો વધારો થયો છે ત્યારબાદ ડીઝલ ૩૧૧.૮૪ રૂપિયા પ્રતિ લીટર થઈ ગયું છે. નાણા મંત્રાલયે મોડી રાત્રે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ઠ (અગાઉ ટ્વિટર) પર એક પોસ્ટમાં જણાવ્યું હતું કે આ વધારા સાથે પેટ્રોલની કિંમત ૩૦૫.૩૬ રૂપિયા પ્રતિ લિટર અને હાઈ સ્પીડ ડીઝલ (એચએસડી) ૩૧૧.૮૪ રૂપિયા પ્રતિ લિટર થઈ ગઈ છે.

કેરોસીન કે લાઈટ ડીઝલ ઓઈલના દરોમાં કોઈ ફેરફાર કરવામાં આવ્યો નથી. કિંમતોમાં વધારો એવા સમયે થયો છે જ્યારે સરકારે ૧૫ ઓગસ્ટે જ તેની કિંમતોમાં ભારે વધારો કર્યો હતો. ત્યારબાદ વચગાળાની સરકારે ઈંધણના ભાવમાં પ્રતિ લીટર ૨૦ રૂપિયા સુધીનો વધારો કર્યો હતો. અગાઉની સરકાર દ્વારા ૧ ઓગસ્ટના રોજ પેટ્રોલિયમના ભાવમાં વધારો કરવામાં આવ્યો હતો. આંતરરાષ્ટ્રીય બજારમાં પાકિસ્તાની રૂપિયાની હાલત સતત કથળી રહી છે. ગુરુવારે ઈન્ટરબેંક માર્કેટમાં અમેરિકન ડોલર સામે પાકિસ્તાની રૂપિયો ફરી એકવાર ૧.૦૯ રૂપિયા ઘટ્યો હતો. તે ૩૦૫.૫૪ રૂપિયાની રેકોર્ડ નીચી સપાટીએ બંધ રહ્યો હતો. વચગાળાની સરકાર સત્તામાં આવી ત્યારથી રૂપિયામાં ૪.૬ ટકાનો ઘટાડો થયો છે. ઓગસ્ટમાં પાકિસ્તાની રૂપિયામાં ૬.૨ ટકાનો ઘટાડો નોંધાયો હતો. નોંધનીય છે કે IMFએ તાજેતરમાં જ પાકિસ્તાનને નાણાકીય કટોકટીમાંથી બહાર કાઢવામાં મદદ કરવા માટે ૩ બિલિયન ડોલરનું બેલઆઉટ પેકેજ જાહેર કરવાની મંજૂરી આપી છે.જો કે આ લોન આપતા પહેલા વૈશ્વિક સંસ્થાએ એવી શરત પણ મૂકી છે.



### યૂનેસ્કોએ આ મંદિરને વર્લ્ડ હેરિટેજ સાઈટમાં સામેલ છે

## કંબોડિયાના અંગકોરમાં આવેલ અંગકોરવોટ મંદિર એ દુનિયાનું સૌથી મોટુ હિન્દુ મંદિર

**આ ભવ્ય મંદિરમાં કુલ ૬ શિખર છે, દીવાલો પર પણ હિન્દુ દેવી દેવતાઓની મૂર્તિઓ કોતરવામાં આવી છે**

। નવી દિલ્હી, તા.૧ ।

કંબોડિયાના અંગકોરમાં આવેલ અંગકોરવોટ મંદિર. આ મંદિરને ૧૨મી શતાબ્દીમાં રાજા સૂર્યવર્મન દ્વિતીયએ બનાવ્યું હતું. યૂનેસ્કોએ આ મંદિરને વર્લ્ડ હેરિટેજ સાઈટમાં સામેલ છે. હજારો વર્ગ માઈલમાં ફેલાયેલ આ મંદિર ૬૨૦ એકર અથવા ૧૬૨.૬ હેક્ટરમાં બનાવ્યું છે. આ મંદિર કંબોડિયાનું રાષ્ટ્રીય પ્રતીક પણ છે. આ ભવ્ય મંદિરમાં કુલ ૬ શિખર છે. દીવાલો પર પણ હિન્દુ દેવી દેવતાઓની મૂર્તિઓ કોતરવામાં આવી છે. આ મંદિરના મધ્ય ભાગના શિખરની ઊંચાઈ લગભગ ૧૫૦ ફુટ છે. તેની આસપાસ અન્ય ૫૦ શિખર છે. અન્ય શિખરોની ઊંચાઈ થોડી ઓછી છે. આ શિખરોની ચારેતરફ સમાધિમાં લીન શિવની મૂર્તિઓ સ્થાપિત છે. મંદિરની વિશાળતા અને નિર્માણ કલા આશ્ચર્યજનક છે.

### કન્ટ્રી આધારિત ક્વોટા સિસ્ટમના કારણે ગ્રીન કાર્ડ ઈશ્યૂ થવામાં ઘણી વાર લાગે છે

# US ગ્રીન કાર્ડ માટે ભારતીયોએ સૌથી વધારે વેઈટ કેમ કરવો પડે છે?



। નવી દિલ્હી, તા.૧ ।

અમેરિકન ગ્રીન કાર્ડ માટેનો વેઈટિંગનો સમય એટલો લાંબો છે કે ઘણા ભારતીયોને દાયકાઓથી અમેરિકામાં રહેવા છતાં ગ્રીન કાર્ડ મળ્યું નથી. અમેરિકા દરેક દેશ માટે એક ક્વોટા નક્કી કરે છે અને જે તે દેશમાંથી ક્વોટા કરતા વધારે ગ્રીન કાર્ડની અરજીઓ મળે ત્યારે તેમાં ઘણી લાંબી રાહ જોવી પડે છે. ભારતીયોએ **US Green Card**નો મુદ્દો વારંવાર ઉઠાવ્યો છે અને અમેરિકન રાજકારણીઓ પણ આ મામલે વચનો આપતા રહે છે. પરંતુ હજુ સુધી કોઈ ઉકેલ આવ્યો નથી. યુએસ ગ્રીન કાર્ડ માટે ભારતીયોની અરજીઓમાં એટલું બધુ વેઈટિંગ ચાલે છે કે આ ઝડપે અરજીઓનો નિકાલ કરવામાં આવશે તો હજુ ૧૯૫ વર્ષ લાગી જશે. અમેરિકન સરકારના એક અધિકારીએ તાજેતરમાં કહ્યું હતું કે કન્ટ્રી આધારિત ક્વોટા સિસ્ટમના કારણે ગ્રીન કાર્ડ ઈશ્યૂ થવામાં ઘણી વાર લાગે છે. અમેરિકામાં વસતા ભારતીયો તરફથી ગ્રીન કાર્ડની એટલી બધી અરજીઓ આવી છે કે ક્વોટાના કારણે વર્ષો સુધી તેમને પર્મેનન્ટ રેસિડન્સી મળી શકે તેમ નથી. અમેરિકન ગ્રીન કાર્ડના આંકડા પર નજર નાખીએ તો આખી વાત સારી રીતે સમજાશે. અમેરિકા દર વર્ષે ૨.૨૬ લાખ ફેમિલી સ્પોન્સર્ડ પ્રેફરન્સ ગ્રીન કાર્ડ ઈશ્યૂ કરે છે જ્યારે ૧.૪૦ લાખ એમ્પ્લોયમેન્ટ બેઝ્ડ ગ્રીન કાર્ડ આપે છે. અમેરિકન સંસદ દ્વારા જ લિમિટ સેટ કરવામાં આવી છે અને તેને વધારવા માટે માંગણી થઈ છે. અમેરિકાએ નક્કી કર્યું છે કે કોઈ પણ દેશને દર વર્ષે કુલ **Green Card**માંથી વધુમાં વધુ ૭ ટકા ગ્રીન કાર્ડ ઈશ્યૂ કરવા. એટલે કે કોઈ પણ દેશના નાગરિકોને એક વર્ષમાં વધુમાં વધુ ૨૫,૬૨૦ ગ્રીન કાર્ડ મળી શકે. પછી તે ભારતીય હોય કે બીજા કોઈ દેશના નાગરિક હોય. હવે વસતી અને ડિમાન્ડની રીતે જોવામાં આવે તો ભારત, ચીન, મેક્સિકો, અને ફિલિપાઈન્સ જેવા દેશના લોકો સૌથી વધારે ગ્રીન કાર્ડની અરજી કરતા હોય છે તેના કારણે ૨૫,૬૨૦નો આંકડો તેમના માટે ઘણો નાનો લાગે છે. પરિણામે ભારતીયોએ ગ્રીન કાર્ડ માટે ઘણા વર્ષો સુધી રાહ જોવી પડે છે અને તેના પછી પણ તે કાર્ડ ઈશ્યૂ થવાની ૧૦૦ ટકા ગેરંટી નથી હોતી અમેરિકા વિશ્વનો સૌથી પાવરફૂલ દેશ છે.

આર્થિક રીતે, રાજકીય રીતે અને મિલિટરીની દૃષ્ટિએ પણ અમેરિકા દુનિયાભરમાં સૌથી વધુ પ્રભાવ ધરાવે છે. તેથી આ દેશનું ગ્રીન કાર્ડ કે પર્મેનન્ટ રેસિડન્ટ કાર્ડ મેળવવાના ઘણા ફાયદા છે. તેનાથી તમે કાયમ માટે અમેરિકામાં કામ કરી શકો છો અને તમારી પાસે આવડત હોય તો અનલિમિટેડ નાણાં કમાઈ શકો છો. અમેરિકામાં અત્યારે જુદા જુદા ફિલ્ડમાં લાખો ભારતીયો કામ કરી રહ્યા છે અને તેમણે ગ્રીન કાર્ડની અરજી કર્યા પછી ઓછામાં ઓછા એક દાયકા સુધી રાહ જોવી પડે છે.

### ચૂંટણી પહેલા ભાવ ઘટવા માંડ્યા

## ગેસ સિલિન્ડરના ભાવમાં ૧૫૭ રૂપિયાનો ઘટાડો થયો

**સરકારી તેલ કંપનીઓ દર વખતે મહિનાની પહેલી તારીખે ગેસની કિંમતોનો રિવ્યુ કરે છે અને તે મુજબ વધારો ઘટાડો કરે છે**



। નવી દિલ્હી, તા.૧ ।

આજે એકવાર ફરી ગેસ સિલિન્ડરની કિંમતોમાં ઘટાડો થયો છે. આ સાથે લોકો માટે ખુશીનો ડબલ ડોઝ આવ્યો છે. જોકે આજનો ઘટાડો કોમર્શિયલ એલપીજી સિલિન્ડરમાં થયો છે. સરકારી તેલ કંપનીઓ દર વખતે મહિનાની પહેલી તારીખે ગેસની કિંમતોનો રિવ્યુ કરે છે અને તે મુજબ વધારો ઘટાડો કરે છે. તેવામાં આ કંપનીઓએ ૧ સપ્ટેમ્બરથી લાગુ કિંમતોને અપડેટ કરી દીધી છે. જે મુજબ ડોમેસ્ટિકની કિંમતોમાં ૩ દિવસ પહેલાં કરવામાં આવેલ ફેરફાર યથાવત રાખ્યો છે પરંતુ સાથે સાથે કોમર્શિયલ ગેસ સિલિન્ડરમાં પણ ૧૫૭ રુપિયાનો ઘટાડો કરવામાં આવ્યો છે.

તમને જણાવી દઈએ કે આજ સપ્તાહમાં મંગળવાર એટલે કે ૨૯ ઓગસ્ટના દિવસે ડોમેસ્ટિક ગેસ સિલિન્ડરમાં ૨૦૦ રુપિયાનો ઘટાડો કરવામાં આવ્યો હતો. આ ફેરફાર બાદ દેશમાં LPG ડોમેસ્ટિક સિલિન્ડરની કિંમતોમાં મોટા ફેરફાર થયા હતા અને દેશની રાજધાની દિલ્હીં સિલિન્ડરની કિંમત ઘટીને ૯૦૩ રુપિયા પર આવી ગઈ હતી.

હવે કોમર્શિયલ ગેસ સિલિન્ડરમાં રાહત કરવામાં આવતાં શહેરો અનુસાર જોઈએ કે કયા કયા શહેરમાં શું શું કિંમત છે, તો દિલ્હીમાં ૧૬૮૦ની જગ્યાએ ૧૫૭ રુપિયા સસ્તું થઈને કોમર્શિયલ સિલિન્ડર ૧૫૨૨.૫૦ રુપિયાનો થઈ ગયો છે. કોલકાતામાં નવી કિંમત ૧૬૩૬, તેવી જ રીતે મુંબઈમાં ૧૪૮૨, ચેન્નઈમાં ૧૬૯૫ રુપિયામાં મળશે. જ્યારે ડોમેસ્ટિક સિલિન્ડરની કિંમતો દિલ્હી રૂ. ૯૦૩ છે. કોલકાતામાં રૂ.૯૨૯ છે.

## ભારતીય જનતા પાર્ટી રાજસ્થાનમાં ફરી એક વખત જીતનો સ્વાદ ચાખશે, કોંગ્રેસ પરાજીત થશે

। જયપુર, તા.૧ ।

રાજસ્થાનમાં વિધાનસભાની ચૂંટણીને લઈને ઝ વોટર સાથે મળીને મોટો ઑપિનિયન પોલ કર્યો છે. રાજસ્થાન ચૂંટણીમાં કઈ મોટી પાર્ટી બનીને ઉભરાશે અને કોણ સત્તાની ખુરશી મેળવશે, તેને લઈને કરવામાં આવેલા સર્વેના હેરાન કરનારા પરિણામ સામે આવ્યા છે. સર્વે મુજબ, ભારતીય જનતા પાર્ટી રાજસ્થાનમાં ફરી એક વખત જીતનો સ્વાદ ચાખશે અને કોંગ્રેસને ૭૮-૮૮ સીટો પર સંતોષ કરવો પડી શકે છે એટલે કે વર્ષ ૨૦૨૩ની ચૂંટણીમાં કોંગ્રેસને વિપક્ષમાં બેસવું પડી શકે છે. રાજસ્થાનમાં વિધાનસભાની કુલ ૨૦૦ સીટો છે. સર્વે મુજબ વિપક્ષી ભારતીય જનતા પાર્ટીને સત્તાનું સુખ ભોગવવાનો અવસર મળી શકે છે. તેને અહી ૧૦૯-૧૧૯ સીટો મળી શકે છે, જ્યારે કોંગ્રેસને ૭૮-૮૮ વચ્ચે સીટો મળશે. અન્ય પાર્ટીઓને ૧૦૫ સીટો મળી શકે છે. ઉલ્લેખનીય છે કે, ભાજપે ગત ચૂંટણીમાં બધી ૨૦૦ સીટો પર ઉમેદવાર ઉતાર્યા હતા, પરંતુ તે બહુમતનો આંકડો સ્પર્શી શકી નહોતી, જ્યારે કોંગ્રેસને ૧૦૦ કરતા વધુ સીટો મળી હતી. ચૂંટણીમાં વોટિંગ ટકાવારીની વાત કરીએ તો અહીં પણ વિપક્ષી પાર્ટી ભાજપ બાજી મારતી નજરે પડી રહી છે. ભાજપને ૪૬ ટકા વોટ મળી શકે છે, જ્યારે કોંગ્રેસનો વોટ શેર ૪૧ ટકા રહેવાનું અનુમાન છે, તો ૧૩ ટકા વોટ અન્ય પાર્ટીઓમાં જતા દેખાઈ રહ્યા છે સી વૉટરે રાજસ્થાન ચૂંટણીનું સૌથી મોટું ઑપિનિયન કર્યું છે. આ સર્વેમાં ૧૪ હજાર ૮૫ લોકો સાથે વાત કરવામાં આવી. તેની સાથે જ રાજસ્થાનની રાજનીતિના હાલના મુદ્દાઓ પર તત્કાલીન સર્વે પણ કરવામાં આવ્યો છે, જેમાં ૧ હજાર ૮૮૫ લોકોના મંતવ્યો લેવામાં આવ્યા છે. સર્વે ૨૫ જુલાઈ સુધી કરવામાં આવ્યો છે. તેમાં માર્જિન ઓફ એરર પ્લસ માઈનસ ૩ થી પ્લાન્સ મૈયાનસ ૫ ટકા છે. હવે સર્વેમાં ભાજપને સત્તાનું સુખ મળતું તો દેખાઈ રહ્યું છે, પરંતુ છેલ્લા ઘણા મહિનાઓથી રાજસ્થાનમાં ભાજપના મુખ્યમંત્રીના ચહેરાને લઈને ચોતરફ ચર્ચા થઈ રહી છે.

# ગેંગના તમામ સભ્યો હથિયારો સાથે ઈન્સ્ટા પર રિલ અપલોડ કરે છે

**પોલીસને જાણવા મળ્યું છે કે મોહમ્મદ સમીર એટલે કે માયાએ નાની વયથી જ ગુનાખોરી શરૂ કરી દીધી હતી**

। નવી દિલ્હી, તા.૧ ।

ગુનાખોરીની વાત આવે ત્યારે ઉત્તર ભારતના કેટલાક રાજ્યોમાં અલગ જ રંગ જોવા મળે છે. બે દિવસ અગાઉ દિલ્હીમાં બાઈક અથડાવાના સામાન્ય ઝઘડામાં એમેઝોનના મેનેજર હરદીપ ગિલની હત્યા કરવામાં આવી તેની પાછળ માયા ગેંગનો હાથ હોવાનું બહાર આવ્યું છે. નવાઈની વાત એ છે કે આ ગેંગની આગેવાની માત્ર ૧૮ વર્ષનો મોહમ્મદ સમીર ઉર્ફે માયા નામનો છોકરો કરે છે અને અત્યાર સુધીમાં તેના નામે ચાર મર્ડર બોલે છે. આ ગેંગના બીજા સભ્યો પણ નાની વયના છે અને ગમે તેનો જીવ લેતા ખચકાતા નથી. પોલીસને જાણવા મળ્યું છે કે મોહમ્મદ સમીર એટલે કે માયાએ નાની વયથી જ ગુનાખોરી શરૂ કરી દીધી હતી અને સગીરવયે તેણે ઓછામાં ઓછી ચાર હત્યાઓ કરી છે. હજુ આ કેસની તસાસ આગળ વધશે ત્યારે ખબર પડશે કે માયા ગેંગના નામે કેટલા ગુના બોલે છે અને તેના હાથે કેટલા લોકો માર્યા ગયા છે. શૂટઆઉટ એટ લોખંડવાલામાં વિવેક ઓબેરોયના કેરેક્ટર માયા પરથી મોહમ્મદ સમીરે આ નામ રાખ્યું છે. માયા ગેંગનો લીડર મોહમ્મદ સમીર સોશિયલ મીડિયા પર પણ એક્ટિવ છે. ઈન્સ્ટાગ્રામ પર તે લગભગ ૨૦૦૦થી વધુ ફોલોઅર ધરાવે છે અને સોશિયલ મીડિયા પર તે હથિયારો સાથેના ફોટા અપલોડ કરે છે. ઈન્સ્ટા રિલ બનાવવાનો શોખ ધરાવે છે અને જાત જાતની પિસ્તોલ, રિવોલ્વર રાખે છે. માયા તરીકે ઓળખાતા મોહમ્મદ સમીરે પોતાની પ્રોફાઈલમાં લખ્યું છેઃ નામ બદનામ, પતા કબ્રસ્તાન, ઉમ્ર જીને કી, શૌક મરને કા.'' આના પરથી જ ખ્યાલ આવી જશે કે તરુણ વયે તેના મનમાં કેવા વિચારો ચાલતા હશે અને તે કયા પ્રકારના ગુના કરતો હશે. તેણે ઈન્સ્ટા રીલમાં પોતાના હથિયારો દેખાડ્યા છે અને એક રિલમાં તે જેલનો પણ ઉલ્લેખ કરે છે. તેમાં કેટલાક યુવાનો જેલના સળિયા પાછળ છે અને તેની આગળ ઉભો રહીને માયા ફાયરિંગ કરે છે. નોર્થ ઈસ્ટ દિલ્હીમાં આ ગેંગનો ત્રાસ વધતો જાય છે પરંતુ પોલીસ હજુ સુધી કંઈ કરી શકી નથી. ૨૯ ઓગસ્ટે દિલ્હીમાં એમેઝોનના મેનેજર ગિલની હત્યા થઈ તેમાં માયા ગેંગના મેમ્બર બિલાલ ગનીનો હાથ હોવાનું બહાર આવ્યું છે. બિલાલ પકડાઈ ગયો છે જ્યારે બીજા સાથીદારોની શોધખોળ ચાલે છે. માયાનો લીડર મોહમ્મદ સમીર તાજેતરમાં જ ૧૮ વર્ષનો થયો છે જ્યારે બિલાલ ગણી રવિવારે ૧૮ વર્ષનો થયો છે.

## ભારતમાં છે સૌથી ખતરનાક રસ્તો, લોકો જોઈને ચોંકી જાય

। નવી દિલ્હી, તા.૧ ।

પર્વતોમાં રસ્તાઓ તદ્દન દુર્ગમ હોય છે. ઘણી બધી સાંકડી પટ્ટી જેને પાર કરવી મુશ્કેલ છે, પરંતુ કિલ્લારથી કિશ્તવાડ સુધીનો રસ્તો સૌથી ખતરનાક છે. વાસ્તવમાં આ રસ્તો ખૂબ જ તૂટેલો છે, સાથે જ પહાડો પણ નીચે તરફ નમેલા છે. જો રસ્તો નાનો હોત તો પણ લોકોએ ડરીને તેને પાર કરી લીધો હોત, પરંતુ તેની લંબાઈ ૧૧૪ કિલોમીટરથી વધુ છે. જમ્મુના કિશ્તવાડથી શરૂ થતો આ રસ્તો પાતળો છે, જો જોરદાર પવન ફૂંકાશે તો તમને લાગશે કે બસ ઉડીને ખાડામાં જવાની છે. ખાસ વાત એ છે કે કિનારા પર રેલિંગ નથી. આ માર્ગનો સૌથી ખતરનાક ભાગ એ છે કે ૧૦૦૦ ફૂટની ખીણ, જેનાથી પસાર થવું દરેક માટે શક્ય નથી. જો ભૂલથી પણ તમારું વાહન સ્લીપ થઈ જાય તો તેને બચાવવું મુશ્કેલ જ નહીં પરંતુ અશક્ય પણ છે. આ રસ્તો તમને હિમાચલ પ્રદેશની પાંગી ખીણમાં લઈ જાય છે.

## તંત્રી લેખ...

# સમાજને ટ્રાફિક નિયમ સમજવાની જરૂર

થોડાક જ દિવસો પહેલા અમદાવાદના ઈસ્કોન બ્રિજ પર થયેલા ભયંકર અકસ્માતમાં ૯ નિર્દોષ લોકોએ જાન ગુમાવ્યા હતા. અકસ્માત કરનારા તથ્ય પટેલ અને બીજા જવાબદારોને કડકમાં કડક સજા કરવા સરકાર અને સમાજ બન્ને કટિબદ્ધ છે. આ અકસ્માતે ઘણાનાં ઘર ઉજાડ્યા, સપનાઓ રોળ્યા અને ફરીવાર સમાજમાં રથ ડ્રાઈવિંગ, નશામાં ડ્રાઈવિંગ, બેફામ ડ્રાઈવિંગ, ટીન એજ ડ્રાઈવિંગ જેવો મુદ્દાઓ ચર્ચાનો વિષય બન્યા છે. દરરોજ થતા મોત, માતમ, સડક પર પડેલાં લોહીના ખાબોચિયા, ક્ષત-વિક્ષત અંગો, એનાથી ઉજડી ગયેલા પરિવારો આ બધાં શ્યો આપણને વિચલિત કરી દે છે. ગુજરાતમાં ૨૦૨૧માં ૧૫,૨૦૦ અકસ્માતોમાં ૭૪૫૭ લોકોનાં મૃત્યુ અને ૧૩,૭૨૨ લોકો ગંભીર રીતે ઘાયલ થયા હતા, ૨૦૨૦માં ૧૩,૪૦૭ અકસ્માતોમાં ૬૨૦૦ મૃત્યુ અને ૧૧૯૮૪ લોકો ઘાયલ, આ અકસ્માતો ઘર-પરીવારો તબાહ કરી નાખે છે. ભારતમાં ઉત્તરોત્તર વધી રહેલા અકસ્માતો અંગે ચિંતા અને ચિંતન કરવાની જરૂર છે. ભારતમાં સડક નિર્માણના આંકડા ગૌરવ અપાવે એવા છે. પરંતુ સડક દુર્ઘટનાના આંકડા હતપ્રભ કરી દે તેવા છે. એક રિપોર્ટ અનુસાર માર્ગ અકસ્માતમાં અગ્રતા ક્રમે હોય એવા ૨૦ દેશોમાં ભારત પ્રથમ સ્થાને છે. સડક પરિવહન વિભાગના આંકડા અનુસાર ભારતમાં દરરોજ સરેરાશ ૪૧૫ લોકો અકસ્માતમાં જીવ ગુમાવે છે. એનસીઆરબી રાષ્ટ્રીય અપરાધ રેકોર્ડ બ્યૂરો મુજબ ૨૦૨૧માં એક્સિડેન્ટમાં ૧ લાખ ૫૦ હજાર લોકોનાં મોત થયા અને સાડા ત્રણ લાખ લોકો ગંભીર રીતે ઘાયલ થયા છે. દેશમાં થતા આટલા ભયંકર અકસ્માતોમાં અનેક કારણો જવાબદાર છે. નશામાં ડ્રાઈવિંગ, ઓવરસ્પીડ, ખોટી ઓવરટેકિંગ, ભયજનક ડ્રાઈવિંગ, મોબાઈલ ફોન પર વાત કરતાં ડ્રાઈવિંગ, નાઈટ ડ્રાઈવિંગ, લાપરવાહી, અનુભવની કમી, સિગ્નલ તોડવા, ખોટી લેન, રાતના ઉજાગરા-ઘેન, ખરાબ રોડ, પ્રાણીઓનું વચ્ચે આવી જવું, માર્ગ પર ચાલતું કામ, ડાયવર્જન, ગાડીના ટાયર ફાટવાં, બ્રેક ફેઈલ થઈ જવી કે અન્ય વાહન સંબંધિત સમસ્યા-વગેરેને કારણે અકસ્માતો નોંધાય છે. ક્યારેક એન્ટી લોક સિસ્ટમ, એરબેગ, રોડ સાઈન, લાઈટ સાઈન વગેરેની અણસમજ કે જાગૃરકતાની કમી પણ જવાબદાર હોય છે. પરંતુ આઘાતજનક એ છે કે, સડક દુર્ઘટનામાં થતાં મૃત્યુમાંના ૯૦ ટકાથી વધુ મોત ઓવરસ્પીડ, ઓરટેકિંગ અને ખતરનાક અને વેપરવાહ ડ્રાઈવીંગને કારણે થાય છે. આ અકસ્માતો નિવારવા સરકાર, સમાજ અને વ્યક્તિગત રીતે પગલાં ભરવાં પડશે.

## બાળકનું ઘડતર કઈ દિશામાં?

૨૧ સદીના આધુનિક ઉપકરણોએ બાળકનાં મન, એની જિજ્ઞાસા, બાળકના ઉછેર અને અસ્તિત્વ પર પોતાનું એક આગવું આધિપત્ય જમાવ્યું છે. એક સાત વર્ષના બાળકના હાથમાં એના પિતાએ કંપાસ એટલે કે દિશાસૂચક યંત્ર મૂક્યું. એ બાળકને ત્યારે ખબર ન હતી કે આ શું છે? એને વિચાર્યું કે એવી કઈ શક્તિ છે જેનાથી આ યંત્ર દિશા બતાવી શકે ? અને આવા બીજા અનેક પ્રશ્નો એના નાનકડા મનમાં ઉદ્ભવ્યા. એ બાળકમાં કંઈક નવું જાણવાની જિજ્ઞાસા અને લગન હતી અને આ જિજ્ઞાસા સીમિત ન હતી..! એવા તો કેટલાય પ્રશ્નો એક પછી એક એ નાનકડા બાળ મગજમાં ઉદભવ્યા અને આ જિજ્ઞાસાએ બાળકને એક મહાન વૈજ્ઞાનિક આલબર્ટ આઈન્સ્ટાઈનની ઓળખ આપી. આવી અનેક જિજ્ઞાસાઓ અને કુતૂહલતા દરેક બાળકમાં હોય જ છે. બાળ સહજ પ્રશ્નોમાં કંઈક નવું જાણવાની સમજવાની જિજ્ઞાસા રહેલી છે. જરૂર છે ફક્ત એ જિજ્ઞાસાને, એ પ્રશ્નોને સાચી દિશાની..! બાળક જયારે સવાલ પૂછે છે ત્યારે એની અપેક્ષા એવી હોય છે કે એના સવાલને એક વાસ્તવિક જવાબના રૂપ માં ન્યાય મળે. સમજાવીને પટાવીને એ સમય પૂરતું કદાચ એના પ્રશ્નો ને અટકાવી તો દઈએ પણ શું આ વ્યાજબી છે? મોબાઈલ નામના યંત્ર એ બાળ સહજ મનને જકડી રાખ્યું છે. બાળકનું મન અને એની જિજ્ઞાસા મોબાઈલના પ્લે સ્ટોર સુધી જ સીમિત થઈ ગઈ હોય એવું નથી લાગતું? ૨૧ સદીના આધુનિક ઉપકરણોએ બાળકનાં મન, એની જિજ્ઞાસા, બાળકના ઉછેર અને અસ્તિત્વ પર પોતાનુ એક આગવું આધિપત્ય જમાવ્યું છે. એક અપંગ બાળકને એની માતા એક દિવસ રમતોત્સવની હરીફાઇ જોવા લઈ ગઈ. એ બાળક જ્યાં ઉંચા કુદકાની રમત રમાતી હતી ત્યાં જઈને બેઠો. એણે ખૂબ જ ઝીણવટ પૂર્વક સઘળી રમત નિહાળી કે કેવી રીતે એક યુવાન ઊંચો કૂદકો લગાવી રહ્યો હતો. એ બાળકને તે જ ક્ષણે જિજ્ઞાસા થઈ કે હું પણ ઊંચો કૂદકો લગાવીશ, પણ ત્યાં જ એની નજર એના પગ અને બાજુમાં રાખેલી ઘોડી પર પડી, એ નિરાશ થઈ ગયો પણ એના મનમાં ફરી વાર પાછો વિચાર આવ્યો. એની માતાના શબ્દો યાદ આવ્યા કે ‘‘બેટા તું હિંમત રાખીશ તો તું જે ધારીશ એ કરી શકીશ.’’ એ અપંગ બાળકના આ દૃઢ વિચારોએ એને ઓલિમ્પિક સ્પર્ધામાં પ્રથમ દિવસે જ ઓલિમ્પિક વિક્રમ સ્થાપનાર વોલ્ટર ડેવિસની નવી જ ઓળખ આપી. બસ આ જ રીતે થોડી કોશિશ તો કરીએ એક નવા વળાંકની ...ઉદ્ભવેલા પ્રશ્નોને સમજવાની અને એટલી જ ધીરજથી સચોટ માર્ગદર્શન આપવાની કોશિશ તો કરી જ શકીએ. આકાશને આંબવાની અભિલાષા અને અભરખા સાથે જીવતા બાળકના મનને જરૂર છે સાચી સમજણની યોગ્ય માર્ગદર્શનની! આંગળી પકડીને ચાલતા તો શીખવાડી દીધું પણ યોગ્ય સમયે યોગ્ય ઉંમરે બાળકને સાચી દિશામાં વાળવાની જરૂર છે. બાળકના જન્મદિવસ પર મોંઘીદાટ ભેટ સોગાદ આપી ગર્વથી એવું અનુમાન લગાવીએ છીએ કે આપણે સક્ષમ છીએ પણ શું આ પૂરતું છે ?? દુનિયામાં સૌપ્રથમ ક્રમે આવતા આઈફોન કંપનીના માલિક સ્ટીવ જોબ્સએ એના બાળકોને આઈફોનના ઉપયોગથી દૂર રાખ્યા હતા. એની જગ્યાએ ઘરમાં જ પુસ્તકોની લાયબ્રેરી બનાવી જેથી બાળકો પુસ્તકોમાંથી જીવનમાં આગળ આવવાની પ્રેરણા લઈ શકે. આવી અદ્ભુત વિચારશક્તિનો અમલ આપણે આપણા જીવનમાં કેમ ના મૂકી શકીએ ? બી.એ.પી.એસ. સંસ્થાના વડા પ.પૂ.પ્રમુખસ્વામી મહારાજ હંમેશા કહેતા કે અઠવાડિયામાં બે કે ત્રણ દિવસ ઘર પરિવારના સભ્યો અને બાળકો સાથે બેસી સભા કરવી અને એમાં ગ્રંથોનું વાંચન કરવું. સાથે સાથે પરિવારમાં એકતા રહે એના માટે સારાં શાસ્ત્રો, પુસ્તકોનું વાંચન અને વિચારોની આપ લે કરવી. ખાસ કરીને બાળકોમાં સારા સંસ્કારનું સિંચન થાય એવી વાતો કરવી જીવન ઘડતરના પાઠ શીખવવા અને એને અમલમાં મૂકવું. એક સારી અને ઉમદા વિચારધારાથી જો બાળકને સાચી દિશામાં વાળીએ તો આવનારી પેઢી માટે આનાથી બીજો કોઈ અમૂલ્ય વારસો ના હોઈ શકે કારણ કે આજનું દરેક બાળક એ આવતીકાલની એટલે કે ભવિષ્ય પેઢીનો પાયો છે.

# વૈશ્યની પ્રાર્થનાથી ભગવાન શંકર તત્ક્ષણ એ કારાગારમાં એક ઊંચા સ્થાનમાં એક ચમકતાં સિંહાસન પર સ્થિત જયોતિર્લિંગનાં રૂપમાં શિવજી પ્રગટ થયાં



સદગુરુ વચનામૃત

સંકલન ફાલ્ગુની વસાવડા (ભાવનગર)



વિશ્વ આખામાં આત્મ શાંતિ અને આત્મ કલ્યાણ ની વાત માત્રને માત્ર આપણા દેશ ભારત માં કરવામાં આવે છે અને કદાચ સનાતન ધર્મના મૂળ અડ્યા છે એવાં બૌદ્ધ ધર્મ ને અનુસરતા દેશમાં પણ આવી વાત કરવામાં આવી છે. પરંતુ ભારત એક બિનસાંપ્રદાયિક દેશ છે, અને તેને કારણે અહીં ઘણા ધર્મો પ્રચલિત છે. ભારતનું એક રાજ્ય એવું આપણું ગુજરાત ધર્મની બાબતમાં મોખરે છે, અને એમાં પણ અહીં શંકરનાં ઘણા શિવાલયો આવેલા છે. કોઈ પર્વત ઉપર હોય, તો કોઈ નદીની મધ્યમાં હોય, કોઈ સમુદ્રમાં હોય, તો કોઈ જંગલમાં પણ હોય. પરંતુ ભક્ત ભગવાનને ભજવા ત્યાં સુધી પહોંચી જ જાય છે, અને તેની આસ્થા પ્રમાણે તે તેનું પૂજન-અર્ચન કરે છે. હિન્દુ ધર્મમાં શિવ શંકરને મુખ્ય ત્રિદેવમાંના એક માનવામાં આવે છે. મહાદેવનાં અસંખ્ય નામ પણ છે, મોટે ભાગે તેના દેખાવ, અને તેના ગુણ પરથી તેના નામ રાખવામાં આવે છે. ભગવાન શંકરનું મુખ્ય ઘરેણું સર્પ માનવામાં આવે છે, તેનાં ગળામાં અને કટિ ભાગ પર પણ સર્પ જોવા મળે છે. એટલે ભગવાન શંકરનું એક નામ નાગેશ્વર પણ છે, અને જેને ગુજરાતના બીજા જ્યોતિર્લિંગ તરીકે સ્થાન મળ્યું છે, તેવા નાગેશ્વરનાં મંદિર વિશે આપણે આજે વાત કરીશું.

ગુજરાતનાં શિવ મંદિરોની વાત કરતાં હોઈએ, તો ગુજરાતના નાગેશ્વર જયોતિર્લિંગને કેમ કરી ભૂલાય !! નાગેશ્વર મંદિર એક પ્રસિદ્ધ મંદિર છે, જે ભગવાન શિવને સમર્પિત છે. એ દ્વારકાના સીમ ક્ષેત્રમાં સ્થિત છે, જે ભગવાન શિવજીનાં બાર જયોતિર્લિંગોમાનું એક છે. હિંદુ ધર્મ અનુસાર નાગેશ્વરનો અર્થ નાગોના ઈશ્વર થાય છે. ભગવાન નાગેશ્વરનાં પૂજન અર્ચનથી વિષ આદિથી બચાવનો સાંકેતિક અર્થ પણ છે, રુદ્ર સંહિતામાં આ ભગવાનને દારુકાવને નાગેશ કહેવામાં આવ્યાં છે. ભગવાન શિવનું આ પ્રસિદ્ધ જયોતિર્લિંગ ગુજરાત પ્રાંતમાં દ્વારકા પુરીથી લગભગ ૧૭ માઈલની દૂરી પર સ્થિત છે. આ પવિત્ર જયોતિર્લિંગનાં દર્શનનો શાસ્ત્રોમાં મોટો મહિમા બતાવવામાં આવ્યો છે, કહેવામાં આવ્યું છે કે આ નાગેશ્વરનું મંદિર પૃથ્વી પરનું પ્રથમ જ્યોતિર્લિંગ છે, અને શ્રદ્ધાપૂર્વક એમની ઉત્પત્તિ અને મહાત્મયની કથા જે કોઈ સાંભળશે એ બધાં પાપોમાંથી છુટકારો પામીને સમસ્ત સુખોનો ભોગ કરતાં કરતાં અંતમાં ભગવાન શિવનાં પરમ પવિત્ર દિવ્ય ધામને પ્રાપ્ત કરશે. દરેક જ્યોતિર્લિંગ પાછળ એક પૌરાણિક કથા હોય છે તેમ નાગેશ્વરનાં જ્યોતિર્લિંગ પાછળ પણ એક પૌરાણિક કથા છે, અને એ મુજબ આ જયોતિર્લિંગના પ્રમાણિત પુરાણોમાં આ કથા વર્ણવેલી છે. દ્વારકા નજીક દારુક નામની સીમ આગળ,દારુક નામની નદી પણ હતી, અને ત્યાં એક રાક્ષસ રહેતો હતો, રાક્ષસનું નામ દારુક હતું, એટલે જ કદાચ સીમ અને નદીનું નામ પણ દારુક પડ્યું હોય. તેને માતા પાર્વતીનું વરદાન હતું. એટલે તે કોઈનાથી પણ મરતો ન્હોતો, અને જે કોઈ નદી પાર કરવા આવે તેને લૂંટી અને મારી નાખતો હતો. સુપ્રિય નામનો એક બહુ જ મોટો ધર્માત્મા અને સદાચારી વૈશ્ય હતો. એ ભગવાન શિવનો અનન્ય ભક્ત હતો !! એ નિરંતર એમની આરાધના, પૂજન, અને ધ્યાનમાં તલ્લીન રહેતો હતો.પોતાનાં બધાં કાર્યો એ ભગવાન શિવને અર્પિત કરીને કરતો હતો. મન , વચન , કર્મથી એ પૂર્ણત : શિવાર્ચનમાં જ તલ્લીન રહેતો હતો.એમની આ શિવ ભક્તિથી દારુક નામનો રાક્ષસ બહુજ કૃદ્ધ રહેતો હતો, એને ભગવાનની આ પૂજા કોઈ પણ પ્રકારે સારી નહોતી લાગતી હતી. એ નિરંતર એ વાતનો જ પ્રયત્ન કર્યા કરતો હતો કે એ સુપ્રિયની પૂજા અર્ચનામાં વિઘ્ન પડે!! એકવાર સુપ્રિય નૌકા પર સવાર થઈને ક્યાંક જઈ રહ્યો હતો, એ દુષ્ટ રાક્ષસ દારુકે આ ઉપયુક્ત અવસર જોઈને નૌકા પર આક્રમણ કરી દીધું. એણે નૌકામાં સવાર બધાં યાત્રીઓને પકડીને પોતાની રાજધાનીમાં લઈ જઈને કેદ કરી લીધાં. સુપ્રિય કારાગારમાં પણ પોતાનાં નિત્યનિયમ અનુસાર ભગવાન શિવની પૂજા આરાધના કરવાં લાગ્યાં !! અહિયા બંદી યાત્રીઓને પણ એ શિવ ભક્તિની પ્રેરણા આપવાં લાગ્યો. દારુકે જ્યારે પોતાનાં સેવકો પાસેથી સુપ્રિયનાં વિષયમાં સમાચાર સાંભળ્યા ત્યારે અત્યંત ક્રોધીત થઈને કારાગારમાં આવી પહોંચ્યો. સુપ્રિય એ સમયે ભગવાન શિવનાં ચરણોમાં ધ્યાન લગાવીને બંને આંખો બંધ કરીને બેઠો હતો,એ રાક્ષસે એની આ મુદ્રા જોઈ અત્યંત ભીષણ સ્વરમાં એને દાંટતાં કહ્યું ’’ અરે દુષ્ટ વૈશ્ય !! તું આંખો બંધ કરીને અહીંયા કયો ઉપદ્રવ અને ષડયંત્ર કરવાની વાતો વિચારી રહ્યો છે ? ’’ એનાં આ કહેવા પર પણ ધર્માત્મા શિવ ભક્ત સુપ્રિયની સમાધિ ભંગ ન જ થઈ, હવે તો એ દારુક રાક્ષસ ક્રોધથી એકદમ પાગલ થઈ ઉઠયો! એને તત્કાલ પોતાનાં અનુચરોને સુપ્રિય તથા અન્ય બધાં જ બંદીઓને મારી નાંખવાનો આદેશ આપ્યો, સુપ્રિય એનાં આ આદેશથી જરા પણ વિચલિત અને ભયભીત ન થયો, એ એકાગ્ર મનથી પોતાની અને અન્ય બંદીઓની મુક્તિ માટે ભગવાન શિવને પ્રાર્થના કરવા લાગ્યો, અને એને પૂર્ણ વિશ્વાસ હતો, કે મારાં આરાધ્ય ભગવાન શિવજી આ વિપત્તિમાંથી મને અવશ્ય છુટકારો અપાવશે! એની આ પ્રાર્થના સાંભળીને ભગવાન શંકર તત્ક્ષણ એ કારાગારમાં એક ઊંચા સ્થાનમાં એક ચમકતાં સિંહાસન પર સ્થિત જયોતિર્લિંગનાં રૂપમાં પ્રગટ થયાં.

એમણે આ પ્રકારે સુપ્રિયને દર્શન આપીને એને પોતાનું પાશુપત - અસ્ત્ર પણ પ્રદાન કર્યું, આ અસ્ત્રથી રાક્ષસ દારુક તથા એનાં સહાયકોનો વધ કરીને સુપ્રિય શિવધામ ચાલ્યા ગયાં ! ભાગવાન શિવનાં આદેશાનુસાર જ આ જયોતિર્લિંગનું નામ નાગેશ્વર પડયું છે. શ્રી નાગેશ્વર જ્યોતિર્લિંગ ગુજરાત પ્રાંતના દ્વારકાપુરીથી લગભગ ૨૫ કિલોમીટરની દૂરી પર આવેલું છે.આ સ્થાન ગોમતી દ્વારકાથી બેટ દ્વારકા જતાં રસ્તામાં પડે છે,આની અતિરિક્ત નાગેશ્વર નામથી બે અન્ય શિવલિંગોની પણ ચર્ચા ગ્રંથોમાં છે. મતાંતરથી પણ આ લિંગોને પણ કેટલાંક લોકો “ નાગેશ્વર જયોતિર્લિંગ ” કહે છે. એમાંથી એક નાગેશ્વર જયોતિર્લિંગ નિઝામ હૈદરાબાદ આંધ્રપ્રદેશમાં છે,જયારે બીજું ઉત્તરાખંડનાં અલ્મોડામાં યોગેષ અથવા જાગેશ્વર શિવલિંગ નામથી પ્રસિદ્ધ છે.યદ્યપિ શિવ પુરાણ અનુસાર સમુદ્રના કિનારા દ્વારકા પૂરીની પાસે સ્થિત શિવલિંગ જ જ્યોતિર્લિંગનાં રૂપમાં પ્રમાણિત થાય છે !! ભોલેનાથનાં નિર્દેશાનુસાર જ આ શિવલિંગનું નામ “ નાગેશ્વર જ્યોતિર્લિંગ ” પડયું છે ! “

નાગેશ્વર નો આ જ્યોતિર્લિંગ કેટલાય વર્ષો સુધી નાનકડી એવી ડેરીના સ્વરૂપમાં જ હતું, પરંતુ ભજન સમ્રાટ ગુલશન કુમારે આ મંદિરના જિર્ણોદ્ધારનો સંકલ્પ કર્યો, અને ૧૯૯૬ની સાલમાં તેણે આ મંદિરના જીર્ણોદ્ધારનું કાર્ય આરંભ કર્યું. આ દરમિયાન તેની હત્યા થઈ જતા બાકીના મંદિરના નિર્માણનું કાર્ય તેના પરિવારજનોએ પૂર્ણ કર્યું, અને ૨૦૦૨ની સાલમાં આપણને અત્યારે દેખાય છે તે જ્યોતિર્લિંગનું મંદિર અસ્તિત્વમાં આવ્યું, અંદાજે ૧.૨૫ કરોડ રૂપિયાનો ખર્ચ આ મંદિર પાછળ થયો, જે ગુલશનકુમાર ચેરીટેબલ ટ્રસ્ટ માંથી આપવામાં આવ્યો. મંદિરમાં ગુલશન કુમાર દ્વારા આ મંદિરનો જીણોદ્ધાર થયો છે, એવી તકતી તથા ફોટો પણ મૂકવામાં આવ્યો છે. આ ઉપરાંત અહીં ૧૨૫ ફૂટ લાંબી અને ૨૫ ફૂટ પહોળી પ્રતિમા મુકવામાં આવી છે જે આ મંદિરનું મુખ્ય આકર્ષણ કેન્દ્ર છે, અને લગભગ બે કિલોમીટર દૂરથી પણ આ પ્રતિમાના દર્શન થાય છે. મંદિરના મુખ્ય દ્વારમાં પ્રવેશ કરો, એટલે સામે લાલ કલરનુ નાગેશ્વર જ્યોતિર્લિંગનું મંદિર દેખાય છે. મંદિરના શિવલિંગ પર ચાંદીનું એક આવરણ છે, અને તેની પર એક જ નાગ મુદ્રા સ્થિત છે, જ્યારે શિવલિંગની બરોબર પાછળ પાર્વતીની મૂર્તિ આવેલી છે. દરેક મંદિરમાં હોય છે તેમ આ મંદિરના ગર્ભગૃહમાં જવા માટેના પણ ખાસ નિયમો છે, અને એ અનુસાર અહીં ધોતી પહેર્યા વગર આ મંદિરમાં પ્રવેશ મળતો નથી, અને શંકર ને ફક્ત ગંગાજળનો અભિષેક થાય છે, જે મંદિર તરફથી નિશુલ્ક રૂપે મળે છે.આ ઉપરાંત મંદિર તરફથી નાનામાં નાનો માણસ પણ તેનું પૂજન કરી શકે એ માટે ૧૦૫ રૂપિયાથી શરૂ કરીને ૨૧૦૧ સુધી પૂજાપો ઉપલબ્ધ થાય છે, જેના દ્વારા આપણે જ્યોતિર્લિંગના શિવલિંગની પૂજન વિધિ કરી શકીએ છીએ. તો ગુજરાતીઓને પ્રિય એવા નાગેશ્વર મંદિરનો આ ઈતિહાસ છે. ભગવાન શંકરાચાર્ય કે જે પોતે શંકરાવતાર કહેવાય છે, એમણે આપણને માનસિક પૂજા આપી છે, અને એના દ્વારા આપણે જ્યાં બેઠા હોઈએ ત્યાં ભગવાન શંકરનું માનસિક પૂજન કરી અને જ્યોતિર્લિંગમાં દર્શન કરીએ છીએ તેવો ભાવ લાવવાથી, પણ ભગવાન પ્રસન્ન થાય છે.

## શ્રાવણ માસમાં શિવ મહિમા-૧૭

# સોમનાથ જ્યોતિર્લિંગ વિશેનો મહીમા જાણવા પ્રયત્ન કરીશું



વિશેષ

યશપાલસિંહ ટી. વાઘેલા



પવિત્ર શ્રાવણ માસ ચાલી રહયો છે. આપણે શ્રાવણ માસમાં શિવ મહિમા કલમ કાગળના માધ્યમથી વર્ણવી રહ્યા છીએ ત્યારે આજે શ્રાવણ માસમાં શિવ મહિમા-૧૭માં બાર જ્યોતિર્લિંગ પૈકી પ્રથમ સોમનાથ જ્યોતિર્લિંગ વિશેનો મહીમા જાણવા પ્રયત્ન કરીશું. સોમનાથ જ્યોતિર્લિંગ એ રાજ્યના સૌરાષ્ટ્ર સાગર કાંઠે આવેલું ભવ્ય શિવ મંદિર છે. ભગવાન શિવના બાર પવિત્ર જ્યોતિર્લિંગમાંનું પ્રથમ સોમનાથ જ્યોતિર્લિંગ છે. ભારતીય ચંદ્રયાન ચંદ્રની દક્ષિણ ધ્રુવ ધરા ઉપર ઉતરીને વિશ્વમાં ડંકો વગાડ્યો ત્યારે ચંદ્ર એટલે સોમ.

સોમનાથ મહા શિવ તીર્થનો મહિમા જોઈએ જેનો ઉલ્લેખ ઋગ્વેદમાં પણ થયો છે. મંદિરની ખ્યાતિથી લલચાઈને લુંટ તથા ધર્માંતરણ કરવાને ઈરાદે આવેલા અનેક વિનાશકારી વિકૃત માનસિકતા ધરાવતા વિદેશી આક્રમણકારો સામે સોમનાથનું આ મંદિર ઝઝૂમી અડીખમ રહ્યું છે. મંદિરનો જ્યારે જ્યારે વિનાશ કરવાનો પ્રયત્ન થયો છે,ત્યારે ત્યારે તેને ફરીને બાંધવામાં આવ્યું છે. દંતકથા અનુસાર સોમ એટલે ચંદ્ર ભગવાને સોનાનું,રાવણે ચાંદીનું અને શ્રી કૃષ્ણે ચંદનના લાકડાનું મંદિર બાંધ્યું હતું.ચંદ્રદેવને સત્યા વીસ પત્નીઓ હતી જેને આપણે આજે સત્યાવીસ નક્ષત્રોના નામો થી ઓળખીએ છીએ તે બધી દક્ષ પ્રજાપતિની પુત્રીઓ હતી. તેમાંથી રોહિણી નામવાળી પત્ની સાથે ચંદ્ર સદાય પ્રેમમગ્ન રહેતા. બાકીની છવીસ પત્નીઓ કે જે સગી બહેનો હતી તે પતિ વિયોગે ઉદાસ રહેવા લાગી. એક દિવસ પિતા દક્ષ દીકરીઓનું દુ:ખ જાણીને દુભાયા અને જમાઈ ચંદ્ર ને આજ્ઞા કરી કે દરેક પત્ની સાથે સરખો પ્રેમભાવ રાખવો. પણ ચંદ્રે વડીલની આજ્ઞા અવગણી આથી દક્ષરાજે ક્રોધિત થઈને ‘‘ચંદ્રને શ્રાપ આપ્યો કે તારો ક્ષય થાય.’’ આથી પ્રજાપિતા બ્રહ્માની સલાહ થી સૌથી પ્રિય પત્ની રોહિણી સાથે ચંદ્રએ આ સ્થળે ‘પ્રભા’ પાછી મેળવવાની આશા સાથે પ્રભુ શિવનું ધ્યાન કર્યુંને તપસ્યા કરી. તેણે આ ક્ષેત્ર માં શિવજીની મહામૃત્યુંજય મંત્રથી પૂજા કરી હતી. તપથી પ્રસન્ન થયેલા શિવ શંકરના અનુગ્રહથી ચંદ્રનો શ્રાપ માંથી આંશિક છૂટકારો થયો. ત્યારથી શિવજીની કૃપાથી પંદર દિવસ સુધી વધતો (સુદ અથવા વદ પક્ષ) અને પછી પંદર દિવસ ઘટતો ચંદ્ર થાય છે. મધ્ય કાલીન યુગમાં સોમનાથનું પહેલું મંદિર ૨૦૦૦ વર્ષ પહેલાં અસ્તિત્વમાં આવ્યું હોવાનું કહેવાય છે.

ઈ.સ. ૬૪૯ની સાલમાં વલ્લભીવંશના શાસક રાજા મૈત્રકે પહેલાં મંદિરનો જીર્ણોદ્ધાર કરી તેના સ્થાને બીજું મંદિર બનાવ્યું. આ સમય સને ૪૮૭થી ૭૬૭ સુધીનો ગણાય છે.પરમારોના એક શિલાલેખ મુજબ માળવાના ભોજ પરમારે અહીં મંદિર બંધાવ્યું હતું. આ મંદિર ૧૩ માળ ઊંચું હતું અને મંદિરના દ્વાર હીરાજડિત હતા તેના ઉપર ૧૪ સુવર્ણ કળશો વિરાજમાન હતા.તેની ઉંચે ફરકતી ધજાથી નાવિકો તેને સોમનાથનું મંદિર પિછાણી તે તરફ વહાણો હંકારતા.ઈ.સ.૭૫૫માં વલ્લભી સામ્રાજયના પતન સાથે આરબ આક્રમકોએ સોમનાથનું પતન કર્યું. સિંધના અરબ શાસક જૂનાયદે તેની સેના લઈ મંદિર પર હુમલો કરી મંદિરનો નાશ કર્યો હતો. પ્રતિહારરાજા નાગભટ્ટ બીજાએ ૮૧૫માં ત્રીજી વખત લાલ પથ્થર (રેતીયો પથ્થર) વાપરી મંદિરનું નિર્માણ કર્યું. ૧૦૨૫ની સાલમાં મહંમદ (કે મહમૂદ)ગઝનવીએ પ્રભાસનો મજબૂત કિલ્લો હિંદુઓ સાથેના આઠ દિવસ ચાલેલા લોહીયાળ જંગ પછી તોડ્યો. રાજા ભીમદેવ પહેલા હાર્યા. પચ્ચાસ હજાર હિન્દુ ઓની કતલ થઈ.તેણે મહાદેવજીની પાંચ ગજ ઉંચી અને બે ગજ પહોળી મૂર્તિ તોડવા માંડી ત્યારે શિવભક્ત ભૂદેવોએ તેને તે સમયે પાંચકરોડ રૂપિયા આપવાની તૈયારી બતાવી. પણ તેણે કહ્યું: રૂપિયા લેવા કરતાં મને મૂર્તિ ભાંગવામાં વધારે મજા પડે છે! અને આખરે સોમનાથ લૂંટાયું અને તેણે સળગાવીને તેનો વિનાશ કરવામાં આવ્યો. શિવલિંગ ના ટુકડે -ટુકડા કરવામાં આવ્યા. એટલું જ નહિ, તે શિવલિંગના ટુકડાઓ તે પોતાની સાથે પાછો ગઝની લઈ ગયો અને ત્યાંના એક મસ્જિદના પ્રવેશ દ્વારના પગથિયાં ની નીચે તેમને દાટી દીધા કે જેથી મુસલમાનો હંમેશા એમના ઉપર પગ મૂકીને ચઅપમાનિત કરીને મસ્જીદમાં પ્રવેશી શકે. મહમૂદને એક જ માસમાં રાજા પરમદેવે ત્યાંથી ભગાડ્યો. ૧૦૨૬-૧૦૪૨ના સમયમાં માળવા ના પરમાર રાજા ભોજ તથા અણહિલવાડ પાટણના સોલંકી રાજાભીમદેવે ચોથા મંદિરનું નિર્માણ કર્યું.તે જીર્ણ થતાં સમ્રાટ કુમારપાળે સને ૧૧૬૯માં આ મંદિરની રચના પુનઃ કરાવીને ફરીથી મંદિરની મહિમાનો અને જાહોજલાલીનો યુગ શરૂ કર્યો. આ પછી ૧૨૦ વર્ષે,સને ૧૨૯૯ની સાલમાં જ્યારે દિલ્લી સલ્તનતે ગુજરાતનો કબજો કર્યો ત્યારે અલ્લાઉદ્દીન ખીલજીના સેનાપતિ ઉલુઘખાને મૂર્તિના ટુકડે ટુકડા કર્યા અને ગાડામાં ભરીને તે દિલ્હી લઈ ગયો. સોમનાથનો વિનાશ કરવામાં આવ્યો. અગિયારમી સદીમાં આ વિનાશ પહેલા સોમનાથની સમૃદ્ધિ કેટલી વિપુલ હતી તેનો ઉલ્લેખ મળે છે કે સ્થાનિક રાજાઓએ મંદિરના નિભાવ માટે દશ હજાર ગામડાં અર્પણ કર્યા હતા. આ પવિત્ર સ્થળમાં બસો મણ વજન ની સાંકળો ઉપર સોનાની ઘંટડી ઓ ઝૂલતી હતી,જેના દ્વારા શિવ પૂજાના સમયની જાહેરાત કરાતી.

૫૬ જેટલા સાગના વિરાટ સ્તંભો ઉપર આ મંદિર ઉભું હતું. સેંકડો નટ-નટીઓ નૃત્ય કરી ભગવાન શિવને રીઝવતા.થાંભલે થાંભલે હિન્દુસ્તાનના રાજવીઓના નામ, ઈતિહાસ અને ખજાના ભર્યા હતા માત્રને માત્ર ગંગાજીના પાણીથી જ અહીં પૂજન થતું.ભોયરામાં રત્નો અને સોનાના ભંડારો હતા પરંતુ મૂર્તિ ગઈ,લૂંટ થઇ પછી ફરી મંદિર વેરાન બની ગયું.એ પછી રા’નવઘણ ચોથાએ માત્ર લિંગની પ્રતિષ્ઠા કરી અને રાજા મહિપાળ દેવે સને ૧૩૦૮ અને ૧૩૨૫ વચ્ચે સમગ્ર મંદિરનો જીર્ણોદ્ધાર કર્યો. સને ૧૩૪૮ માં રાજા રા’ખેંગાર ચોથાએ સોમનાથમાં રહેતા મુસ્લિમ હાકેમને હાંકી કાઢ્યો. પરંતુ માત્ર ૭૦ જ વર્ષ પછી સને ૧૩૯૪-૯૫માં ગુજરાતના ધર્માંધ સુલતાન મુઝ્ઝફરખાન બીજાએ તેનો ફરીથી મૂર્તિ સહિત વિનાશ કર્યો. મંદિરમાં મસ્જિદ બનાવી. મૌલવીઓ અને કાઝીઓ રાખ્યા. સોમનાથ ફરી એકવાર ભ્રષ્ટ કરાયું લોકોએ થોડા જ વર્ષોમાં ફરી નવી મૂર્તિ પધરાવી.સને ૧૪૧૪માં અમદાવાદનો સ્થાપક અહમદ શાહ પહેલો મૂર્તિ ઉઠાવીને લઇ ગયો અને સોમનાથ પાયમાલ કરી મૂક્યું. એ પછી સને ૧૪૫૧માં રા’માંડલિકે મુસ્લિમ થાણા ઉઠાવી પુનઃ મંદિર પ્રતિષ્ઠા કરી.પરંતુ, ૧૫મી સદીમાં મહમદ બેગડો (સને ૧૪૫૯ થી ૧૫૧૧) ચઢી આવ્યો. તેણે મંદિરને મસ્જીદમાં ફેરવી નાખ્યું. ઈ.સ. ૧૫૬૦માં અકબરના સમયમાં મંદિર હિન્દુઓને પાછું મળ્યું અને પાછો પુન રુદ્ધાર થયો. ત્યાર બાદ શાંતિનો સમય ૨૦૦ વર્ષ સુધી ચાલ્યો. એ પછી ઔરંગઝેબ અને માંગરોળના શેખે મંદિરની અવદશા કરી. ૧૭૦૬ની સાલમાં મોગલ શાસક ઔરંગઝેબે મંદિરના સર્વ નાશનો હુકમ કર્યો અને ફરીથી મંદિર તોડી પાડ્યું. ભારત દેશ સ્વતંત્ર થયો તે પહેલાનો મંદિરનો છેલ્લો જીર્ણો દ્વાર સને ૧૭૮૭માં મહારાણી અહલ્યાબાઈએ કરાવ્યો. ભારતના લોખંડી પુરૂષ તથા પહેલા નાયબ વડાપ્રધાન સરદાર વલ્લભભાઈ પટેલે નવેમ્બર ૧૩, ૧૯૪૭નાં રોજ મંદિરનું પુનઃ નિર્માણ કરવાની પ્રતિજ્ઞા કરી. આજનાં સોમનાથ મંદિરનું તેની મૂળ જગ્યા પર સાતમી વખત નિર્માણ થયું.૧૧ મે ૧૯૫૧ના દિવસે કે જયારે મંદિરની પ્રાણ- પ્રતિષ્ઠા થઈ ત્યારે તત્કાલીન પ્રથમ રાષ્ટ્રપતિ ડૉ. રાજેન્દ્ર પ્રસાદે જ્યોતિર્લિંગની પ્રતિષ્ઠાન કરવાની વિધી કરી ત્યારે કહ્યું કે,’’સોમનાથ નું આ મંદિર વિનાશ પર નિર્માણના વિજયનું પ્રતિક છે’’૧૦૧ તોપોનું મહાદેવજી ને સન્માન અપાયું. નૌકાદળે સાગરમાંથી તોપો ફોડી. સેંકડો બ્રાહ્મણોએ વેદઘોષ કરીને પ્રતિષ્ઠા કરી. શ્રી સોમનાથ ટ્રસ્ટ હેઠળ મંદિરનું નિર્માણ થયું છે અને આ ટ્રસ્ટ હવે મંદિરની દેખરેખ કરે છે. સરદાર પટેલ આ ટ્રસ્ટનાં પ્રથમ ચેરમેન હતાં અને ભુતપૂર્વ મુખ્યમંત્રી કેશુભાઈ પટેલ પણ આ પદે રહ્યા હતા. ચાલુક્ય શૈલીથી બાંધેલું આજનું ‘‘કૈલાશ મહામેરુ પ્રાસાદ મંદિર’’ ગુજરાતના સોમપુરા કારીગરોની કલાનું અદભૂત પ્રદર્શન કરે છે.

# પૂજ્ય મોરારીબાપુ દ્વારા હિમાચલ પ્રદેશમાં સેવા ભારતી સંસ્થાને ૨૫ લાખ અર્પણ



। અમદાવાદ, તા.૧ ।

છેલ્લા કેટલાય મહિનાઓથી હિમાચલ પ્રદેશમાં અતિવૃષ્ટિને કારણે જાન અને માલનું ભયંકર નુકસાન થવા પામ્યું છે. સતત પડી રહેલા વરસાદને કારણે સેંકડો માણસો તેમજ પ્રાણીઓ મોત નિપજયા છે. ભૂસ્ખલન જેવી પરિસ્થિતિને કારણે લોકોના માલ- મિલકત માટે પણ વિકટ સ્થિતિ ઊભી થવા પામી છે. એક અંદાજ પ્રમાણે અત્યાર સુધીમાં એકલા હિમાચલ પ્રદેશમાં જ ૭૨,૦૦૦ કરોડ રૂપિયા જેટલું નુકસાન થવા પામ્યું છે.

ગત જુલાઈમાં પૂજ્ય બાપુએ અમેરિકાના બોસ્ટનમાં કથા કરી હતી અને એ સમયે પૂજ્ય મોરારિબાપુએ રામકથાના શ્રોતાઓના સહયોગ વડે હિમાચલ પ્રદેશ અને ઉત્તર ભારતના વિવિધ રાજ્યોમાં પ્રાકૃતિક આપદા આવી હતી તે માટે રૂપિયા ૨૫ લાખનું અનુદાન જાહેર કર્યું હતું. પૂજ્ય બાપુની સંવેદના રૂપે શ્રી ચિત્રકૂટ ધામ ટ્રસ્ટ તલગાજરડા દ્વારા આજરોજ હિમાચલ પ્રદેશમાં સેવાનું અદભુત કાર્ય કરી રહેલી સેવા ભારતી સંસ્થા કે જે માનવસેવા અને માનવીય મૂલ્યોનેના કાર્યને વરેલ છે તેને રુપિયા ૨૫ લાખનું અનુદાન મોકલવામાં આવ્યું છે. સેવા ભારતી સંસ્થા દ્વારા હિમાચલ પ્રદેશના દુર દરાજના વિસ્તારોમાં સેવાકીય પ્રવૃતિઓ કરવામાં આવી રહી છે તેમાં આ રાશિ અર્પણ કરવામાં આવી છે. આ રાશિ અર્પણ કરવા બદલ સેવા ભારતી સંસ્થાએ આભાર વ્યક્ત કર્યો છે.

# વડોદરા જિલ્લા પંચાયત દ્વારા પોષણ માસ માટે સંતુલિત આહાર અને વ્યાયામ માટે ચેલેન્જ લૉંચ



। વડોદરા, તા.૧ ।

વડોદરા જિલ્લા પંચાયત દ્વારા પોષણ માસની ઉજવણીનો પ્રારંભ થયો છે. જિલ્લામાં આવેલી આંગણવાડીમાં પોષક આહારોના નિદર્શન સહિતના કાર્યક્રમો યોજાવાના છે, તેની સાથે એક વિશેષ અભિયાન પણ લૉંચ કરવામાં આવ્યું છે. જિલ્લા પંચાયત દ્વારા પોષણ માસ ચેલેન્જ શરૂ કરવામાં આવી છે. જેમાં નાગરિકોને આ માસ દરમિયાન સંતુલિત આહાર, વ્યાયામ માટે પ્રેરવામાં આવ્યા છે. જિલ્લા વિકાસ અધિકાર સુશ્રી મમતા હિરપરા દ્વારા આ ચેલેન્જને લોન્ચ કરવામાં આવી હતી.

ભારત સરકારની આયુષ મિનિસ્ટ્રી ન્યુ દિલ્હી પ્રેરિત તથા નિયામકશ્રી આયુષની કચેરી, આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, ગાંધીનગર અને જિલ્લા વિકાસ અધિકારીશ્રી વડોદરા નિદર્શિત અને જિલ્લા આયુર્વેદ અધિકારી, વડોદરાના માર્ગદર્શનમાં "પોષણમાસ ચેલેન્જ" શુભારંભ કરાયો હતો.

આ વર્ષની પોષણમાસની થીમ "સુપોષિત ભારત, સાક્ષર ભારત, સશક્ત ભારત"ને અનુસરી આયુર્વેદ શાખા દ્વારા જીવનશૈલીજન્ય રોગો તેમજ વિવિધ ખરાબ આદતોને સુધારવા અને સારી આદતોના અસરકારક અમલીકરણ માટે વિવિધ ૩૦ મુદ્દાઓને આવરી લઈ ૩૦ દિવસની ૩૦ ચેલેન્જ તરીકે કેલેન્ડરની માફક બનાવી તેની પ્રસ્તુતિ કરવામાં આવી છે.

# મેડીકલ કોલેજ બરોડા ખાતે ૫ દિવસીય વાર્ષિકોત્સવ-વાઇબ્રન્ટની ઉજવણી શરૂ કરાઇ

। વડોદરા, તા.૧ ।

વડોદરા શહેરની નામાંકિત એવી એમ.એસ.યુનિ. ખાતે ફેકલ્ટી ઑફ મેડિસિન દ્વારા ૫ દિવસીય વાર્ષિકોત્સવ - વાઈબ્રન્ટની ઉજવણી શરૂ કરવામાં આવી છે. ૩૩ વર્ષથી સતત દર વર્ષે કરવામાં આવતા વાર્ષિકોત્સવ વાઈબ્રન્ટ કાર્યક્રમને કોરોનાકાળના ૪ વર્ષ દરમ્યાન બંધ રખાયું હતું. વાર્ષિકોત્સવ વાઈબ્રન્ટ મેડિકલ કોલેજ, બરોડા દ્વારા વર્ષ ૧૯૯૦ માં શરૂઆત કરવામાં આવી હતી. મેડીકલ કોલેજ, બરોડા દ્વારા યોજવામાં આવેલા આ વાઈબ્રન્ટ કાર્યક્રમ ૫ દિવસ સુધી સતત ચાલે છે, જેમાં ડે-નાઈટ એમ વિવિધ પ્રવૃતિઓનું આયોજન કરવામાં આવે છે. દિવસીય પ્રવૃતિઓમાં મેડીકલ કોલેજ,બરોડાના અને ગુજરાતભરની કોલેજોમાંથી આવેલા દરેક વિદ્યાર્થીઓ વચ્ચે અલગ-અલગ સ્પર્ધાઓ યોજાય છે. રાત્રી પ્રવૃતિઓમાં પણ અનેકવિધ ઈવેન્ટ્સ બહારથી આવેલ પ્રોફેશનલ પર્સન સાથે યોજાતી હોય છે જેવી કે, કોમેડી નાઈટ, ફેશન શો, ગરબા, ડાન્સ અને ડી.જે. નાઈટ જેવી મનોરંજન સાથેના કાર્યક્રમ કરવામાં આવે છે.

# નેસલે ઈન્ડિયાએ મિલેટ આધારિત ઓફર પર ધ્યાન વધાર્યું

## પોર્ટફોલિયોનું વિસ્તરણ કરતાં નેસલે a+ મસાલા મિલેટ લોન્ચ કર્યું

નેસલે ઈન્ડિયા દ્વારા ગ્રાહકોને વધુ વૈવિધ્યપૂર્ણ ખાદ્ય વિકલ્પો આપવા માટે સામગ્રી તરીકે મિલેટ્સનો સમાવેશ કર્યો છે. સરકાર મિલેટ્સ પર ધ્યાન કેન્દ્રિત કરી રહી છે ત્યારે નેસલે ઈન્ડિયાએ બ્રાન્ડ્સમાં અનોખો ખાદ્યનો પોર્ટફોલિયો નિર્માણ કર્યો છે, જે મિલેટને ભાગીદારીઓ અને પ્રોડક્ટ નવીનતા થકી વધુ સક્ષમ ખાદ્ય વિકલ્પ તરીકે પ્રમોટ કરે છે. આ પહેલના ભાગરૂપે નેસલે ઈન્ડિયા દ્વારા નેસલે a+ મસાલા મિલેટ લોન્ચ કરાયું હતું, જેમાં બાજરો છે અને દિવસના કોઈ પણ સમયે હલકા ભોજન તરીકે ખાઈ શકાય છે.

બે મોઢામાંથી પાણી લાવી દેનારા પ્રકાર ટેન્ગી ટોમેટો અને વેજી મસાલામાં ઉપલબ્ધ નેસલે a+ મસાલા મિલેટ ૨૪૦ ગ્રા માટે રૂ. ૧૭૫માં મલ્ટી-સર્વ પેક કિંમતે આવે છે અને એક-સર્વ પેકની કિંમત ૪૦ ગ્રા માટે રૂ. ૩૦ છે. પ્રોડક્ટ રેસાથી સમૃદ્ધ છે. તેમાં ૩૦ ટકા ઓછી કેલરી છે અને એડેડ પ્રિઝર્વેટિવ્ઝથી મુક્ત છે. તે આઈઆઈએમઆર (ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ મિલેટ્સ રિસર્ચ) હેઠળ વિકસાવવામાં આવ્યું છે. નેસલે ઈન્ડિયાએ રાગી સાથે નેસલે સેરીગ્રોગ્રેન સિલેક્શન, બાજરા સાથે નેસલેમિલો કોકોઆ અને નેસલે કોકો ક્રન્ચ મિલેટ- જુવાર બ્રેકફાસ્ટ સિરીલ્સ લોન્ચ કરી દીધું છે. ભારત દુનિયામાં સૌથી વિશાળ મિલેટ ઉત્પાદકમાંથી એક છે, જેનું યોગદાન વૈશ્વિક મિલેટ ઉત્પાદનમાં ૨૦ ટકા છે. નેસલે આરએન્ડડી સેન્ટર ઈન્ડિયા પ્રાઈવેટ લિમિટેડ, માનેસર (નેસલે એસ.એની સબસિડિયરી અને નેસલેના વૈશ્વિક આરએન્ડડી નેટવર્કનો હિસ્સો) દ્વારા મિલેટ પ્રક્રિયા આરોગ્ય અને પોષણના લાભો, મિલેટ સક્ષમ રિજનરેટિવ કૃષિ વ્યવહારો અને સ્ટાર્ટ-અપ જોડાણોનાં ક્ષેત્રોમાં જોડાણ કરવાના લક્ષ્ય સાથે ન્યુટ્રીહબ-આઈઆઈએમઆર સાથે સમજૂતી કરાર કર્યા છે.

# પ્રાચી દેસાઈનું નવું ગીત લફ્ઝ ભીગે હુઆ રિલીઝ



જાણીતા કવિ અજય સાહબ દ્વારા લખાયેલ સોલફુલ ગીત "લફ્ઝ ભીગે હૈ" પ્રતિભા સિંહ બઘેલ દ્વારા આપવામાં આવ્યું છે. સુફીસ્કોર દ્વારા આ મંત્રમુગ્ધ કરનારું રિલીઝ પાંચ આધુનિક છતાં ક્લાસિકલી મૂળ ગઝલ ગીતોનો સંગ્રહ છે, જે પ્રત્યેક લાગણીની શક્તિને શ્રદ્ધાંજલિ છે. આ કૃતિનો મુખ્ય ભાગ સાહિત્યિક દિગ્ગજો અમૃતા પ્રીતમ અને સાહિર લુધિયાનવીના જીવનમાં ગૂંથાયેલા અપ્રતિક્ષિત પ્રેમની વાર્તામાંથી લેવામાં આવ્યો છે. એક વાર્તા જે સમય અને સીમાઓને પાર કરે છે, તે પ્રેમ, અલગતા અને સાર્વત્રિક માનવ લાગણીઓની વાર્તા છે.

દિગ્દર્શક પરાશેર બરુઆની કલાત્મકતાએ આ વીડિયોમાં આકર્ષણ જમાવ્યું છે.આ ગીતના મ્યુઝિક વીડિયોમાં કલાકારો પ્રાચી દેસાઈ અને સોમ ચટ્ટોપાધ્યાય જોવા મળે છે. આ ગીત પોંડિચેરી અને મુંબઈના બેકડ્રોપમાં શૂટ કરવામાં આવ્યું છે. વિડીયો સમકાલીન વાર્તા કહેવાની સાથે ઉત્તમ રોમાંસનું મિશ્રણ કરે છે અને ભારતીય સિનેમાના સુવર્ણ યુગની પુનઃકલ્પના કરે છે. હિંદુસ્તાની શાસ્ત્રીય સંગીતના "સાંજે રાગ" થી પ્રેરિત સંગીતકાર રાજેશ સિંહની ધૂન, ખિન્ન સૌંદર્ય સાથે પડઘો પાડે છે.

# સિદ્ધપુરમાં જીઆઇડીસી ફેસ-૨ શરૂ થતાં રોજગારીના વધુ દ્વાર ખુલશે : બલવંતસિંહ રાજપુત



। સિધ્ધપુર, તા.૧ ।

સિધ્ધપુર નગરપાલિકા દ્વારા શહેરમાં અનેક વિકાસ કામો કરવામાં આવી રહ્યા છે તે દરમિયાન પસવાદળની પોળ ખાતે રૂ.૭૫.૭૫ લાખના ખર્ચે તૈયાર કરવામાં આવેલ જાહેર બગીચો, રૂ.૮૦.૧૫ લાખના ખર્ચે રાજપુરમાં બનાવવામાં આવેલ સીસી રોડ, પેપલ્લા વિસ્તારમાં રૂપિયા ૧૨.૧૧ લાખના ખર્ચે તૈયાર થયેલ આંગણવાડી કેન્દ્રનું મકાન તેમજ હરિશંકર ના આરા પાસે રૂપિયા ૭.૩૦ લાખના ખર્ચે નિર્માણ પામેલ કોમ્યુનિટી હોલનું લોકાર્પણ કેબિનેટ મંત્રી બલવંતસિંહ રાજપૂતની વર્ચ્યુઅલ ઉપસ્થિતિમાં કરવામાં આવ્યું.

કેબિનેટ મંત્રી બલવંતસિંહ રાજપૂતે તેમના પ્રવચનમાં જણાવ્યું કે સિદ્ધપુરમાં અનેકવિધ વિકાસના કામો થઈ રહ્યા છે તેમાં આજે વધુ ચાર કામોનું લોકાર્પણ કરી વિકાસ કામોમાં વધુ એક મોરપીંછ ઉમેરાઈ રહ્યું છે સિદ્ધપુર શહેરને ક્રમશઃ ધરોઈ ડેમ સહિત નર્મદા ડેમનું પાણી પીવા માટે મળે તેવું પણ આયોજન થશે.

# અમદાવાદના બીઆરટીએસ બસ સ્ટેન્ડ પાસે, ઇસ્કોન આંબલી રોડ ખાતે સિલ્ક ફેબનું લોકાર્પણ




સિલ્ક ફેબ, એક ખાસ હેન્ડલૂમ પ્રદર્શન ૨૮મી ઓગસ્ટના રોજ હીરરૂપા બેક્વેટ, બીઆરટીએસ બસ સ્ટેન્ડ પાસે, ઈસ્કોન આંબલી રોડ, અમદાવાદ ખાતે શરૂ થયું હતું. આ પ્રસંગે બોલતા, પ્રદર્શન વણકર અને ઉપભોક્તા વચ્ચે ઈન્ટરફેસને સક્ષમ કરે છે. સિલ્ક ફેબ પ્રદર્શન એ હેન્ડલૂમ્સ માટેના ડેવલપમેન્ટ કમિશનર ફોર હેન્ડલૂમ્સ, ટેક્સટાઈલ મંત્રાલય, ભારત સરકારના નેશનલ હેન્ડલૂમ ડેવલપમેન્ટ કોર્પોરેશન (એનએચડીસી) લિમિટેડ દ્વારા હાથશાળના વણકરોને તેમના ઉત્પાદનોનું ગ્રાહકોને માર્કેટિંગ કરવા માટે સીધી ઍક્સેસ પ્રદાન કરવા માટેની પહેલ છે. ભારત. સહભાગીઓ વિવિધ રાજ્ય સરકારની સંસ્થાઓ/ એપેક્સ સોસાયટીઓ, પ્રાથમિક હેન્ડલૂમ વીવર્સ કો-ઓપરેટિવ સોસાયટીઓ, પ્રોડ્યુસર કંપની, પ્રતિભાશાળી વણકરો અને અન્ય હેન્ડલૂમ એજન્સીઓના છે. જેમાં ૧૧ રાજ્યોની ૬૦ એજન્સીઓ ભાગ લઈ રહી છે.

ભારતનું હેન્ડલૂમ સેક્ટર ૩૧ લાખ લોકોને પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે રોજગારી આપે છે જે દેશમાં કૃષિ ક્ષેત્રની પાછળ છે.

BOLLYWOOD NEWS FLASH

## જવાનમાં સાન્યા મલ્હોત્રા, વિજય સેતુપતિ, પ્રિયમણી અને રિદ્ધિ ડોગરા પણ મહત્વના રોલમાં જોવા મળશે



# શાહરૂખ ખાનની ફિલ્મ જવાનનું ટ્રેલર રીલિઝ

। મુંબઈ, તા.૧ ।

બોલિવૂડના કિંગ ખાન શાહરૂખ ખાનની અપ કમિંગ ફિલ્મ 'જવાન'નું ટ્રેલર રીલિઝ થઈ ગયું છે. ફિલ્મ સાત સપ્ટેમ્બરના રોજ થિયેટર્સમાં રીલિઝ થશે. આ ફિલ્મ વિશ્વભરમાં હિન્દી, તમિલ અને તેલુગુ ભાષાઓમાં રિલીઝ થશે. આ ફિલ્મમાં શાહરૂખ દક્ષિણની અભિનેત્રી નયનતારા સાથે રોમાન્સ કરતો જોવા મળશે. આ સિવાય 'જવાન'માં સાન્યા મલ્હોત્રા, વિજય સેતુપતિ, પ્રિયમણી અને રિદ્ધિ ડોગરા પણ મહત્વના રોલમાં જોવા મળશે. દીપિકા પાદુકોણ પણ ખાસ કેમિયોમાં જોવા મળશે. શાહરૂખ ખાનની ફિલ્મ 'જવાન'નું આ ૨ મિનિટ ૪૫ સેકન્ડનું ટ્રેલર ખૂબ જ શાનદાર છે. ટ્રેલરની શરૂઆતમાં શાહરૂખ ખાન એક રાજાની વાર્તા સંભળાવે છે. જે એક પછી એક યુદ્ધ હારી રહ્યો હતો. ભૂખ્યો અને તરસ્યો જંગલમાં ફરતો હતો અને ખૂબ ગુસ્સામાં હતો. આ પછી 'જવાન'નું ટ્રેલર શાહરૂખ ખાનના વિલન પાત્રથી શરૂ થાય છે, જે મુંબઈમાં મેટ્રોને હાઈજેક કરે છે. શાહરૂખ ખાનનું આ ખતરનાક પાત્ર તમને સંપૂર્ણ રીતે ડરાવી દેશે. ફિલ્મ 'જવાન'ની વાત કરીએ તો તે ૭ સપ્ટેમ્બરે સિનેમાઘરોમાં રિલીઝ થવા જઈ રહી છે. થોડા સમય પહેલા શાહરૂખે જવાનનો પ્રિવ્યૂ શેર કર્યો હતો જેમાં તે અલગ-અલગ અવતારમાં જોવા મળ્યો હતો. આ સાથે ચાહકોને દીપિકા પાદુકોણની એક ઝલક પણ જોવા મળી. ફિલ્મ 'જવાન'માં શાહરૂખના લુક પર ઘણું કામ કરવામાં આવ્યું છે. આ ફિલ્મમાં તે ૫ અલગ-અલગ લુકમાં જોવા મળશે. તેના પાંચેય લુક જાહેર થઈ ગયા છે.

# બિગ બોસ-૧૭માં 3 યુટ્યૂબર, પોપ્યુલર TV કપલ કરશે એન્ટ્રી




। મુંબઈ, તા.૧ ।

બિગ બોસ ઓટીટીની પૂર્ણાહુતિ બાદ હવે દર્શકો બિગ બોસ ૧૭ની રાહ જોઈ રહ્યા છે. બિગ બોસ ૧૭ ટૂંક સમયમાં શરૂ થવાનો છે, પરંતુ તે પહેલાં તેના કન્ટેસ્ટન્ટ્સની ચર્ચા શરૂ થઈ ગઈ છે. ઉલ્લેખનીય છે કે, બિગ બોસની દરેક સિઝનમાં ઘણા ફેમસ સેલિબ્રિટી ભાગ લે છે, જ્યારે કેટલાક ચહેરા એવા છે, જેને આ શો રાતોરાત સ્ટાર બનાવી દે છે. ત્યારે બિગ બોસ ૧૭માં પણ હંમેશની જેમ ઘણા ફેમસ ચહેરા જોવા મળવાના છે. બિગ બોસ ઓટીટી સીઝન ૨માં યુટ્યુબર્સની ઘણી લોકપ્રિયતા જોવા મળી હતી. ત્યારે હવે એવી ચર્ચા થઈ રહી છે કે બિગ બોસ ૧૭માં આ વખતે યુટ્યુબર્સનું એક ગ્રુપ જોવા મળી શકે છે. આ ઉપરાંત બિગ બોસ ૧૭માં એક ફેમસ ટીવી કપલ પણ દેખાઈ શકે છે. ચર્ચા થઈ રહી કે મેકર્સે બિગ બોસ સીઝન ૧૭ માટે સેલિબ્રિટીઝનો સંપર્ક કરવાનું શરૂ કરી દીધું છે. ત્યારે શોની ૧૭મી સિઝનમાં ભાગ લેવા જઈ રહેલા કેટલાક કન્ટેસ્ટન્ટ્સના નામ પણ સામે આવ્યા છે. જોકે, હજુ સુધી આ નામો પર મેકર્સ દ્વારા મંજૂરીની મહોર મારવામાં આવી નથી અને ન તો કોઈ જાહેરાત કરવામાં આવી છે, પરંતુ ચર્ચા છે કે આ ચહેરાઓ શોમાં જોવા મળશે. તો ચાલો તમને જણાવીએ કે આ સ્પર્ધકો કોણ છે, જે બિગ બોસ ૧૭માં જોવા મળી શકે છે. અહેવાલો અનુસાર, બિગ બોસ OTTની સફળતા બાદ મેકર્સ હવે બિગ બોસ ૧૭માં પણ કેટલાક યુટ્યુબર્સને લાવવાની તૈયારીમાં છે. જણાવી દઈએ કે યુટ્યુબર હર્ષ બેનીવાલ સીઝન ૧૭માં દેખાઈ શકે છે. તાજેતરમાં જ હર્ષ બિગ બોસનો લોગો પોસ્ટ કરી ચુક્યો છે, જેને લઈને હર્ષ શોમાં દેખાશે તેવી સંભાવના વ્યક્ત કરવામાં આવી રહી છે. સાથે જ બિગ બોસ ૧૭માં યુટ્યુબર સૌરભ જોશી પણ જોવા મળી શકે છે. આ ઉપરાંત ટીવી સિરિયલ પંડ્યા સ્ટોરથી લાઈમલાઈટમાં આવેલા કંવર ધિલ્લોન અને એલિસ કૌશિક પણ આ શોનો ભાગ બની શકે છે. બંને એકબીજાને ડેટ કરી રહ્યાં હોવાની ચર્ચાએ પણ જોર પકડ્યું છે. ટીવી સીરિયલ ઉડારિયાની ઈશા માલવીયા પણ આ શોમાં જોવા મળે તેવી સંભાવનાઓ છે.

# અભિનેત્રી સની લિયોનીએ બોલ્ડ ફોટોશૂટ કરાવ્યું



। મુંબઈ, તા.૧ ।

બોલિવૂડ એક્ટ્રેસ સની લિયોનીએ પોતાનું બોલ્ડ ફોટોશૂટ કરાવ્યું છે. સની લિયોનીના ફોટોશૂટની નવી તસવીરો ઝડપથી વાયરલ થઈ રહી છે. બોલિવૂડ અને સાઉથની ફિલ્મોમાં પોતાની એક્ટિંગ કૌશલ્ય દેખાડી ચૂકેલી સની લિયોની પોતાની બોલ્ડનેસ માટે ઘણી લોકપ્રિય છે. સની લિયોની સોશિયલ મીડિયા પર ખૂબ જ એક્ટિવ રહે છે અને પોતાના બોલ્ડ ફોટા શેર કરતી રહે છે. સની લિયોનીએ ફરી એકવાર તેનું બોલ્ડ ફોટોશૂટ કરાવ્યું અને તેની તસવીરો ચાહકોને બતાવી. સની લિયોનીની નવી તસવીરો જોઈને ચાહકો નિસાસો નાખી રહ્યા છે અને તેમની ફેવરિટ અભિનેત્રી પર પ્રેમ વરસાવી રહ્યા છે. સની લિયોનીએ ફરી એકવાર ફોટોશૂટ કરાવ્યું છે.

સની લિયોને ગુરુવારે તેના ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ પર તેના ફોટોશૂટની તસવીરો શેર કરી હતી. સની લિયોનીએ ખૂબ જ રિવીલિંગ ડ્રેસ પહેરીને પોતાનું કર્વી ફિગર બતાવ્યું છે. કર્વી ફિગર જોઈ ફેન્સ થયા બેકાબુ, બોલિવૂડ અને સાઉથની ફિલ્મોમાં પોતાની એક્ટિંગ કૌશલ્ય દેખાડી ચૂકેલી સની લિયોની પોતાની બોલ્ડનેસ માટે ઘણી લોકપ્રિય છે. સની લિયોનીનો બોલ્ડ અંદાજ ચાહકોને પસંદ આવી રહ્યો છે. બ્લેક આઉટફીટમાં સનીનો બોલ્ડ અંદાજ સોશિયલ મીડિયા પર છવાઈ ગયો છે. ફેન્સ આ લુકને હોટ ગણાવીને ઘણી કોમેન્ટ પણ કરી રહ્યા છે. સની લિયોની સોશિયલ મીડિયા પર ખૂબ જ એક્ટિવ રહે છે અને પોતાના બોલ્ડ ફોટા શેર કરતી રહે છે. સની લિયોનીએ ફરી એકવાર તેનું બોલ્ડ ફોટોશૂટ કરાવ્યું.

# લવ જેહાદના આરોપો પર ગુસ્સે થયા નસીરુદ્દીન શાહ



। મુંબઈ, તા.૧ ।

નસીરુદ્દીન શાહ એટલો સારો એક્ટર છે કે, જે કોઈપણ મુદ્દે પોતાની નારાજગી અને અભિપ્રાય વ્યક્ત કરતા અચકાતા નથી, જોકે, તેમની સ્પષ્ટવક્તાથી લોકોનો એક વર્ગ તેમનાથી ઘણો નારાજ છે, જેને તેઓ હવે સહન કરતા નથી. વિરોધીઓ હવે તેના પર લવ જેહાદનો આરોપ લગાવી રહ્યા છે, કારણ કે, તેણે ૧૯૮૨માં બિન-મુસ્લિમ અભિનેત્રી રત્ના પાઠક સાથે લવ મેરેજ કર્યા હતા. પરંતુ, નસીરુદ્દીન શાહે તેમના વિરોધીઓને જડબાતોડ જવાબ આપ્યો છે કે, રત્ના પાઠકે તેમની સાથે લગ્ન કર્યા હોવા છતાં તેમનો ધર્મ બદલ્યો નથી. વર્તમાન રાજકીય વાતાવરણ પર નારાજગી વ્યક્ત કરતા નસીરુદ્દીન શાહે પોતાના લગ્નને લઈને ખુલ્લો પત્ર લખ્યો હતો. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, પીઢ અભિનેતાએ કહ્યું કે, ન તો તેને કોઈ હિંદુ મહિલા સામે કોઈ વાંધો છે કે ન તો રત્ના પાઠક કોઈ મુસ્લિમ પુરુષ સાથે લગ્ન કરે છે. નસીરુદ્દીન શાહે ભૂતપૂર્વ કેબિનેટ પ્રધાનના ભાગીદારના નિવેદન પર આશ્ચર્ય વ્યક્ત કર્યું, જેણે ધમકીભર્યા સ્વરમાં લવ જેહાદનો આરોપ મૂક્યો હતો. અભિનેતાએ કહ્યું, 'મને ધમકી આપવામાં આવી હતી કે, જ્યારે તમે તમારો ધર્મ બદલીને લગ્ન કર્યા ત્યારે કોઈએ તમને કંઈપણ કહ્યું નહીં. તેઓ કહેવા માંગે છે કે, હવે મારો સમય નથી રહ્યો. નસીરુદ્દીન શાહે ખુલાસો કર્યો કે, આ વિષય પર તેમના ઘરે માત્ર એક જ વાર ચર્ચા થઈ હતી.

## સોશિયલ મીડિયા પર ઘણા યુઝર્સ દાવો કરી રહ્યાં છે કે, જહાન્વી કપૂર અને શિખરે છુપાઇને સગાઇ કરી લીધી છે

# જહાન્વી કપૂરે બોયફ્રેન્ડ શિખર સાથે ગુપચુપ કરી લીધી સગાઇ?

। મુંબઈ, તા.૧ ।

બોલિવૂડ એક્ટ્રેસ જહાન્વી કપૂર પોતાની પર્સનલ લાઈફને લાઈમલાઈટથી દૂર રાખે છે. જો કે મીડિયા રિપોર્ટ્સમાં તેની લવ લાઈફને લઈને ઘણા પ્રકારના ક્યાસ લગાવવામાં આવી ચુક્યા છે. અફવા ઉડી હતી કે જહાન્વી કપૂર શિખર પહેરિયાને ડેટ કરી રહી છે અને બંને અવારનવાર એકબીજા સાથે જોવા મળે છે. હાલમાં જ બંને સાથે જોડાયેલી ચોંકાવનારી અફવા ફેલાઈ રહી છે. સોશિયલ મીડિયા પર ઘણા યુઝર્સ દાવો કરી રહ્યાં છે કે, જહાન્વી કપૂર અને શિખરે છુપાઈને સગાઈ કરી લીધી છે. આવી વાતો આ બંનેનો એક વીડિયો જોયા બાદ લોકો કરી રહ્યાં છે, જે તિરુપતિ મંદિરનો છે. ખરેખર, હાલમાં જ જહાન્વી તિરુપતિ મંદિરના દર્શન કરવા પહોંચી હતી. આ દરમિયાન તેની સાથે તેનો બોયફ્રેન્ડ શિખર પહેરિયા પણ જોવા મળ્યો હતો. જહાન્વી કપૂર પર્પલ કલરની સાડી પહેરેલી જોવા મળી હતી અને શિખર સફેદ કલરની વેષ્ટિમાં જોવા મળ્યો હતો. મંદિરમાંથી બહાર આવતી વખતે જહાન્વી અને શિખરનો એક વીડિયો વાયરલ થઈ રહ્યો છે, જેમાં લોકોને જહાન્વીના હાથમાં ડાયમંડ રિંગ જોવા મળી રહી છે. આ જ કારણે ઘણા યુઝર્સે વીડિયો પર કમેન્ટ કરતાં જહાન્વીની સીક્રેટ સગાઈની વાતો કરવાનું શરૂ કરી દીધું છે. જો કે, આ દાવામાં કેટલી હકીકત છે તેની પુષ્ટિ કરવામાં નથી આવી. એક રિપોર્ટ અનુસાર, જહાન્વીના એક નજીકના સોર્સે તેની સગાઈના સમાચારોને બકવાસ ગણાવ્યા છે.



# શ્રી શ્રદ્ધા વિદ્યાલય સંજેલીમાં રક્ષાબંધન પર્વની શ્રદ્ધાભેર ઉજવણી કરવામાં આવી



। પંકજ પંડિત ઝાલોદ, તા.૧ ।

સંજેલી તાલુકામાં આવેલ યુગ શક્તિ ગાયત્રી એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત શ્રી શ્રદ્ધા વિદ્યાલય માં રક્ષાબંધન પર્વની ઉજવણી કરવામાં આવી હતી. શાળામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ દ્વારા બહેનોએ ભાઈઓને રાખડીઓ બાંધી હતી. કુમ કુમ તિલક કરીને... પેંડા ખવડાવીને ભાઈના હાથે રાખડીઓ બાંધવામાં આવી હતી. બાળકો સાથે શાળાના સ્ટાફ દ્વારા પણ રક્ષાબંધન હર્ષોલ્લાસ સાથે ઉજવણી કરી હતી.શાળાના આચાર્ય શ્રી દિલીપકુમાર મકવાણાએ રક્ષાબંધન પર્વની મહત્વ વિશે સમજ આપી હતી અને તમામ સ્ટાફગણ અને વિદ્યાર્થીઓને રક્ષાબંધન પર્વની શુભેચ્છા પાઠવી હતી.

### આદિજાતિ સમુદાયને વિકાસની મુખ્યધારામાં લાવવા માટે

# સરકારશ્રીના અવિરત પ્રયાસોને બિરદાવતા મસુરીના ટ્રેઈની આઈ.એ.એસ. અધિકારીઓ

## લબાસનાના ભારતીય સિવિલ સર્વિસના ટ્રેઈની અધિકારીઓને આદિજાતિની નૈસર્ગિક જીવનશૈલી અને પરંપરાગત ખાન-પાનની થઈ અદભૂત અનુભૂતિ

। સુરત, તા.૧ ।

લાલ બહાદુર શાસ્ત્રી રાષ્ટ્રીય પ્રશાસન અકાદમી, મસુરી ખાતે તાલીમ લઈ રહેલા ૧૪ જેટલા ભારતીય સિવિલ સર્વિસના ટ્રેઈની ઓફિસર્સ, એસ્પિરેશનલ નર્મદા જિલ્લાની મુલાકાતે પધાર્યા હતા. જ્યાં સર્વ ટ્રેઈની અધિકારીશ્રીઓએ પ્રકૃતિના ખોળે વસેલા આદિજાતિ બહુલ વસ્તી ધરાવતા નર્મદામાં દેડિયાપાડા તાલુકાના ડુમખલ અને સામોટ જેવા ગ્રામીણ ક્ષેત્રમાં વસવાટ કરતા આદિજાતિ સમુદાયની જીવનશૈલી અને આજીવિકા વિષય પર ઝીણવટપૂર્ણ અભ્યાસ કર્યો હતો.

આદિજાતિ માટે શિક્ષણ, આરોગ્ય, પોષણ, આર્થિક વિકાસ, રસ્તા, વીજળી, પીવાનું પાણી, જેવી મૂળભૂત અને આંતર માળખાકીય સુવિધાઓ સહિત તેમને વિકાસની મુખ્ય હરોળમાં લાવવા માટે, રાજ્ય સરકાર દ્વારા અમલમાં મુકવામાં આવેલી અનેકવિધ યોજનાઓનો લાભ લઈ રહેલા આદિવાસી સમાજના બાળકો, માતા, વિદ્યાર્થીઓ, યુવાનો સાથે સંવાદ કર્યો હતો.

તાલીમાર્થી અધિકારીશ્રીઓએ આદિવાસી જીવનશૈલી અને આજીવિકા અંગે ઝીણવટ પૂર્ણ માહિતી મેળવીને જાત નિરિક્ષણ કર્યુ હતુ. જ્યાં તેઓ આદિવાસી સમુદાયના ભાઈ-બહેનો માટે વાંસની અદભૂત કારીગરી, હસ્તકલાની વિવિધ ચીજવસ્તુઓના નિર્માણ થકી ઉભી થયેલી રોજગારની તકોથી ખુબ જ પ્રભાવિત થયા હતા.



આ પ્રસંગે ટ્રેઈની આઈએએસ ઓફિસર સુશ્રી વૈષ્ણવી પૌલએ પોતાના પ્રતિભાવો વ્યક્ત કરતા જણાવ્યું કે, સ્વસહાય જૂથ દ્વારા તૈયાર કરાયેલી ગુણવત્તાયુક્ત વાંસ આધારિત ચીજ વસ્તુઓ તથા હસ્તકલા રાજ્ય-રાષ્ટ્ર સુધી સિમિત ન રહેતા વૈશ્વિક સ્તરે પહોંચે, તેની માંગ વધે અને સંપૂર્ણ વિશ્વ, ભારત દેશના સમૃદ્ધ ટ્રાયબલ કલ્ચર વિશે અવગત થાય તે આવશ્યક છે. ઉપરાંત સખી મંડળની બહેનો દ્વારા તૈયાર કરાયેલી સ્વાદિષ્ટ, પૌષ્ટિક અને પરંપરાગત ''મિલેટ્સ'' આહારને અપનાવવા અનુરોધ કર્યો હતો.

અત્રે ઉલ્લેખનીય છે કે, સરકારશ્રીના પ્રયાસોથી મહિલાઓ દ્વારા નિર્મિત હસ્તકલાના પ્રચાર-પ્રસાર માટે સમયાંતરે કાર્યક્રમોના આયોજન થકી હેન્ડીક્રાફ્ટ વેચાણ મેળાઓ તથા એક્ઝિબિશન યોજવામાં આવે છે. સરકારી યોજનાઓ થકી ગ્રામ્ય નારીઓમાં આત્મવિશ્વાસ અને સ્વયંની શક્તિઓને ઓળખવાની તક સાંપડી છે.

## રૂા.૪૭.૪૦ કરોડના ખર્ચે નવનિર્મિત સુરત જિલ્લા પંચાયત ભવનનું લોકાર્પણ કરતા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ




। સુરત, તા.૧ ।

મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલે સુરતના પીપલોદ(વેસુ) ખાતે રૂા.૪૭.૪૦ કરોડના ખર્ચે સાકાર થયેલા સુરત જિલ્લા પંચાયતના નવનિર્મિત ભવનનું લોકાર્પણ કરતા સ્પષ્ટપણે જણાવ્યું કે, હકારાત્મક કાર્યશૈલી અને પ્રજાહિતના કાર્યોથી વડાપ્રધાનશ્રી નરેન્દ્ર મોદીના દ્રષ્ટિવંત નેતૃત્વની કેન્દ્ર સરકાર પર નાગરિકોનો વિશ્વાસ વધ્યો છે. 'વિકસિત ગુજરાતથી વિકસિત ભારત'ના ધ્યેયથી ૧૦૦ ટકા યોજનાના લાભો આપીને વિકાસને સેચ્યુરેશન પોઈન્ટ સુધી લઈ જવામાં સફળતા મળી છે, ત્યારે વિકાસની રાજનીતિની વડાપ્રધાનશ્રી નરેન્દ્ર મોદીની કાર્યશૈલીને રાજ્ય સરકારે બખૂબી અપનાવી છે. મુખ્યમંત્રીશ્રીએ નવા ભવનને ખુલ્લું મૂક્યા બાદ કન્વેન્શન સેન્ટર, સરસાણા ખાતે આયોજિત લોકાર્પણ સમારોહમાં વ્યારા સુગર (ઉકાઈ પ્રદેશ સહકારી ખાંડ મંડળી, ખુશાલપુરા, વ્યારા) ના પુનઃ સ્થાપન માટે રૂ.૫ કરોડનો ચેક સુમુલ ડેરીના ચેરમેન અને સંબંધિત હોદ્દેદારોને અર્પણ કર્યા હતો.

આ પ્રસંગે વિશાળ જનસમુદાયને સંબોધતા મુખ્યમંત્રીશ્રીએ વધુમાં જણાવ્યું કે, હાલ વરસાદ ખેંચાયો છે, ત્યારે ખેડૂતોના વિશાળ હિતમાં રાજ્ય સરકારે ૮ના બદલે ૧૦ કલાક વીજળી આપવાનો તેમજ નર્મદા કેનાલમાંથી પાણી છોડવાનો નિર્ણય કર્યો છે. રાજ્યના છેવાડાના માનવીઓ, અંતરિયાળ ગામો સહિત જન-જનને સુખ-સુવિધા આપતા વિકાસ કાર્યો સાથે સરકાર કર્તવ્યરત છે તેની ભૂમિકા મુખ્યમંત્રીશ્રીએ આપી હતી. મુખ્યમંત્રીશ્રીએ આવનારી પેઢીઓને સ્વસ્થ અને તંદુરસ્ત રાખવા તેમજ શુદ્ધ વાતાવરણ પૂરું પાડવા માટે પર્યાવરણનું સંતુલન જાળવવા પર ભાર મૂક્યો હતો. તેમણે કહ્યું કે, પર્યાવરણ સાથે સમન્વય સાધીને વિકાસનો વિચાર એ વડાપ્રધાનશ્રી નરેન્દ્ર મોદીની દેન છે. 'મિશન લાઈફ'ની પહેલથી પર્યાવરણ જાળવણી, જમીન અને માનવી બંનેનું સ્વાસ્થ્ય બગડતું અટકાવવાનો સર્વગ્રાહી અને નવતર વિચાર વડાપ્રધાનશ્રીએ આપ્યો છે. મુખ્યમંત્રીશ્રીએ પર્યાવરણ, પાણી અને વીજળીના બચાવ, સંરક્ષણ એ સમયની માંગ હોવાનું જણાવી રાજ્યના આમ નાગરિકો, ભાવિ પેઢીને શુદ્ધ અને ગુણવત્તાયુક્ત વાતાવરણ પૂરૂ પાડવાના લક્ષ્ય સાથે વૃક્ષારોપણ અભિયાનને વેગવંતુ બનાવવા અને સિંગલ યુઝ પ્લાસ્ટિકના ઉપયોગને ઘટાડવાનું પ્રેરક આહ્વાન કર્યું હતું. મુખ્યમંત્રીશ્રીએ જિલ્લા પંચાયતનું નવું ભવન સેવા, સુવિધા અને આધુનિકતાના સમન્વયરૂપ બન્યું છે એમ જણાવી આ નમૂનારૂપ અને દર્શનીય મકાનના નિર્માણ બદલ તેમણે સૌ હોદ્દેદારો, અધિકારીઓ, કર્મયોગીઓને અભિનંદન પાઠવ્યા હતા. નાણા, ઊર્જા મંત્રી અને જિલ્લા પ્રભારી મંત્રીશ્રી કનુભાઈ દેસાઈએ જણાવ્યું કે, લોકોની સુવિધા અને સુખાકારી માટે આધુનિક ભવનોનું નિર્માણ થાય તે માટે સરકારે બજેટમાં કરોડો રૂપિયાની જોગવાઈ કરી વિકાસની નવી પરિભાષા અંકિત કરી છે.



સંતોષ ભાઈ જોષી સંતરામપુર

અખિલ ગુજરાત યુવા સંઘ મહીસાગર જિલ્લાના સંતરામપુર તાલુકાના યુવા પાખની રચના કરવામાં આવી જેમાં યુવા પાખના ઉપાધ્યક્ષ શ્રી વનરાજ સિંહ સિસોદિયા કિરણસિંહ રણા પ્રમુખશ્રી ચંપક સિંહ મંત્રી શ્રી ક્રિપાલસિંહ રવિન્દ્રસિંહ તથા વિજય સિંહ સૌ કાર્યકર્તા હાજર રહ્યા હતા જેમાં સંતરામપુર તાલુકાની બોડીની રચનામાં પ્રમુખ શ્રી ચૌહાણ રામચંદ્રસિંહ વીરભદ્રસિંહ ઉખરેલી મહામંત્રી તરીકે રણા કુલદીપ સિંહ કિરીટસિંહ મોટી સરસણ તથા ઉપપ્રમુખ શ્રી રાઠોડ રાજદીપસિંહ મહેન્દ્રસિંહ ઈન્દ્રસિંહનામુવાડા ની વરણી કરવામાં આવી અખિલ ગુજરાત રાજપૂત યુવા સંઘ તરફથી નિમણૂક પામેલ તમામ હોદ્દેદારોને હાર્દિક શુભેચ્છાઓ પાઠવી.

# ભરૂચ નગરપાલિકા અને લાયન્સ ક્લબ ઓફ ભરૂચ દ્વારા ''આઓ તુમ્હેં ચાંદ પે લે જાએં'' કાર્યક્રમ યોજાયો



। કેતન મહેતા ભરૂચ, તા.૧ ।

ભરૂચ નગરપાલિકા અને લાયન્સ ક્લબ ઓફ ભરૂચ દ્વારા ભરૂચના શકિતનાથ ખાતે આવેલા પંડિત ઓમકારનાથ ઠાકુર કલાભવન હોલ ખાતે ''આઓ તુમ્હેં ચાંદ પે લે જાએં'' કાર્યક્રમ યોજાયો હતો.જેમાં તાજેતરમાં ભારતના ચંદ્રયાન ૩ વિક્રમની ચંદ્રની ભુમી પરના સફળતા પૂર્વકના ઉતરાણ માટે ઈસરોના વૈજ્ઞાનિકો અને ભારતના વડા પ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીને અભિનંદન અને શુભેચ્છાઓ પાઠવવા માટે ખાસ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. ઈસરોના વૈજ્ઞાનિકો અને ભારતના વડા પ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીને અભિનંદન અને શુભેચ્છાઓ પાઠવવા માટે સમગ્ર ગુજરાત અને દેશમાં ચંદ્ર અને દેશભક્તિ આધારિત ગીત સંગીતનો આ સૌ પ્રથમ કાર્યક્રમ હતો. જેમાં ભરૂચ જિલ્લા સમાહર્તા શ્રી તુષાર સુમરા, ભરૂચ જિલ્લાના નવા નિયુક્ત પોલીસ અધિકારી શ્રી મયુરસિંહ ચાવડા, ભરૂચ નગપાલિકાના પ્રમુખ શ્રી અમિતભાઈ ચાવડા સહિતના મહાનુભવોએ દિપ પ્રાગટય કરીને કાર્યક્રમની શરૂઆત કરી હતી.કાર્યક્રમની શરૂઆત ગુજરાતના અગ્રગણ્ય વૈજ્ઞાનિક ડૉ.વિક્રમ સારભાઈના પરિચયથી થઈ હતી. ડૉ.વિક્રમ સારાભાઈના પ્રયત્નોથી ભારતીય ઉપગ્રહને અવકાશમાં મૂકવામાં આવ્યો હતો. તેથી તેમને ભારતીય અવકાશ યુગના પિતા તરીકે પણ ઓળખવામાં આવે છે.તેમના નામ ઉપરથી ભારતના ચંદ્રયાન ૩ ને વિક્રમ નામ આપવામાં આવ્યું છે.

આ કાર્યક્રમમાં ભરૂચ અને વડોદરાના સુપ્રસિદ્ધ કલાકારો દ્વારા ચંદ્ર અને દેશભક્તિ આધારિત ગીતો ગાઈને લોકોના મનને ડોલાવ્યા હતા જેથી સમગ્ર વાતાવરણ દેશભક્તિમય બની ગયું હતું. અંતમાં સમૂહમાં રાષ્ટ્રગીત ગાઈને સમગ્ર કાર્યક્રમની પૂર્ણાહુતિ કરી હતી.

### રાજ્યમાં ચાલુ વર્ષે ૬૬ નગરપાલિકાઓમાં શરૂ થશે સિટી સિવિક સેંટર

# શહેરીજનોનું ઈઝ ઓફ લિવિંગ વધારવા રાજ્ય સરકારનો મહત્વપૂર્ણ નિર્ણય

## રાજ્ય સરકારે વર્ષ ૨૦૨૩-૨૪માં રૂ. ૩૩ કરોડના ખર્ચે ૬૬ નગરપાલિકાઓમાં સિટી સિવિક સેન્ટરોને આપી મંજૂરી

। ગાંધીનગર, તા.૧ ।

રાજ્ય સરકાર દ્વારા સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત લોકોને ઘર આંગણે ઝડપી અને પારદર્શક ઈ-ગવર્નન્સની સુવિધાઓ પ્રદાન કરવામાં સિટી સિવિક સેન્ટર મહત્વની ભૂમિકા ભજવે છે.અને તેથી જ રાજ્ય સરકાર વધુમાં વધુ સિટી સિવિક સેન્ટરો શરુ કરી લોકોનું જીવન સરળ કરવા પર ખાસ ધ્યાન આપી રહી છે.

તદ્અનુસાર, રાજ્ય સરકાર લોકોની ઈઝ ઑફ લિવિંગને સુદ્રઢ બનાવવા માટે માત્ર મોટા શહેરો જ નહિં, પણ નાના શહેરોમાં પણ કામગીરી કરી રહી છે અને તેના માટે ચાલુ વર્ષે એટલે કે વર્ષ ૨૦૨૩-૨૪ દરમિયાન રાજ્યની ૬૬ નગર પાલિકાઓમાં સિટી સિવિક સેન્ટર શરુ કરવાની મંજૂરી આપવામાં આવી છે. નાના શહેરોમાં શરુ થનારા આ સિટી સિવિક સેન્ટરો માટે સરકારે રૂ. ૩૩ કરોડની ફાળવણી કરી છે. નોંધનીય છે કે ગુજરાતમાં ૧૫૭ નગરપાલિકાઓ છે કે જેમાં સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના હેઠળ નગરપાલિકાઓને સિટી સિવિક સેન્ટર ખોલવા માટે સહાય અપાય છે. વર્ષ ૨૦૨૨-૨૩માં રાજ્યની ૨૨ નગરપાલિકાઓમાં ૨૨ સિટી સિવિક સેન્ટર શરૂ કરાયા હતા અને હવે વર્ષ ૨૦૨૩-૨૪માં વધુ ૬૬ નગરપાલિકાઓમાં ૬૬ સિટી સિવિક સેન્ટરો શરુ થશે કે જેથી રાજ્યની નગરપાલિકાઓમાં સિટી સિવિક સેન્ટરોની સંખ્યા વધીને ૮૮ થઈ જશે. રાજ્યની ૮ મહાનગર પાલિકાઓમાં તો મોટાભાગે શહેરીજનોની સુવિધા માટે સિટી સિવિક સેન્ટરની સુવિધાઓ ઉપલબ્ધ છે.

# ભરૂચ જિલ્લાના મુખ્ય જિલ્લા ન્યાયાધીશશ્રીના વરદ્હસ્તે વાલીયા ખાતે નવીન ન્યાયસંકુલ ખુલ્લુ મુકવામાં આવ્યુ

। ભરૂચ, તા.૧ ।

પ્રિન્સીપાલ સિવિલ કોર્ટ, વાલીયાનાં નવીન કોર્ટ બિલ્ડીંગનું ઉદઘાટન ભરૂચ જિલ્લાના મુખ્ય જિલ્લા ન્યાયાધીશ શ્રી વી. કે. પાઠકના વરદહસ્તે કરવામાં આવ્યું હતું. આ વેળાએ વાલીયાના મુખ્ય સીવીલ જજ શ્રી એચ.આર. ઠકકર સહિત જિલ્લાના અન્ય ન્યાયાધીશશ્રીઓ તેમજ વાલીયા વકીલ બારના પ્રમુખ આર. કે. વસાવા સાથે વકીલ બારના હોદદારો/ સભ્યો તેમજ સરકારી અધિકારીશ્રીઓ



હાજર રહયા હતા. આ પ્રસંગે પ્રાથમિક શાળા વાઘલખોડની બાલીકાઓ ધ્વારા સ્વાગત નૃત્ય રજુ કરવામાં આવેલ હતું. આ પ્રસંગે મુખ્ય જિલ્લ ન્યાયાધીશશ્રીએ ભરૂચ ન્યાયીક જિલ્લાના યુનિટ જજ આદરણીય જસ્ટીસ નાણાવટી સાહેબશ્રી તેમજ નવીન કોર્ટ બિલ્ડીંગના નિમાર્ણ અને પ્રવેશ માટે સહાયક થનાર તમામ વ્યકિત અને એજન્સીનો આભાર વ્યક્ત કર્યો હતો. આ શુભ પ્રસંગને યાદગાર બનાવવા ન્યાય સંકુલના પટાંગણમાં વૃક્ષારોપણનું સુંદર આયોજન પણ કરવામાં આવેલ હતું. આ પ્રસંગે મુખ્ય જિલ્લા ન્યાયાધીશશ્રીએ વાલીયાના મુખ્ય ન્યાયાધીશશ્રી, વકીલશ્રીઓ અને કર્મચારીશ્રીઓને નવીન કોર્ટ બિલ્ડીંગમાં મંગળ પ્રવેશ શુભકામનાઓ પાઠવી હતી.

કાર્યક્રમના અંતે વાલીયાના મુખ્ય સીવીલ જજ શ્રી એચ.આર.ઠકકર સાહેબશ્રીએ પણ નિમાર્ણ અને પ્રવેશ માટે સહાયક થનાર તમામ વ્યક્તિ અને એજન્સીનો આભાર વ્યકત કર્યો હતો.જિલ્લા ખેતીવાડી અધિકારીશ્રીના અધ્યક્ષસ્થાને નેચરલ ફાર્મિંગ સર્ટિફિકેશન પ્રોગ્રામ (NPOP) અંતર્ગત આઈસીએચ સ્ટાફની એકદીવસીય તાલીમ યોજાઈ

# આજનું રાશિ ભવિષ્ય.....

**મેષ (અ,લ,ઇ) :**

આજના દિવસે સ્વયં-સુધારણાના પ્રકલ્પો એક કરતાં વધારે રીતે ફાયદાકારક ઠરશે-તમને તમારી જાત માટે સારૂં લાગશે તથા તમારો આત્મવિશ્વાસ પણ વધશે. નાણાકીય પક્ષ મજબૂત થવા ની પુરી શક્યતા છે.જો તમે કોઈ વ્યક્તિ ને પૈસા ઉધાર આપ્યા હતા તો તે પૈસા આજે પાછા મળવા ની પુરી શક્યતા છે. તમારા પરિવારના કલ્યાણ માટે સખત મહેનત કરો.

**વૃષભ (બ,વ,ઉ) :**

આજના દિવસે તમારો મૂડ બદલવા માટે કોઈક સામજિક મેળાવડામાં હાજરી આપો. તમારી પાસે પૈસા પણ પર્યાપ્ત માત્રા માં હશે અને આની સાથેજ મન માં શાંતિ પણ હશે. તમાર પરિણીત જીવનના શ્રેષ્ઠ દિવસની અનુભૂતિ તમે આજે કરશો. જો તમારો પ્રેમી તમારી સાથે વાત કરવા માંગતા ન હોય તો દબાણ ન કરો. તેમને સમય આપો, પરિસ્થિતિ માં પોતે સુધારો થશે.

**મિથુન (ક,છ,ઘ) :**

આજના દિવસે આજે તમારું આરોગ્ય સ્વસ્થ રહેવા ની અપેક્ષા છે. પોતાના સારા સ્વાસ્થ્ય ના લીધે તમે આજે મિત્રો સાથે રમતગમત ની યોજના બનાવી શકો છો? દિવસના ઉત્તરાર્ધમાં આર્થિક સ્થિતિ સુધરશે. આજે તમને અનુભૂતિ થશે કે, લગ્નજીવન સુખી હોય તો કેવું લાગે છે. તમારું મનપસંદ સંગીત સાંભળવું એ તમને ચાના કપ કરતા વધારે તાજું અનુભવી શકે છે.

**કર્ક (ડ,હ) :**

આજના દિવસે રચનાત્મક શોખ તમને નિરાંતવા રાખશે. બીજા દિવસો ની સરખામણી માં આજ નું દિવસ સારું રહેશે અને પર્યાપ્ત ધન ની પ્રાપ્તિ થશે. છેલ્લા થોડા સમયથી તમારૂં અંગત જીવન તમારા ધ્યાનનું મુખ્ય કેન્દ્ર રહ્યું છે-પમ આજે તમે સામાજિક જીવન પર ધ્યાન આપશો- સખાવત અને પોતાની સમસ્યાઓ સાથે જેઓ તમારી પાસ આવશે એમની મદદ.

**સિંહ (મ,ટ) :**

આજના દિવસે કેટલીક અનિવાર્ય પરિસ્થિતિઓ તમને બેચેન કરી શકે છે.પણ તમારે તમારા મગજ પર કાબુ રાખી રાખી પરિસ્થિતિ સાથે કામ પાર પાડવા માટે તરત જ પ્રતિક્રિયા આપવાનું ટાળવું જોઈએ. નાણાકીય દષ્ટિએ આજ નું દિવસ મિશ્ર રહેવાનું છે. આજે તમને ધન લાભ તો થશે પરંતુ તેના માટે તમને સખત મહેનત કરવા ની જરૂર હશે.

**કન્યા (પ,ઠ,ણ) :**

આજના દિવસે શારીરિક લાભ અને ખાસ કરીને માનસિક દ્રઢતા માટે ધ્યાન અને યોગ કરવાનું શરૂ કરો. આજે તમને ધન સંબંધી કોઈ સમસ્યા આવી શકે છે જે ને ઉકેલવા માટે તમે પોતાના પિતા અથવા પિતાતુલ્ય માણસ થી સલાહ લઈ શકો છો તમારા સામાજિક જીવનની ઉપેક્ષા કરતા નહીં. તમારા વ્યસ્ત સમયપત્રકમાંથી થોડો સમય કાઢી તમારા પરિવાર સાથે પાર્ટીમાં હાજરી આપજો.

**તુલા (ર,ત) :**

આજના દિવસે વધુ પડતી ચિંતા તથા તાણ હાઈપર-ટૅન્શનનું કારણ બની શકે છે. આજે તમને પોતાની સંતાન દ્વારા ધન લાભ થવા ની શક્યતા દેખાય છે અને તમને આના દ્વારા ખુશી થશે. ઘરના લોકો સાથે તમારે કશુંક ઉત્સાહજનક તથા અલગ કરવું જોઈએ. આજે પિતા અથવા મોટા ભાઈ તમને કોઈ ભૂલ માટે ઠપકો આપી શકે છે. તેના શબ્દો ને સમજવા નો પ્રયત્ન કરો.

**વૃશ્ચિક (ન,ય) :**

આજના દિવસે સ્વાસ્થ્ય બરાબર રહેશે. આજે તમારા માતા પિતા માં થી કોઈ તમને ધન ની બચત સંબંધી વાત પર ભાષણ આપી શકે છે, તમારે તે વાતો ઘણા ધ્યાન થી સાંભળવા ની જરૂર છે નહીંતર આવનારા સમય માં તકલીફ તમારેજ વેઠવવી પડશે? તમારી પાસેના ફાજલ સમયનો લાભ તમારા પરિવારના સભ્યોની મદદ કરવા માટે લો. મિત્રો સાથે મજાક કરતી વખતે તમારી સીમાઓ ને પાર કરવા નું ટાળો.

**ધન (ભ,ધ,ફ) :**

આજના દિવસે તમારી આશા આજે કોઈક ઉચ્ચ તથા નાજુક ખુશ્બોની જેમ તથા ભપકાદાર ફૂલની જેમ ખીલશે. આજે તમે તમારું ધન ધાર્મિક કાર્યો માં લગાવી શકો છો જેથી તમને માનસિક શાંતિ મળવા ની પુરી શક્યતા છે. મિત્રો તથા નિકટજનો તમારી તરફ મદદનો હાથ લંબાવશે.ઈન્ટરનેટ સર્ફિંગ તમારી આંગળીઓ ને સારી રીતે નિપુણ બનાવી શકે છે.

**મકર (ખ,જ) :**

આજના દિવસે તમારા માતા-પિતાની અવગણના કરવી એ બાબત તમારી ભાવિ શક્યતાઓને હાનિ પહોંચાડી શકે છે. સારો સમય ક્યારેય લાંબો ટકતો નથી. માણસના કર્મો અવાજના મોજાં જેવા હોય છે. આ મોજાં પાછાં ફરે છે અને મેલોડી અથવા ધ્રૂજાવનારૂં સંગીત રચે છે. તે બીજ છે-આપણે જેવું વાવીએ છીએ તેવું જ લણીએ છીએ.

**કુંભ (ગ,શ,સ) :**

આજના દિવસે તમે પરિસ્થિતિની કમાન સંભાળશો એટલે તમારી બેચેની દૂર થઈ જશે.તમને એ સમજાવાની શક્યતા છે કે બધું સાબુના પરપોટા જેવું ક્ષણભંગુર છે જ હિંમત સાથેના પ્રથમ સંપર્કથી જ ગાયબ થઈ જાય છે. ઘણા લાંબા સમય બાદ તમને તમારા જીવનસાથી તરફથી પ્રગાઢ અને ઉષ્માભર્યું આલિંગન મળશે. આજે યોગ ધ્યાન નો સહારો લેવા થી તમે માનસિક રીતે મજબૂત બનશો.

**મીન (દ,ચ,ઝ,થ) :**

આજના દિવસે મિત્ર તરફથી પ્રસંશાના ખાસ શબ્દો તમારી ખુશીનું સબબ બનશે. આવું થવાનું કારણ એ કે તમે તમારા જીવનને વૃક્ષ જેવું બનાવ્યું છે-જે અન્યોને છાંયડો આપે છે અને પોતે તડકામાં ઊભા રહી સૂરજનો તાપ સહે છે. જે વેપારી પોતાના વેપાર માટે ઘર થી ભાર જયી રહ્યા છે તે પોતાના ધન ને ખુબ સાચવી ને રાખે? ધન ચોરી થવા ની શક્યતા છે.

ન્યૂઝ બ્રિફ

## વોટ્સએપ યુઆઈમાં ફેરફાર કરીને નવો લૂક આપશે

। વોશિંગ્ટન, તા.૧ ।

દુનિયાભરમાં જાણીતી મેસેન્જિંગ એપ વોટ્સએપ તેના યુઝર્સ માટે અવારનવાર નવા ફીચર્સ બહાર પડતું હોય છે. વોટ્સએપે હાલમાં જ સ્ક્રીન શેરિંગ, એચડી ફોટોસ શેરિંગ અને ઘણાં અન્ય ફીચર્સ બહાર પડ્યા છે. હવે વોટ્સએપ એક મોટો ફેરફાર કરવા જઈ રહ્યું છે. કંપની ટૂંક સમય જ પોતાના યુઆઈમાં ફેરફાર કરી શકે છે, જેનાથી વોટ્સએપને એક નવો લુક મળશે. આ રિડિઝાઈન વોટ્સએપ યુઆઈ એન્ડ્રોઈડ યુઝર્સ માટે સ્પોટ કરવામાં આવ્યું છે. વેબટાઈન્ફોના અહેવાલ મુજબ, મેટાના ઈન્સ્ટન્ટ મેસેન્જિંગ પ્લેટફોર્મ વોટ્સએપના એન્ડ્રોઈડ બેટા વર્ઝન ૨.૨૩.૧૮.૧૮ પર નવા યુઆઈને સ્પોટ કરવામાં આવ્યો છે. વોટ્સએપ તેના યુઝર્સને ગ્રીનની જગ્યાએ વ્હાઈટ કલરનું ટોપ બાર આપી શકે છે. આ રિવૈમ્પ મટીરીયલ ડિઝાઈન ૩ પર બેસ્ડ હશે. કંપનીના યુઆઈથી ગ્રીન કલરને સંપૂર્ણપણે હટાવવામાં નહી આવે. નવા યુઆઈમાં પણ યુઝર્સને વોટ્સએપ લોગો ગ્રીન કલરનો જ દેખાશે. આ સિવાય આર્ચિવ્ડ આઈકોન, ન્યુ ચેટ અને બીજા ઘણાં ઓપ્શન ગ્રીન જ રહેશે. આ ઉપરાંત યુઝર્સને નેવિગેશન બાર પણ આઈઓએસની જેમ નીચે જ મળશે. ઘણાં સમય પહેલા જ નેવિગેશન બારની નવી પોઝીશનની ડીટેલ્સ સામે આવી ગઈ હતી. આ ફેરફાર ઉપરાંત વોટ્સએપ યુઝર્સને નવા ફીચર્સ પણ મળશે જેમ કે ઓલ, રીડ, પર્સનલ અને બિઝનસ ચેટ. આ ફિલ્ટર ઓપ્શનની મદદથી યુઝર્સ ચેટને અલગ કરી શકશે. જો કે એવી આશા કરવામાં આવી રહી છે કે વોટ્સએપ આઈઓએસ માટે પણ ટૂંક સમયમાં જ આવા ફીચર્સ એડ કરશે.

### લગ્ન વિના જન્મેલા બાળકના સંપત્તી હક્ક મામલે ચુકાદો

# લગ્ન વિના જન્મેલા બાળકનો હિન્દુ પરિવારોની સંપત્તીમાં હક્ક : સુપ્રીમ કોર્ટ

। નવી દિલ્હી, તા.૧ ।

સુપ્રીમ કોર્ટે લગ્ન વિના જન્મેલા બાળકોને સંપત્તિમાં હક્ક મામલે આજે મહત્વનો ચુકાદો આપ્યો છે. આજે કોર્ટે 'લગ્ન કર્યા વગર જન્મેલા બાળકને સંપત્તિનો અધિકાર આપવા' અંગેની અરજી પર સુનાવણી હાથ ધરી હતી, જેમાં કોર્ટે સ્પષ્ટ કહ્યું છે કે, આ ચુકાદો માત્ર હિન્દુ સંયુક્ત પરિવારની સંપત્તિઓ પર લાગુ છે. લગ્ન વગર જન્મેલા બાળકો તેમના માતા-પિતાની સંપત્તિમાં ભાગ મેળવવા હક્કદાર છે... લાઈવ લૉની રિપોર્ટ મુજબ દેશના



મુખ્ય ન્યાયાધીશ ડી.વાય.ચંદ્રચુડની આગેવાની હેઠળની ત્રણ ન્યાયાધીશોની ખંડપીઠે નિર્ણય સંભાળવા કહ્યું કે, આ ચુકાદો માત્ર હિન્દુ સંયુક્ત પરિવારની સંપત્તિઓ પર લાગુ છે... ખંડપીઠે વર્ષ ૨૦૧૧ના રેવનાસિદપ્પા વિરુદ્ધ મલ્લિકાર્જુન કેસમાં બે ન્યાયાધીશોની ખંડપીઠના ચૂકાદાનો સંદર્ભ આપી આ ચુકાદો સંભળાવ્યો હતો. ૨૦૧૧ના કેસમાં ખંડપીઠે જણાવ્યું હતું કે, અમાન્ય લગ્નથી જન્મેલા બાળકો સંપત્તિના હક્કદાર છે. તેઓ ઈચ્છે તો માતા-પિતાની સંપત્તિમાં સ્વેચ્છાએ ભાગ માંગી શકે છે. હિંદુ લગ્ન એક્ટ ૧૯૫૫ની કલમ ૧૬(૩)ની વ્યાખ્યા મુજબ અમાન્ય લગ્નથી જન્મેલા બાળકોને કાયદેસરતા આપવામાં આવે છે.

### ઓસીસીઆરપીના રિપોર્ટમાં વેદાંતા ગ્રૂપ સામે આરોપ

# પર્યાવરણના મુખ્ય નિયમોને નબળાં કરવા ગુપ્ત લોબિંગ

### ભારત સરકારે પબ્લિક કન્સલ્ટેશન વગર જ માઈનિંગ સંબંધિત સુધારાઓને મંજૂરી આપી દીધી હતી

। નવી દિલ્હી, તા.૧ ।

ઓર્ગેનાઈઝ્ડ ક્રાઈમ એન્ડ કરપ્શન રિપોર્ટિંગ પ્રોજેક્ટ્સ (ઓસીસીઆરપી) ના રિપોર્ટે અદાણી ગ્રૂપ બાદ અનિલ અગ્રવાલના નેતૃત્વ હેઠળના વેદાંતા ગ્રૂપ સામે ગંભીર આરોપો મૂક્યા છે. તાજેતરના રિપોર્ટમાં ઓસીસીઆરપીએ દાવો કર્યો હતો કે કોરોના મહામારી દરમિયાન વેદાંતા ગ્રૂપે પર્યાવરણના મુખ્ય નિયમોને નબળાં કરવા માટે ગુપ્ત લોબિંગ કરી હતી.

ઓસીસીઆરપીના નવા રિપોર્ટમાં દાવો કરાયો છે કે ભારત સરકારે પબ્લિક કન્સલ્ટેશન વગર જ માઈનિંગ સંબંધિત સુધારાઓને મંજૂરી આપી દીધી હતી. નિષ્ણાતો અનુસાર આ સુધારા ગેરકાયદે રીતે લાગુ કરાયા હતા. ઓસીસીઆરપીએ કહ્યું કે જાન્યુઆરી ૨૦૨૧માં વેદાંતા સમૂહના ચેરમેન અનિલ અગ્રવાલે પૂર્વ પર્યાવરણ મંત્રી પ્રકાશ જાવડેકરને કહ્યું હતું કે સરકાર માઈનિંગ કંપનીઓને નવી પર્યાવરણીય મંજૂરી વગર જ ઉત્પાદનને ૫૦% સુધી વધારવાની મંજૂરી આપી શકે છે. તેનાથી સરકાર ભારતના આર્થિક સુધારામાં ગતિ લાવી શકે છે. જ્યોર્જ સોરોસ સમર્થિત ઓસીસીઆરપીએ દાવો કર્યો હતો કે વેદાંતાના ઓઈલ બિઝનેસ કેયર્ન ઈન્ડિયાએ પણ સરકારી હરાજીમાં જીતેલા ઓઈલ બ્લૉકમાં સંશોધન હેતુથી કરાતી ડ્રીલિંગ માટે જાહેર સુનાવણીને રદ કરવાની સફળતાપૂર્વક તરફેણ કરી હતી. ઓસીસીઆરપીના રિપોર્ટમાં દાવો કરાયો છે કે ત્યારથી રાજસ્થાનમાં કેયર્નના છ વિવાદિત ઓઈલ પ્રોજેક્ટ્સને સ્થાનિક વિરોધ છતાં મંજૂરી અપાઈ હતી. ઓસીસીઆરપીએ આ દાવો ઈન્ફર્મેશન રિક્વેસ્ટની સ્વતંત્રતાનો ઉપયોગ કરી પ્રાપ્ત કરેલા હજારો ભારતીય સરકારી દસ્તાવેજોના વિશ્લેષણ પરથી કર્યો છે. આ દસ્તાવેજોમાં ઈન્ટરનલ આવેદનો, બંદ બારણે યોજાયેલી બેઠકના મિનટ્સ અને વેદાંતાના ચેરમેન અનિલ અગ્રવાલના પત્રો પણ સામેલ છે. ઓસીસીઆરપીએ રિપોર્ટમાં દાવો કર્યો છે કે જાન્યુઆરી ૨૦૨૧માં અનિલ અગ્રવાલે તત્કાલીન પર્યાવરણમંત્રી પ્રકાશ જાવડેકરને એક પત્ર લખ્યો હતો જેમાં કહ્યું હતું કે સરકાર માઈનિંગ કંપનીઓને નવી પર્યાવરણ મંજૂરીને સુરક્ષિત કર્યા વિના ઉત્પાદનને ૫૦ ટકા સુધી વધારવાની મંજૂરી આપી ભારતના આર્થિક સુધારાને ગતિ આપી શકે છે. ઉત્પાદન અને આર્થિક વિકાસને પ્રોત્સાહન આપવા ઉપરાંત તે સરકાર માટે ભારતે મહેસૂલી આવક લાવશે અને મોટાપાયે નોકરીઓનું સર્જન કરશે. અગ્રવાલે સુચન કર્યું હતું કે ફેરફાર એક સાધારણ નોટિફિકેશનની મદદથી કરી શકાય છે. અનિલ અગ્રવાલ દ્વારા પ્રકાશ જાવડેકરને લખેલા પત્રના બે અઠવાડિયા પછી, પર્યાવરણ મંત્રાલયને ફેડરેશન ઓફ ઈન્ડિયન ચેમ્બર્સ ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી લોબી ગ્રુપના વડા તરફથી એક પત્ર મળ્યો, જેમાં આવી જ વિનંતી કરવામાં આવી હતી. બંનેએ જણાવ્યું કે સરકારે થોડા વર્ષો પહેલા કોલસાની ખાણો માટે આ કામ કર્યું હતું.

### સંસદના વિશષે સત્ર પર વિપક્ષોના પ્રતિક્રિયા

## એક દેશ એક ચૂંટણી બિલ સામે ઈન્ડિયાના પક્ષોનો વિરોધ

। નવી દિલ્હી, તા.૧ ।

કેન્દ્ર સરકારે ગઈકાલે એક ચોંકાવનારો નિર્ણય કરતા ૧૮થી ૨૨ સપ્ટેમ્બર સુધી સંસદનું વિશેષ સત્ર બોલાવ્યું છે. સંસદીય કાર્યમંત્રી પ્રહલાદ જોશીએ આ વિશેષ સત્રની જાણકારી એક્સ (ટ્વિટર) પર આપી હતી. આ વિશેષ સત્રમાં કુલ પાંચ બેઠકો હશે, સંસદના વિશેષ સત્રને લઈને હવે ઘણી અટકળો લગાવાઈ રહી છે તો બીજી તરફ આ વિશેષ સત્ર પર રાજકીય પક્ષોએ પ્રતિક્રિયા આપી છે. કેન્દ્ર સરકાર આ વિશેષ સત્રમાં એક દેશ-એક ચૂંટણી બિલ લાવી શકે છે ત્યારે હવે શિવસેના (યુટીબી)ના નેતા અને સાંસદ સંજય રાઉતે કહ્યું હતું કે એક દેશ-એક ચૂંટણી ઠીક છે પણ નિષ્પક્ષ ચૂંટણી થવી જોઈએ. કેન્દ્ર સરકાર અમારી નિષ્પક્ષ ચૂંટણીની માંગને રોકવા માટે લાવી છે, મને લાગે છે કે ચૂંટણી મોડી કરવા માટેનું પણ એક ષડયંત્ર છે. આ લોકો ચૂંટણી કરાવવા માંગતા નથી, આ લોકો ઈન્ડિયાથી ડરી ગયા છે એટલા માટે નવા નવા ફંડા લાવી રહ્યા છે તેમ રાઉતે કહ્યું હતું.

### મોદી સરકારની ગરીબો માટેની કલ્યાણકારી યોજના

# દરેક માટે વર્ષના માત્ર ૪૫૬ રૂપિયામાં ચાર લાખનો વીમો

। નવી દિલ્હી, તા.૧ ।

મોદી સરકાર ખેડુતો, ગરીબ પરિવાર અને સામાન્ય નાગરિકો સહિત દર વર્ગની સુરક્ષા માટે કલ્યાણકારી યોજના ચલાવી રહી છે. આ સ્કીમ વિશે હજુ પણ કેટલાક લોકોને તેની માહિતી નથી. કેન્દ્ર સરકાર દ્વારા ચલાવવામાં આવતી આ ૨ યોજના મુજબ દેશના દરેક નાગરિકોને વર્ષના માત્ર ૪૫૬ રુપિયાના પ્રિમિયમ ભરવાથી ૪ લાખનો વીમો મળે છે. આ યોજનામાં મહત્વની વાત એ છે કે આ સ્કીમનો લાભ મેળવવા માટે તમારે ક્યાય જવાની જરૂર નથી. તમારા ખાતામાંથી ઓટોમેટિક પૈસા કપાઈ જશે અને તમને વીમા સુરક્ષાનો લાભ મળી રહેશે.

પ્રધાનમંત્રી જીવન જ્યોતિ વીમા યોજના (પીએમજેજેબીવાય)માં માત્ર ૪૩૬ રુપિયાના વાર્ષિક પ્રિમિયમ પર ૨ લાખનો વીમાની સુરક્ષા મળી રહે છે. જો કે આ ઈન્શોરેન્સ સ્કીમ માત્ર ૧૮ થી ૫૦ વર્ષના લોકો માટે ઉપલબ્ધ છે. આ યોજનામાં તેનું પ્રિમિયમ દર વર્ષ તમારા ખાતામાંથી ઓટોમેટિક કપાઈ જશે.

પ્રધાનમંત્રી જીવન જ્યોતિ વીમા યોજના ૧ જૂનથી ૩૧ મે સુધી એક વર્ષના સમયગાળા માટે હોય છે. તેના પછી તે દર વર્ષે રિન્યુ થતી રહે છે, આ યોજનામાં જો કોઈ કારણસર વ્યક્તિનું મૃત્યુ થાય તો તેના પરિવાર જનોને વીમા રાશિ પર ૨ લાખ રુપિયા આપવામાં આવે છે. આ ઉપરાંત પ્રધાનમંત્રી જીવન જ્યોતિ વીમા યોજનામાં માત્ર ૩૦ રુપિયાના પ્રિમિયમમાં ૨ લાખ રુપિયાનો વીમા સુરક્ષા મળે છે. આ યોજના હેઠળ વીમાધારકનુ મૃત્યુ થવા પર અને એક્સીડેન્ટમાં પુર્ણ રીતે વિકલાંગ થવા પર ૨ લાખ રુપિયા આપવામાં આવે છે.

### સપ્ટેમ્બરના પ્રથમ દિવસની બજારમાં શાનદાર શરૂઆત

## સેન્સેક્સમાં ૫૫૬, નિફ્ટીમાં ૧૮૨ પોઈન્ટનો ઊછાળો

। મુંબઈ, તા.૧ ।

સપ્ટેમ્બર સિરીઝની માર્કેટમાં શાનદાર શરૂઆત થઈ હતી. ૦૧ સપ્ટેમ્બર એટલે કે આજના ટ્રેડિંગમાં સેન્સેક્સ અને નિફ્ટી જોરદાર ઉછાળા સાથે બંધ થયા છે. જ્યારે મિડકેપ અને સ્મોલકેપ ઈન્ડેક્સ રેકોર્ડ હાઈ પર બંધ થયા છે. ફાર્મા સિવાય તમામ સેક્ટર ઈન્ડેક્સમાં વધારો જોવા મળ્યો હતો. ઓટો ઈન્ડેક્સ રેકોર્ડ હાઈ પર બંધ રહ્યો હતો. મેટલ, પીએસઈ અને એનર્જી શેર્સમાં ખરીદી જોવા મળી. ઓટો, ઈન્ફ્રા અને બેંકિંગ શેર્સમાં ઉછાળો જોવા મળ્યો હતો. સ્થાનિક શેરબજારમાં શુક્રવારે સપ્ટેમ્બર મહિનામાં સારી શરૂઆત કરી હતી. નવા મહિનાના પ્રથમ દિવસે, બંને મુખ્ય સ્થાનિક ઈન્ડેક્સ બીએસઈસેન્સેક્સ અને એનએસઈનિફ્ટીએ લગભગ ૧ ટકાનો વધારો નોંધાવ્યો હતો. મોટી કંપનીઓના શેરોએ ખાસ કરીને સારું પ્રદર્શન કર્યું. ટ્રેડિંગના બંધ થવાના સમયે સેન્સેક્સ ૬૫,૪૦૦ પોઈન્ટની નજીક પહોંચી ગયો, જ્યારે નિફ્ટી ૧૯,૪૩૦ અંકને પાર કરવામાં સફળ રહ્યો. સપ્તાહના અંતિમ દિવસે સ્થાનિક શેરબજારે તેજી સાથે કારોબારની શરૂઆત કરી હતી.

## સુરક્ષાદળો પર આત્મઘાતી હુમલામાં નવ જવાનનાં મોત

। ઈસ્લામાબાદ, તા.૧ ।

ઉત્તર પશ્ચિમી પાકિસ્તાનમાં ખૈબર પખ્તૂનખ્વા પ્રાંતના બન્નુ જિલ્લામાં પાકિસ્તાનના સુરક્ષાદળોને ટાર્ગેટ કરીને કરવામાં આવેલા આત્મઘાતી હુમલામાં નવ જવાનોના મોત થયા છે અને બીજા ૨૦ ઘાયલ થયા છે. ભારતમાં જે રીતે પુલવામા હુમલો કરવામાં આવ્યો હતો તે જ પ્રકારનો આ હુમલો હોવાનુ જાણકારો કહી રહ્યા છે. પાકિસ્તાની સેનાના કહેવા પ્રમાણે આત્મઘાતી હુમલાખોર બાઈક પર સવાલ થઈને આવ્યો હતો અને સેનાના કાફલામાં ઘુસી ગયો હતો.તેણે કાફલામાં સામેલ વાહનો સાથે બાઈક ટકરાવી દીધી હતી. પ્રતિબંધિત સંગઠન તહેરિક એ તાલિબાન પાકિસ્તાને આ હુમલાની જવાબદારી લીધી છે. હુમલા બાદ સુરક્ષાદળોએ આખો એરિયા કોર્ડન કરી લીધો હતો. હુમલા માટે જવાબદાર લોકોને પકડવા માટે અભિયાન શરૂ કરાયુ છે. પાકિસ્તાનના વચગાળાના વડાપ્રધાન અનવારૂલ હક કાકરે હુમલાની નિંદા કરી છે અને કહ્યુ હતુ કે, મારી સંવેદના માર્યા ગયેલા જવાનોના પરિવારજનો સાથે છે.

પાકિસ્તાનમાં છેલ્લા કેટલાય સમયથી આતંકી હુમલાઓ વધી ગયા છે. સોમવારે આતંકીઓએ એક મોબાઈલ વેન પર હુમલો કર્યો હતો અને તેમાં બે પોલીસ કર્મીઓના મોત થયા હતા. બલોચિસ્તાનમાં આતંકીઓએ ચીનના નાગરિકોને ટાર્ગેટ કર્યા હતા અને તેમની ગાડી પર હુમલો કર્યો હતો.

## રજનીકાંતને જેલર ફિલ્મ માટે ૨૧૦ કરોડ રૂપિયા મળ્યા

। મુંબઈ, તા.૧ ।

દર વખતની જેમ આ વખતે પણ રજનીકાંતની ફિલ્મને લઈને ચાહકો વચ્ચે ગજબનો ક્રેઝ જોવા મળી રહ્યો છે. જેલરે સમગ્ર વિશ્વમાં ધમાલ મચાવી દીધી છે. ૧૦ ઓગસ્ટે રિલીઝ થયેલી જેલરની શાનદાર કમાણી બોક્સ ઓફિસ પર હજુ પણ યથાવત છે. રજનીકાંતની ફિલ્મે તમામ રેકોર્ડ તોડતા વિશ્વભરમાં લગભગ ૬૦૦ કરોડ રૂપિયાની કમાણી કરી નાખી છે. આ દરમિયાન ફિલ્મના હીરો રજનીકાંતની ફી અંગે મોટો ખુલાસો થયો છે, જેને સાંભળીને તમે ચોંકી જશો. આ વાતની જાણકારી ફિલ્મ ઈન્ડસ્ટ્રી ટ્રેકર મનોબાલા વિજયને પોતાના ટ્વીટર હેન્ડલ દ્વારા આપી છે. તેમણે પોતાની ટ્વીટમાં રજનીકાંતની એક તસવીર શેર કરતા લખ્યુ છે કે જાણકારી મળી છે કે કલાનિધિ મારને જે ચેક રજનીકાંતને આપ્યો છે, તે ૧૦૦ કરોડ રૂપિયાનો છે. આ ચેક જેલરના પ્રોફિટ શેરિંગનો છે. આ સિવાય રજનીકાંતને પહેલા જ ફિલ્મની ફી મળી ચૂકી છે, જે ૧૧૦ કરોડ રૂપિયા છે. કુલ મળીને સુપરસ્ટારને ૨૧૦ કરોડ રૂપિયા જેલર માટે મળ્યા છે.

## દરોડા, ધરપકડ વધશે, આપણે તૈયાર રહેવું પડશે : ખડગે

। મુંબઈ, તા.૧ ।

મુંબઈમાં વિપક્ષી ગઠબંધન ઈન્ડિયાની બેઠક ચાલી રહી છે. તેમાં ૨૮ જેટલા પક્ષો સામેલ થયા છે. આ દરમિયાન બેઠકના બીજા દિવસે કોંગ્રેસના અધ્યક્ષ મલ્લિકાઅર્જુન ખડગેએ કહ્યું કે આગામી અમુક મહિનાઓમાં આપણા પર રેડ અને ધરપકડની ઘટનાઓ વધી જશે. તેમણે કહ્યું કે આપણે સૌએ તેના માટે તૈયાર રહેવું જોઈએ. મલ્લિકાઅર્જુન ખડગેએ કહ્યું કે આ સરકાર બદલાની રાજનીતિ કરી રહી છે. એટલા માટે આપણા પર દરોડા પાડે છે અને લોકોની ધરપકડ કરાઈ રહી છે. વડાપ્રધાન સતત આપણી સામે એટેક કરી રહ્યા છે એ જ આપણી સફળતાનો પુરાવો છે. આપણે આવનારા મહિનાઓમાં નવા હુમલાઓ માટે તૈયાર રહેવું પડશે.

**વિશેષ** | વિશ્વ નાળિયેર દિવસ – ૨ સપ્ટેમ્બર ગુજરાતની નાળિયેર ઉત્પાદનમાં આગેકૂચ : દાયકામાં વાવેતર વિસ્તારમાં અંદાજે ૪,૫૦૦ હેક્ટરની વૃદ્ધિ

# "ગુજરાત નાળિયેર વિકાસ કાર્યક્રમ" માટે રૂ. ૪૦૩ લાખથી વધુની બજેટ જોગવાઈ નાળિયેર ઉત્પાદનને આપશે વેગ

ભારતમાં સૌથી વધુ લાંબો દરિયાકાંઠો ધરાવતું ગુજરાત નાળિયેર ઉત્પાદનમાં આગેકૂચ કરી રહ્યું છે. કૃષિ વિભાગમાંથી પ્રાપ્ત માહિતી અનુસાર છેલ્લા દાયકામાં ગુજરાતમાં નાળિયેરીના વાવેતર વિસ્તારમાં ૪,૫૫૨ હેક્ટરની વૃદ્ધિ નોંધાઈ છે. ગુજરાતમાં વર્ષ ૨૦૧૨-૧૩માં નાળિયેરનો વાવેતર વિસ્તાર ૨૧,૧૨૦ હેક્ટર હતો, જે વર્ષ ૨૦૨૨-૨૩માં વધીને ૨૫,૬૭૨ હેક્ટરે પહોંચ્યો છે.

ગુજરાતમાં નાળિયેર ઉત્પાદન અંગેની વિગતો આપતા રાજ્યના બાગાયત નિયામક શ્રી પી.એમ. વઘાસિયા કહે છે કે રાજ્યમાં નાળિયેરનો વાવેતર વિસ્તાર ૨૫ હજાર હેક્ટરે પહોંચ્યો છે. જ્યારે તેનું ઉત્પાદન ૨૧. ૪૨ કરોડ નટ્સ(પાકા નાળિયેર) જેટલું છે. તેઓ ઉમેરે છે કે, ગુજરાતમાં નાળિયેરનું ઉત્પાદન મુખ્યત્વે ગીર-સોમનાથ, જૂનાગઢ, ભાવનગર, વલસાડ, કચ્છ, નવસારી અને દેવભૂમિ દ્વારકા જિલ્લાઓમાં થાય છે.

**નાળિયેરના પ્રકાર અને ઉપયોગ**

નાળીયેરના પાક અંગે પ્રકાશ પાડતા સંયુક્ત બાગાયત નિયામક શ્રી બિપિનભાઈ રાઠોડ કહે છે : "રાજ્યમાં ઉત્પાદન થતા કુલ નાળિયેરમાંથી ૨૦ ટકા નાળિયેરનું ત્રોફા તરીકે, જ્યારે ૪૨ ટકા નાળિયેરનું પાકા નાળિયેર(નટ્સ) તરીકે ઉત્પાદન થાય છે. ૫ ટકા ખેડૂતો પોતાના માટે અને બીજ તરીકે નાળિયેરનું ઉત્પાદન કરે છે." શ્રી રાઠોડના મત મુજબ ગુજરાતમાંથી ૩૩ ટકા નાળિયેર દિલ્હી, પંજાબ, હરિયાણા અને મધ્યપ્રદેશ જેવા રાજ્યોમાં નિકાસ થાય છે.

ઉલ્લેખનીય છે કે નાળિયેર આમ તો બારેમાસ મળે છે. પરંતુ ઉનાળામાં ( માર્ચથી જૂન) સુધી નાળિયેરની માંગમાં વૃદ્ધિ થાય છે. નોંધપાત્ર બાબત એ છે કે કૃષિ અર્થતંત્રમાં નાળિયેરના મહત્વને રેખાંકિત કરતાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં ગુજરાત સરકારે "ગુજરાત નાળિયેર વિકાસ કાર્યક્રમ" અમલી બનાવ્યો છે. જેના માટે બજેટમાં રૂ. ૪૦૩.૩૦ લાખની જોગવાઈ કરવામાં આવી છે. રાજ્ય સરકારનું આ પગલું નાળિયેરની ખેતીમાં એક મહત્વપૂર્ણ કદમ બની રહેશે.

**નાળિયેરનું ઉત્પાદન અને મૂલ્યવૃદ્ધિ**

ભારતીય સંસ્કૃતિમાં નાળિયેરને શ્રીફળનો દરજ્જો પ્રાપ્ત થયેલો છે. ખરેખર તો આ કલ્પવૃક્ષ સમાન ફળ મનુષ્યના સ્વાસ્થ્ય વર્ધનમાં અનેક રીતે આશિર્વાદરૂપ બને છે. અને એટલે જ તે માત્ર શક્તિવર્ધક પીણું કે શુભ પ્રસંગોમાં પ્રસાદ નથી બની રહ્યું. તેની સતત મૂલ્ય-વૃદ્ધિ થઈ રહી છે.

નાળિયેરની મૂલ્યવૃદ્ધિ કરી તેમાંથી તેલ, વર્જિન કોકોનટ ઓઈલ, નાળિયેરનું દૂધ, કોકોનટ કુકી, કોકોનટ બરફી, વિનેગર, ફ્લેક્સ, ચિપ્સ, ઓઈલ કેક અને નીરા વગેરે બનાવી શકાય છે. નાળિયેરના તેલનો ઉપયોગ ખાદ્ય તેલ ઉપરાંત ટોયલેટરી અને



અન્ય ઉદ્યોગોમા પણ થાય છે. નાળિયેરના દૂધનો ઉપયોગ એલર્જી માટેના ઔષધોમાં પણ થાય છે. દરેક જૂથ માટે ઉપયોગી એવા નાળિયેરના દૂધનો ઉપયોગ નવજાત શિશુને પીવડાવવામાં વિશેષ રીતે કરવામાં આવે છે. નાળિયેરનું દૂધ ડાયાબિટિસ, સ્થૂળતા, પિત્તાશયના રોગ, સ્વાદુપિંડનો સોજામાં ઉપયોગી છે. રાજ્યમાં નાળિયેરીનું ઉત્પાદન વધતા પ્રોસેસિંગ થકી તેનું મૂલ્યવર્ધન કરી નાળિયેર પાણીનાં ટેટ્રાપેક/બૉટલ, નાળિયેર મિલ્ક પાવડર, નાળિયેર તેલ, નીરો, કોયર જેવા અનેક ઉત્પાદનો માટેની પણ વિપુલ સંભાવના રહેલી છે.

**નાળિયેર ઉત્પાદન અને ખેડૂતો**

રાજ્યમાં વધુમાં વધુ ખેડૂતો નાળિયેરની ખેતી તરફ વળે તે માટે ખેડૂતોને રાજ્ય અને કેન્દ્ર સરકાર તરફથી વિવિધ પ્રોત્સાહન આપવામાં આવે છે. દા.ત. ગુજરાત નાળિયેર વિકાસ કાર્યક્રમ હેઠળ નાળીયેરી ખેડૂતને વાવેતર માટે ખર્ચના ૭૫% મુજબ મહત્તમ રૂ.૩૭,૫૦૦/- પ્રતિ હેકટરની મર્યાદામાં સહાય તરીકે આપવામાં આવે છે. આ સહાય બે હપ્તામાં(૭૫:૨૫) ચૂકવવામાં આવે છે. આ ઉપરાંત નાળીયેરીમાં સંકલિત પોષણ અને જીવાત વ્યવસ્થાપન માટે ખર્ચના ૫૦% મુજબ મહત્તમ રૂ.૫૦૦૦/- પ્રતિ હેકટરે સહાયપેટે આપવામાં આવે છે.

રાજ્ય પ્લાન યોજના અંતર્ગત નાળિયેરીના પ્લાન્ટીંગ મટીરીયલ્સ માટે ખર્ચના મહતમ ૯૦% મુજબ રૂ.૧૩૦૦૦ પ્રતિ હેક્ટરે સહાય તરીકે ચૂકવાય છે.

**નાળિયેરની ઉત્પાદન વૃદ્ધિ માટે કેન્દ્રના પ્રયાસો**

કેન્દ્ર સરકારે નાળિયેરની ખેતી અને તેના સંલગ્ન ક્ષેત્રના વિકાસ માટે નાળિયેર વિકાસ બોર્ડ (Coconut Development Board)ની રચના કરી છે. ૨ સપ્ટેમ્બર, ૨૦૨૨થી જૂનાગઢ ખાતે તેની પ્રાદેશિક કચેરી પણ કાર્યરત છે. આ કચેરી આ ક્ષેત્રમાં શરુ થતાં નાળિયેરની ખેતી તરફ આકર્ષણ વધ્યું છે.

આ અંગેની વિગતો આપતા કોકોનટ ડેવલપમેન્ટ બોર્ડના ઈન્ચાર્જ શ્રી અજય કુમારે જણાવ્યું કે, કોકોનટ ડેવલપમેન્ટ બોર્ડના પ્રયાસોને પગલે નાળિયેરના વાવેતર વિસ્તારમાં ૧,૭૦૮ હેક્ટરની વૃદ્ધિ થઈ છે. તેઓ ઉમેરે છે કે ગુજરાતના દરિયાકાંઠા વિસ્તારોમાં નાળિયેરના ઉત્પાદનને પ્રોત્સાહન આપવા માટે વર્ષ ૨૦૧૭થી આજ દિન સુધી રૂ. ૪૪૪.૦૫ લાખનો ખર્ચ કરવામાં આવ્યો છે.

નાળિયેરની ખેતીમાં ઉત્પાદકતા-વૃદ્ધિ પણ મહત્વનું પરિબળ છે. માટે જ કોકોનટ ડેવલપમેન્ટ બોર્ડ દ્વારા ઈન્ટિગ્રેટેડ પ્રોડક્ટીવીટી ઈમ્પ્રુવમેન્ટ પ્રોગ્રામ હેઠળ રૂ. ૩૭૭ લાખના ખર્ચે ૨,૨૯૫ હેક્ટરમાં નવા ડેમોસ્ટ્રેશન પ્લોટ વિકસિત કરવામાં આવ્યા છે.આ ઉપરાંત બોર્ડ દ્વારા રૂ. ૫.૪૧લાખના ખર્ચે ૧૦ ઓર્ગેનિક ખાતર એકમ પણ શરુ કરવામાં આવ્યા છે. નાળિયેર ઉત્પાદન વૃદ્ધિ માટે સ્કીલ ડેવલપમેન્ટ પ્રોગ્રામ હેઠળ "ફ્રેન્ડઝ ઓફ કોકોનટ ટ્રી" ટ્રેઈનિંગ આપવામાં આવી છે. ૯૮ લાખના ખર્ચે અપાયેલી આ તાલીમમાં ૨ બેચમાં ૪૫ તાલીમાર્થીઓએ તાલીમ લીધી. આ ઉપરાંત કોકોનટ હેન્ડિક્રાફ્ટ ટ્રેઈનિંગ પ્રોગ્રામમાં રૂ. ૨.૦૫ લાખના ખર્ચે ૩ બેચમાં ૪૫ લોકોને તાલીમબદ્ધ કરવામાં આવ્યા.કોકોનટ ડેવલપમેન્ટ બોર્ડની વિવિધ યોજનાઓનો લાભ ૪,૦૦૦થી વધુ લાભાર્થીઓને મળ્યો છે. આમ, નાળિયેર એ સાચા અર્થમાં ગુજરાતના અર્થતંત્ર માટે શ્રીફળ એટલે કે શુભ ફળ બની રહ્યું છે.

## ન્યૂઝ બ્રિફ

### વરસાદ ખેંચાતા દાહોદ જિલ્લાના ખેડૂતો પરેશાન

। દાહોદ,તા.૧ ।

દાહોદ જિલ્લામાં વરસાદ ખેંચતા ખેડૂતોમાં ચિંતા સેવાઈ રહી છે. મકાઈ, ડાંગર સહીત વિવિધ પાક બગડવાની ભીતિ છે. દાહોદ આદિવાસી બાહુલ્ય ધરાવતો જિલ્લો અને અહીંના ખેડૂતો ખેતી અને મજૂરીથી પોતાનો ગુજરાન ચલાવતા હોય છે ત્યારે અહીં મુખ્યત્વે ઘઉં મકાઈ ડાંગર સહિતના પાક ખેડૂતો લેતા હોય છે ત્યારે વરસાદ આધારિત ખેતી પણ અહીંના ખેડૂતો કરતા હોય છે ત્યારે દાહોદ જિલ્લામાં ખેડૂતો વરસાદ ખેંચાતા ચિંતિત તેમજ હાલાકીનો સામનો કરવો પડે છે. ચોમાસાની શરૂઆત થતાની સાથે જ જિલ્લામાં પ્રથમ તબક્કામાં મેઘરાજાએ ધમાકેદાર એન્ટ્રી કરી હતી. જેથી ખેડૂતોમાં વરસાદ આવતાની સાથે જ વાવેતર કરવાની આશા જાગી હતી. સારા વરસાદને લઈને ખેડૂતોએ વાવણી કરી અને સારા પાક માટેની તૈયારી કરવામાં આવી હતી. જોકે હાલ છેલ્લા ૧૫ થી ૨૦ દિવસમાં વરસાદ ન પડતા અને વરસાદ ખેંચાતા ખેડૂતોમાં ચિંતાના વાદળ છવાયા છે.

### સુરેન્દ્રનગરમાં એક દિવસ ૧૦ કલાક વીજળી મળતા ખેડૂતો રોષમા

। સુરેન્દ્રનગર, તા.૧ ।

સુરેન્દ્રનગરના ખેડૂતોએ સરકાર સમક્ષ માગ મુકી હતી કે સિંચાઈ માટે ૮ કલાકને બદલે ૧૦ કલાક વીજળી આપવામાં આવે. સુરેન્દ્રનગરના ખેડૂતોની માગને ધ્યાને રાખીને રક્ષાબંધનના દિવસે ૧૦ કલાક વીજળી આપવામાં આવશે તેવી જાહેરાત કરવામાં આવી હતી. જેના પગલે ખેડૂતો ખુશ થયા પણ એક દિવસ પછી એવું કહેવામાં આવ્યું કે આ તો રક્ષાબંધનના એક દિવસ પૂરતી જ જાહેરાત હતી. તમને કોઈ ગિફ્ટ આપે અને પછી બીજા જ દિવસે એમ કહીને પાછી માગી લે કે આ તો તમને એક દિવસ ફક્ત રાખવા માટે જ આપી હતી. બસ એવું જ કંઈક સુરેન્દ્રનગરના ખેડૂતો સાથે થયું છે. વરસાદ ખેંચાતા ઉર્જામંત્રીએ જાહેરાત કરી કે પિયત માટે ખેડૂતોને ૮ને બદલે ૧૦ કલાક વીજળી આપવામાં આવશે. ખેડૂતો ખુશ થયા પણ એક દિવસ પછી એવું કહેવામાં આવ્યું કે આ તો રક્ષાબંધનના એક દિવસ પૂરતી જ જાહેરાત હતી. સ્વાભાવિક જ ખેડૂતો ગુસ્સામાં છે કેમકે તેમને લાગે છે કે આ તો તેમની સાથે મજાક થઈ છે. બીજી તરફ સરકારે બીજા ૧૪ જીલ્લાઓમાં પણ ૧૦ કલાક વીજળી આપવાની જાહેરાત કરી છે. ત્યારે એ સમજવાનો પ્રયાસ કરીએ કે ખરેખર ૧૦ કલાક વીજળી મળશે કે નહીં તેવા અનેક પ્રશ્નો થઈ રહ્યાં છે. રાજ્યમાં વરસાદ ખેંચાયો છે. જેના પગલે સુરેન્દ્રનગરના ખેડૂતોએ સરકાર સમક્ષ માગ મુકી હતી કે સિંચાઈ માટે ૮ કલાકને બદલે ૧૦ કલાક વીજળી આપવામાં આવે

### પડતર માગને લઈ સસ્તા અનાજની દુકાનદારો અસહકાર આંદોલન

# સરકારી અનાજ, સસ્તા અનાજની દુકાનના ધારકોનું અસહકાર આંદોલન

**૨૦ હજાર જેટલું કમિશન દુકાનદીઠ તેમજ એક કિલો ઘટ ગણવી એક બોરીએ અને વારંવાર ખોરવાતા સર્વર ની ખામીઓ સહિત વિવિધ મુદ્દે સમસ્યા હલ કરવી**

। ગાંધીનગર,તા.૧ ।

આજથી ગુજરાતના ૩૨ લાખ રેશનકાર્ડ ધારકને સરકારી અનાજ નહીં મળે. પડતર માગને લઈ સસ્તા અનાજની દુકાનના ધારકો હવે લડી લેવાના મૂડમાં છે. પડતર માગને લઈ સસ્તા અનાજની દુકાનદારો અસહકાર આંદોલન પર ઉતર્યા છે. જો કે અસહકાર આંદોલનની અસર રેશનકાર્ડ ધારકો પર પડશે. તેમને સરકારી અનાજ નહીં મળી શકે. ગુજરાતના ૧૭ હજાર સસ્તા અનાજ દુકાનદારો વિવિધ પડતર માગણી ઓને લઈને આજથી અસહકાર નું આંદોલન શરુ કર્યું છે અને હડતાળ પર ઉતર્યા છે. જેને લઈને આજે રેશન સંચાલકોએ રેશન દુકાનમા અનાજ – ખાંડ – તેલનો જથ્થો ના ઉતારીને જાહેર વિતરણ વ્યવસ્થાથી અડગા રહ્યા. દુકાનદારોની માગ છે કે ૨૦ હજાર જેટલું કમિશન દુકાનદીઠ તેમજ એક કિલો ઘટ ગણવી એક બોરીએ અને વારંવાર ખોરવાતા સર્વર ની ખામીઓ સહિત વિવિધ મુદ્દે સમસ્યા હલ કરવી. જે બાબતે દુકાનદારો અને એસોસિએશને સરકારમાં



એક વર્ષથી રજુઆત કરવા છતાં વિવિધ પડતર માગણીઓ ન સંતોષાતા આજથી દુકાનદારો વિતરણ વ્યવસ્થાથી અળગા રહ્યા. જેને લઈને રેશન દુકાન બંધ રહેતા ગરીબ વગર અનાજ ક્યાંથી લેશે તેને લઈને પ્રશ્ન સર્જાયો. જ્યાં રેશનકાર્ડ ધારકે સરકારને આ બાબતે ધ્યાન આપવા અપીલ કરી.

૧૭ હજાર સસ્તા અનાજ દુકાનદાર હડતાળ પર ઉતર્યા છે. જેમાં મોટા ભાગના લોકોએ બંધ પાડ્યું. જોકે કેટલાક દુકાન શરૂ રાખી હોવાનું સામે આવ્યું. અમદાવાદમાં રબારી કોલોની વિસ્તારમાં એક દુકાન શરૂ જોવા મળી. જ્યાં દુકાન ધારકે પૂજા કરવા દુકાન ખોલી હોવાનું કારણ દર્શાવ્યું. જે દુકાન ધારકને એસોસિએશન દ્વારા હડતાળમાં સહકાર આપવા પણ જણાવ્યું.

વિવિધ પડતર પ્રશ્નોને લઈને સસ્તા અનાજ દુકાનદારોએ હડતાળ પાડી છે. ગુજરાત રાજ્ય ફેર પ્રાઈસ શોપ એન્ડ કેરોસીન લાયસન્સ હોલ્ડર એસોસિએશને દ્વારા હડતાળ જાહેર કરાઈ છે. જેને લઈને ૧૭ હજાર દુકાનદાર હડતાળ પાડી અનાજ વિતરણ બંધ રાખ્યું. પડતર પ્રશ્નને લઈને એસોસિએશન દ્વારા એક વર્ષ પહેલાં પુરવઠા મંત્રી સાથે ચર્ચા કરી ૨૦ હજાર કમિશન નક્કી કરાયું અને પત્ર પણ કર્યો. જોકે બાદમાં સરકારમાં મંત્રી બદલાતા મામલો ખોરંભે ચડ્યો અને આજે હડતાળ પાડવી પડી. સસ્તા અનાજની દુકાનના ધારકો કમિશન અને અનાજ ઘટની માગ પુરી કરવાની માગ સાથે હડતાળ પર ઉતર્યા છે. આગામી સાતમ-આઠમના તહેવારો સમયે અસહકાર આંદોલનની જાહેરાત કરવામાં આવી છે.

### ૩૮મી બોર્ડ મીટીંગમાં ભાવ વધારાનો નિર્ણય કરવામાં આવ્યો

# સુરતમાં સિટી બસના ભાડામાં ૧ થી ૫ રૂપિયાનો ભાવ વધારો

। સુરત, તા.૧ ।

સુરત મહાનગર પાલિકા સંચાલિત સિટી બસના ભાડામાં ૧ થી ૫ રૂપિયાનો ભાવ વધારો થયો છે. ૩૮મી બોર્ડ મીટીંગમાં ભાવ વધારાનો નિર્ણય કરવામાં આવ્યો છે. આજથી આ નવો ભાવ વધારો અમલી થયો છે. આ ઉપરાંત બીઆરટીએસ બસ સ્ટેન્ડ ખાતે નવા ભાવ વધારાના બેનર પણ લગાડી દેવામાં આવ્યા છે. સુરત મહાનગર પાલિકા દ્વારા જાહેર પરિવહન સેવાના ભાગરૂપે શહેરીજનોને સુરત શહેર તથા આજુબાજુ વિસ્તારમા BRTS અને સીટીબસની સુવિધા રાહત દરે પૂરી પાડવામાં આવી રહી છે. સુરત મહાનગર પાલિકા સંચાલિત સિટી બસના ભાડામાં ૧ થી ૫ રૂપિયાનો ભાવ વધારો થયો છે. ૩૮મી બોર્ડ મીટીંગમાં ભાવ વધારાનો નિર્ણય કરવામાં આવ્યો છે. આજથી આ નવો ભાવ વધારો અમલી થયો છે. આ ઉપરાંત બીઆરટીએસ બસ સ્ટેન્ડ ખાતે નવા ભાવ વધારાના બેનર પણ લગાડી દેવામાં આવ્યા છે. સુરત મહાનગરપાલિકા દ્વારા જાહેર પરિવહન સેવાના ભાગરૂપે શહેરીજનોને સુરત શહેર તથા આજુબાજુ વિસ્તારમાં BRTS અને સીટીબસની સુવિધા રાહત દરે પૂરી પાડવામાં આવી રહી છે. શહેરના નાગરિકો દ્વારા બસ સેવાનો ખુબજ સારા પ્રમાણમાં લાભ લેવામાં આવી રહ્યો છે. જેના પરિણામે મુસાફરોની સંખ્યામાં ઉતરો-ઉતર વધારો થઈ રહ્યો છે. સમગ્ર ભારતમાં સુરત શહેર માત્ર એક જ શહેર છે. જ્યાં એક ટીકીટ થી સીટીબસ અને BRTS માં મુસાફરી કરી શકાય છે. હાલમાં BRTS ના કુલ ૧૩ રૂટ તેમજ સીટીબસના કુલ



૪૫ રૂટ ઉપર આશરે દૈનિક ૨,૫૦,૦૦૦ જેટલા નાગરિકો જાહેર પરિવહન સેવાનો લાભ લઈ રહ્યા છે. તા.૧૮ ઓગસ્ટ ૨૦૨૩ ના રોજ સુરત સિટીલિંક લિ.ની ૩૮મી બોર્ડ મીટીંગ યોજાઈ હતી. આ બોર્ડ મીટીંગમાં તા.૦૧-૯-૨૦૨૩ના રોજથી સુરત મહાનગરપાલિકા દ્વારા સંચાલિત જાહેર પરિવહન સેવામાં નવું સ્ટ્રકચર અમલીકરણ કરવા મંજુરી મળી છે. હાલમાં જાહેર પરિવહન સેવામાં મીનીમમ ભાડું રૂપિયા ૪ થી મેક્સીમમ ભાડું ૨૨ રુપિયા તથા અનલિમિટેડ મુસાફરી માટેનીસુમન પ્રવાસનું ભાડુ ૨૫ રુપિયા અમલમાં છે. આજથી મીનીમમ ભાડું ૫ રુપિયાથી મેક્સીમમ ભાડું ૨૫ રુપિયા તથા અનલિમિટેડ મુસાફરી માટેનીસુમન પ્રવાસનું ભાડુ ૩૦ રુપિયા અમલમાં મુકવામાં આવી છે. જેને કારણે છુટા પૈસાની સમસ્યાનું પણ નિવારણ આવશે. વધુમાં શહેરીજનોને વધુ સારી સેવાપુરી પાડવા હેતુસર તથા ડીજીટલાઈઝેશનને પ્રાધાન્ય આપવા માટે સિટીલિંક મોબાઈલ એપ્લીકેશન મારફત કેશલેસ ટ્રાન્જેકશન દ્વારા શહેરીજનોને મુસાફરી માટે ટિકિટમાં સીધા ૨૦% ની રાહત આપવામાં આવશે.




આઈસીસી ક્રિકેટ વર્લ્ડકપની મેચ રમાવાની છે ત્યારે ૨ ફ્રેન્ડ્સે ભારત-પાકિસ્તાનનું બોડી પેઈન્ટીંગ કરીને રીવરફ્રન્ટ પર ફોટો સેશન કર્યું હતું.

### કાકરાપાર પ્લાન્ટે પૂર્ણ ક્ષમતાથી કામગીરી શરૂ કરી

# ભારતનો પહેલો સ્વદેશી પરમાણુ પ્લાન્ટ ગુજરાતમાં શરૂ કરાશે

। સુરત,તા.૧ ।

ગુજરાતમાં ૭૦૦ મેગાવોટ ક્ષમતાવાળા પહેલા સૌથી મોટા સ્વદેશી કાકરાપાર ન્યુક્લિયર વીજ પ્લાન્ટનું યુનિટ-૩ સંપૂર્ણ ક્ષમતાની સાથે કામ શરૂ કરી દીધું છે. KAPP-3 700 મેગાવોટ ક્ષમતાનો પ્રથમ સ્વદેશી દબાણયુક્ત હેવી વોટર રિએક્ટર છે. એને ભારતીય વૈજ્ઞાનિકો અને એન્જિનિયરો દ્વારા સ્વદેશી રૂપથી વિકસિત કરવામાં આવ્યો છે. ન્યુક્લિયર પાવર કોર્પોરેશન ઓફ ઈન્ડિયા લિ.એ દેશભરમાં ૭૦૦ મેગાવોટના 16 PHWR સ્થાપિત કરવાનું લક્ષ્યર રાખ્યું છે. એમાંથી રાજસ્થાનના રાવતભાટા અને હરિયાણાના ગોરખપુર, મધ્ય પ્રદેશના ચુટકા, રાજસ્થાનના માહી બાંસવાડા અને કર્ણાટકના કૈગામાં ચાર મોટા પાયે ૧૦ સ્વદેશી રૂપથી વિકસિત PHWRના નિર્માણને મંજૂરી આપી દીધી છે.

ગુજરાતનો ન્યુક્લિયર પાવર પ્લાન્ટ કાકરાપાર તાપી નદી પર સુરતથી આશરે ૮૦ કિમી દૂર છે.

પીએમ મોદીના ટ્વીટને લઈ ભાજપ અધ્યક્ષ સીઆર પાટીલનું મહત્વનું નિવેદન આપતા કહ્યું કે, હું પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીનો આભાર વ્યક્ત કરું છું. ૭૦૦ મેગાવોટ સાથે કાંકરાપાર યોજના હેઠળ શરૂ થયેલ પ્લાન્ટના કારણે વીજળીની જરૂરિયાત ઘર આંગણે પૂર્ણ થશે. ઘર આંગણે પ્લાન્ટ શરૂ થવાથી આઠના બદલે દસ કલાક વીજળી મળી રહેશે. તેમણે વધુમાં ઉમેર્યું હતું કે, બહારથી વેચાતી લેવામાં આવતી વીજળીનું ઉત્પાદન હવે આપના ઘર આંગણે થશે.

### ગોડાદરામાં લટકતા કેબલથી લોકોને હાલાકી

# રામ રાજ્ય સોસાયટીમાંથી પસાર થતી હાઈટેન્શન લાઈનને કારણે સ્થાનિકો પરેશાન

। સુરત,તા.૧ ।

ગોડાદરા વિસ્તારમાં આવેલી રામ રાજ્ય સોસાયટીમાંથી પસાર થતી હાઈટેન્શન લાઈનને કારણે સ્થાનિકો પરેશાન છે, સ્થાનિકોએ જણાવ્યું હતું કે આ હાઈટેન્શન લાઈનના કારણે અવાર નવાર દુર્ઘટના સર્જાય રહી છે તેમજ થોડા દિવસો પહેલા જ એક યુવકને કરંટ લાગ્યો છે, અમારી માગ છે કે આ હાઈટેન્શન લાઈનને અન્ડર ગ્રાઉન્ડ કરવામાં આવે. જેથી તેમની સમસ્યા ઓછી થઈ શકે. સુરતના ગોડાદરા વિસ્તારમાં આવેલી રામ રાજ્ય સોસાયટીમાંથી પસાર થતી હાઈટેન્શન લાઈનને કારણે સ્થાનિકો પરેશાન છે, સ્થાનિકોએ જણાવ્યું હતું કે આ હાઈટેન્શન લાઈનના કારણે અવાર નવાર દુર્ઘટના સર્જાઈ રહી છે તેમજ થોડા દિવસો પહેલા જ એક યુવકને કરંટ લાગ્યો છે, સ્થાનિકોની માગ છે કે આ હાઈટેન્શન લાઈનને અન્ડર ગ્રાઉન્ડ કરવામાં આવે. સ્થાનિક કામિની બેને જણાવ્યું હતું કે અહી હાઈટેંશન લાઈન પહેલા ઉપર હતી, પરંતુ હવે ઘણી નીચી આવી ગઈ છે, અહી બાળકો રમતા પણ ડરી રહ્યા છે, દંડો અડવાના કારણે એક બાળકનું મોત પણ થઈ ચુક્યું છે, ત્રણ ચાર દિવસ પહેલા એક વ્યક્તિને કરંટ પણ લાગ્યો છે, અમારી એક માગ છે કે આ હાઈટેશન લાઈનને અન્ડરગ્રાઉન્ડ કરવામાં આવે.

### ગુજરાતના શિક્ષકો માટે મહત્વપૂર્ણ સમાચાર

# પ્રાથમિક શાળામાં વધ-ઘટ બદલી કેમ્પની તારીખ જાહેર

। ગાંધીનગર, તા.૧ ।

ફરી એકવાર રાજ્યમાં પ્રાથમિક શિક્ષકો અને વિદ્યાસહાયકો માટે એક મોટા સમાચાર સામે આવ્યા છે. પ્રાથમિક શાળામાં વધ-ઘટ બદલી કેમ્પની તારીખ જાહેર કરાઈ છે. ૩૧-૭-૨૦૨૩ની સ્થિતિ મુજબ બદલી કેમ્પ કરવા સુચના અપાઈ છે. અત્રે જણાવી દઈએ કે, ૬ સપ્ટેમ્બરથી ૧૨ સપ્ટેમ્બર દરમિયાન બદલી કેમ્પ યોજાશે. ઉલ્લેખનીય છે કે, અગાઉ અનેક વખત અનેક જિલ્લામાંથી પ્રાથમિક શિક્ષક સંઘ દ્વારા ગુજરાત રાજ્ય પ્રાથમિક શિક્ષિણ સંઘ સમક્ષ રજૂઆત કરવામાં આવી હતી. જેને લઈ આ બાબતે રાજ્ય સંઘે પ્રાથમિક શિક્ષણ નિયામકને રજૂઆત કરી હતી. જો કે, જે સમગ્ર બાબતને લઈ શિક્ષણ નિયામકે વધ-ઘટ બદલી કેમ્પની તારીખ જાહેર કરી ૩૧-૭-૨૦૨૩ની સ્થિતિ મુજબ બદલી કેમ્પ કરવા સુચના આપી છે.

### કથીરિયાએ રાજીનામું આપી દેતા રાજકીય તર્ક વિતર્ક શરૂ

# રાજકોટ AIIMSના પ્રેસિડેન્ટ પદથી વલ્લભ કથીરિયાનું રાજીનામું

**તેમણે ક્યાં કારણોસર રાજીનામુ આપ્યું છે તે અંગે ચોક્કસ કારણ જાણવા મળ્યું નથી, રાજકોટ એમ્સ હવે નવા પ્રેસિડેન્ટ મળશે**

। રાજકોટ, તા.૧ ।

કેન્દ્ર સરકારના પૂર્વ મંત્રી અને રાજકોટના પૂર્વ સાંસદ ડૉ. વલ્લભ કથીરિયાને થોડા દિવસ અગાઉ રાજકોટ એમ્સના પ્રેસિડેન્ટ ડોક્ટર તરીકે નિમણૂક કરાઈ હતી. પરંતુ તેમણે અચાનક એમ્સના પ્રેસિડેન્ટના પદેથી રાજીનામુ આપી દેતા અનેક તર્ક વિતર્ક શરૂ થયા છે. અત્રે ઉલ્લેખનીય છે કે, થોડા દિવસ અગાઉ જ ડોક્ટર કથીરિયાને પ્રેસિડેન્ટ તરીકેની નિમણૂક થઈ હતી. ડોક્ટર કથીરિયાએ ગણતરીના દિવસોમાં જ રાજીનામું આપી દેતા અનેક રાજકીય તર્ક વિતર્ક શરૂ થયા છે. કેન્દ્રીય આરોગ્ય મંત્રાલયે ડૉ. વલ્લભ કથીરિયાનું રાજીનામું મંજૂર પણ કરી દીધું છે. જો કે, તેમણે ક્યાં કારણોસર રાજીનામુ આપ્યું છે તે અંગે ચોક્કસ કારણ જાણવા મળ્યું નથી. રાજકોટ એમ્સ હવે નવા પ્રેસિડેન્ટ મળશે. ડૉ.વલ્લભ કથીરિયાનો જન્મ ૩૦ નવેમ્બર ૧૯૫૪ના રોજ થયો હતો. તેઓ ભારતની ૧૪મી લોકસભાના સભ્ય હતા. તેઓ ગુજરાતના રાજકોટ મતવિસ્તારનું પ્રતિનિધિત્વ કરતા હતા.

# વેન્ચુરા એરલાઇન્સ દ્વારા ૨ પાયલોટ અને ૯ પેસેન્જરની સાથે ઉડ્ડયન ભરશે

। સુરત, તા.૧ ।

રાજ્યના નાગરિકો આજથી જ આ નવા વિમાનમાં મુસાફરીનો આનંદ માણી શકશે અને વધુ સુવિધાયુક્ત તથા વધુ ઝડપથી પોતાના નિર્ધારિત સ્થાને પહોંચી શકશે. આંતરરાજ્ય હવાઈ સેવા પૂરી પાડનાર સુરતની એરલાઈન્સ કંપની વેન્ચુરા એરકનેક્ટ લિ.તા ૧ જાન્યુ.૨૦૨૩ થી ૯ સીટર વિમાનો વડે સુરતથી અમદાવાદ, સુરતથી ભાવનગર, સુરતથી રાજકોટ અને સુરતથી અમરેલી તથા સાંજના સમયે વધુ એક સુરતથી અમદાવાદ ઉડશે. આ ૫ સેક્ટર પર દૈનિક ફ્લાઈટ ચલાવવામાં આવી રહી છે. રાજ્ય સરકાર દ્વારા એરલાઈન્સ કંપની વેન્ચુરા એરકનેકટ સાથે રાજ્યમાં વિવિધ શેહેરોને પરસ્પર હવાઈમાર્ગે જોડવા માટે કરાર કરવામાં આવ્યો છે. જેના ભાગરૂપે આ પ્રકારના હવાઈ માર્ગ પર હવાઈ સેવા પૂરી પાડવા માટે દુનિયામાં સૌથી સુરક્ષિત કેટેગરીમાં સામેલ એવા સેસના ગ્રાન્ડ કેરેવાન દ્વારા પૂરી પાડવામાં આવે છે. કેટલાક રાજ્યોમાં આ પ્રકારના પ્રોજેક્ટ અવિરતપણે ચાલી શકી નથી અથવા હજુ સુધી અમલમાં મુકવામાં આવ્યા નથી, ત્યારે ગુજરાત સરકારના પ્રજાલક્ષી અભિગમના કારણે અને વેન્ચુરા એરલાઈન્સની જનહિતના વિચારધારાને કારણે આપણા ગુજરાત રાજ્યમાં આ સેવા કોઈ પણ પ્રકારના અડચણ વિના વર્ષ ૨૦૧૬ થી અવિરતપણે ચાલી રહી છે.

વેન્ચુરા દ્વારા ચલાવવામાં આવી રહેલી સેવામાં મુકેલા વિમાનોમાં ૯ પેસેન્જર અને ૨ પાઈલોટ સાથે ઉડાન ભરે છે અને સેકટર પ્રમાણે સુરતથી ભાવનગર ૩૦ મિનિટમાં, સુરતથી અમરેલી ૪૫ મિનિટમાં, સુરતથી અમદાવાદ ૬૦ મિનિટમાં અને સુરતથી રાજકોટ ૬૦ મિનિટમાં સફર પૂર્ણ થાય છે. રાજ્ય સરકારના સહયોગથી શરૂ થઈ રહેલી આ ઝડપી હવાઈસેવાનો ઈમરજન્સીના સમયે વૃદ્ધ-અશક્તો માટે તો ફાયદો થાય જ છે પરંતુ તેની સાથોસાથ ઉદ્યોગો, અને પ્રવાસનને પણ મોટો લાભ થઈ રહ્યો છે જે વિશિષ્ટ નોંધનીય છે. વેન્ચુરા એરલાઈન્સ કંપનીએ ખરીદેલ નવા વિમાન ૨ પાયલોટ અને ૯ પેસેન્જરની સાથે ઉડ્ડયન ભરશે અને અગાઉ ચલાવવામાં આવી રહેલ વિમાનો કરતા વધુ ઝડપી, વધુ સુવિધાજનક અને વધુ સુરક્ષિત છે તથા નવીન હોવાથી વધુ ટેકનોલોજી ધરાવે છે જેને અન્ય મોટા વિમાનોની માફક લાઈવ ટ્રેકિંગ પણ કરી શકાય છે. આ વિમાન તાજેતરમાં જ વિદેશથી ખરીદીને ગુજરાત રાજ્યની જનતાની સેવા માટે સમર્પિત કરવામાં આવી રહ્યું છે અને જો લોકોની માંગ વધશે તો ભવિષ્યમાં હજુ નવા વિમાનનો ઉમેરો કરવામાં આવશે. સુરત એરપોર્ટ પર યોજવામાં આવેલા સમારોહમાં પ્રદેશ પ્રમુખ સી આર પાટીલ સાહેબ, ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવી અને પદ્મશ્રી સવજીભાઈ ધોળકિયાએ વિમાનને લીલી ઝંડી આપી સુરત શહેર અને ગુજરાત રાજ્યને સમર્પિત કર્યું હતું.

ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત દૈનિક સમાચાર પત્ર
ઉપાડો ફોન
9800708900
આ નંબર પર માત્ર વોટ્સએપ મેસેજ જ કરવો
આપની આસપાસ બનતી ઘટનાઓના ફોટાઓ વિડીયો મોકલી આપો
દરેક જાતના પ્રસંગ, ઉમંગ, શાળાઓ, કોલેજોથી લઈને સોસાયટીઓ સુધી અવસરથી લઈને તહેવારો સુધી બધા જ સમાચારોને આવરી લેતુ અખબાર "ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત" દૈનિક હંમેશા તૈયાર રહે છે, આપની આસપાસ બનતી રસપ્રદ ઘટનાઓની માહિતી વોટ્સએપ નંબર ઉપર અથવા ઈ-મેઈલ પર અમને લખીને મોકલો...
cnngujarat@gmail.com

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨